# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 37 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ માઘ વદ-૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 13 February 2025, Thursday ■ REGD.No. MCS/058/2024-26

ગુરુવાર, ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u





# અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ૫૦ બાંગ્લાદેશી ઝડપ્યાઃ ૧૬ ઘૂસણખોરોને દેશનિકાલ કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા મોટી કામગીરી કરવામાં આવી હતી. શહેરમાં ગેરકાયદેસર રહેતા ૫૦ બાંગ્લાદેશીઓને ઝડપવામાં આવ્યા હતા. જેમાંથી ૧૬ બાંગ્લાદેશીઓને તેમના વતન ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. આ અંગે ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા પર માહિતી આપી હતી. અમદાવાદના ચંડોળા વિસ્તારમાં વર્ષોથી ગેરકાયદે રહેતા બાંગ્લાદેશીઓને પરત પોતાના દેશ મોકલવા માટે ભારતની તમામ એજન્સીઓ કામ કરી રહી હતી. આ તમામ બાંગ્લાદેશીઓ ભારતીય પુરાવા સાથે અહીં રહેતા હતા અને એમાં પણ ખાસ કરીને મહિલાઓ સાથે શારીરિક શોષણ થતું હતું.

અમદાવાદના ચંડોળા તળાવ નજીક બાંગ્લાદેશીઓ વસાહત બનાવીને રહે છે એવી બાતમી મળતાં અમદાવાદ ક્રાઈમ બ્રાંચે ઓપરેશન હાથ ધર્યું હતું, ઓપરેશનમાં ૫૦ બાંગ્લાદેશી નાગરિકો અને બે સગીર વયનાં બાળકો સાથે કુલ ૫૨ લોકોને ડિટેઇન કરવામાં આવ્યાં હતાં. અમદાવાદમાં ગેરકાયદે વસતા બાવન બાંગ્લાદેશી પાસેથી બનાવટી આધારકાર્ડ સહિતનાં બોગસ ડૉક્યુમેન્ટ મળ્યાં હતાં. બાંગ્લાદેશી મહિલા અને સગીર કિશોરીને હ્યુમન ટ્રાફિકિંગ કરીને લાવી દેહવેપારમાં ધકેલતાં હોવાની વિગત પણ જાણવા મળી હતી. આ બાવન બાંગ્લાદેશી ગેરકાયદે રહેતા હતા. આ તમામ ભારત વિરુદ્ધ પ્રવૃત્તિ કરે છે કે કેમ એને લઈને તપાસ કરવામાં આવી હતી.

હજી પણ બાકી રહેલા લોકોને પરત બાંગ્લાદેશ મોકલવા કાર્યવાહી કરવામાં આવશે.

# ગુજરાતનું આગામી બજેટ ૧૧.૬૫ ટકાના વધારા સાથે ૩.૭૨ લાખ કરોડ થવાની સંભાવના

અમદાવાદઃ રાજ્ય સરકાર દ્વારા વિધાનસભાનું બજેટ સત્ર ૧૯મી ફેબ્રુઆરીથી શરૂ થશે અને ૨૦મીએ નાણામંત્રી કનુ દેસાઈ ગુજરાત સરકારનું વર્ષ ૨૦૨૫-૨૬નું વાર્ષિક બજેટ રજૂ કરશે. એકંદરે ચાલું નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના કુલ રૂ.૩.૨૦ લાખ કરોડના બજેટમાં લગભગ ૧૧.૬૫ ટકા જેટલો વધારો કરીને વર્ષ ૨૦૨૫-૨૬ માટે રૂા. ૩.૭૨ લાખ કરોડની આસપાસની રકમનું બજેટ રજૂ થાય તેવી સંભાવના છે.

દર વર્ષે સરકાર પોતાના બજેટમાં આગલા વર્ષની સાપેક્ષે ૧૫થી ૨૦ ટકાનો વધારો કરે છે. આગામી બજેટ સામાજિક ક્ષેત્ર તથા આર્થિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળે તે દિશામાં જોગવાઈઓ ધરાવતું રહેશે. બજેટમાં શિક્ષણ, આરોગ્ય, કૃષિ, પાણી પુરવઠા, સિંચાઈ સહિતનાં કેટલાંક મહત્ત્વનાં ક્ષેત્રને મળતી જોગવાઈઓમાં ૧૦ ટકા જેટલો વધારો થાય તેવી શક્યતા છે. વસ્તુતઃ આગામી બજેટ પણ ગયા વર્ષના અંદાજપત્રની માફક યુવાનો, મહિલાઓ, ગરીબો અને ખેડૂતોને કેન્દ્રસ્થાને રાખીને તૈયાર કરાશે.

ચાલુ નાણાકીય વર્ષના બજેટમાં મહેસૂલી આવક રૂા. ૨.૨૯ લાખ કરોડ અને મૂડી આવક રૂા. ૬૯,૭૦૯ કરોડ મળીને કુલ આવક રૂા. ૨.૯૯ લાખ કરોડનો અંદાજ મુકાયો હતો. તેની સામે મહેસૂલ ખર્ચ રૂા. ૨.૨૦ લાખ કરોડ અને મૂડી ખર્ચ રૂા. ૭૫ હજાર કરોડ મળીને કુલ રૂા. ૨.૯૫ લાખ કરોડ દર્શાવાયો હતો. બજેટને અંતિમ સ્વરૂપ આપવા માટે રવિવારે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ, નાણાપ્રધાન કનુ દેસાઈ, મુખ્ય સચિવ પંકજ જોષી અને ટોચના અધિકારીઓની બેઠક મળશે. વિવિધ વિભાગો દ્વારા રજૂ થયેલી દરખાસ્તોની સમીક્ષા કરી જરૂર લાગે તો તેમાં ફેરફાર બાદ તેનો આખરી ડ્રાફ્ટ તૈયાર થશે.

ગુજરાત સરકારની એપ્રિલથી ડિસેમ્બર-૨૦૨૪ સુધીના ૯ મહિનામાં મહેસૂલી આવક રૂા. ૧.૫૪ લાખ કરોડ થઈ છે જે અંદાજાયેલી કુલ મહેસૂલી આવકના ૬૭ ટકા જેટલી છે. જ્યારે મૂડી આવક સહિતની કુલ આવકમાં ૫૭ ટકાના ઘટાડા સાથે રૂા. ૧.૭૦ લાખ કરોડની આવક થઈ છે. બીજી બાજુ કુલ ખર્ચ રૂા. ૨.૯૫ લાખ કરોડ અંદાજવામાં આવ્યો હતો. તેની સામે ૯ મહિનામાં ૧.૬૮ લાખ કરોડ સાથે અંદાજ સામે ૫૭ ટકા ખર્ચ થયો છે. આ જોતાં ચાલુ વર્ષ માટે સરકારે મૂકેલા ખર્ચ અને આવકનાં લેખાંજોખાં જળવાયાં નથી.

# નર્સિંગ સ્ટાફની પરીક્ષામાં ગંભીર છબરડોઃ જીટીયુએ પેપર સેટર પાસે જવાબ માગ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં પેપર ફૂટવું એ રોજિંદી બાબત બની ગઈ છે. રાજ્ય સરકાર દ્વારા ૯ ફેબ્રુઆરીએ લેવામાં આવેલી નર્સિંગ ભરતીની પરીક્ષાની આન્સર કી જાહેર કરવામાં આવતાં જ વિવાદ સર્જાયો હતો. આન્સર કીમાં દરેક પ્રશ્નના જવાબ એબીસીડી ક્રમમાં આવતા હોવાના કારણે પરીક્ષાર્થીઓએ સોશિયલ મીડિયામાં સવાલો ઉઠાવતાં કોંગ્રેસે પણ આ મુદ્દે તપાસની માગ કરી હતી. બીજી તરફ જીટીયુ દ્વારા આ મામલે સ્ટાફ નર્સ પરીક્ષાનું પેપર કાઢનાર એક્સપર્ટ પાસે જવાબ માગવામાં આવ્યો હતો. જીટીયુએ દાવો કર્યો હતો કે,પરીક્ષા સમયે ક્યાંય પણ ગેરરીતિની ફરિયાદ આવી નથી. સિક્વન્સમાં એબીસીડી ક્રમમાં જવાબો અંગે તપાસ કરી રાજ્ય સરકારને રિપોર્ટ કરાશે.

સ્ટાફ નર્સની પરીક્ષામાં ૧૯૦૩ જગ્યા પર ૫૩ હજાર ઉમેદવારે પરીક્ષા આપી હતી. આરોગ્ય કમિશનર હર્ષદ પટેલે જણાવ્યું હતું કે, પરીક્ષા જીટીયુએ લીધી હતી. એટલે અમે તપાસ કરવાના આદેશ આપ્યા છે. ઉમેદવારોને અન્યાય થશે નહીં તેવી તેમણે ખાતરી આપી હતી. આન્સર કી મામલે જીટીયુના રજિસ્ટર કે. એન. ખેરે જણાવ્યું હતું કે, એક્સપર્ટ દ્વારા જે પેપર આપવામાં આવ્યું હતું તેની આન્સર કી એબીસીડીના સિક્વન્સમાં એમના દ્વારા રિપ્રેઝન્ટ કર્યું હતું. આ સંદર્ભે ચર્ચા કરવા માટે હેલ્થ કમિશનર પાસે ગયા હતા. સામાન્ય રીતે ૩ એક્સપર્ટ પાસે પેપર સેટ કરાવતાં હોય છે તેમાંથી ૧ સેટ પ્રિન્ટિંગ માટે એજન્સીને આપતાં હોય છે. પરીક્ષાની સંપૂર્ણ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ઓએમઆર શીટ સ્કેન થઈ વેબસાઈટ પર પ્રસિદ્ધ થયા બાદ આન્સર કી એજન્સીને આપતા હોય છે. એજન્સીને આન્સર કી આપ્યા બાદ આ પ્રકારની સિસ્ટમ ધ્યાનમાં આવી છે. આ ડેટાનો એનાલિસિસ કરી રહ્યા છે અને તેને આધારે જે વિગત હશે તે જણાવવામાં આવશે.

આ સમગ્ર મામલે કોંગ્રેસે પણ ઝંપલાવ્યું હતું, કોંગ્રેસ પ્રવક્તા મનીષ દોશીએ જણાવ્યું હતું કે, સરકારને પોતાના મંડળ અને વિભાગો પર વિશ્વાસ નથી એટલે આરોગ્ય ખાતા દ્વારા ૧૯૦૩ જગ્યા માટે જીટીયુને જવાબદારી સોંપી હતી. પરીક્ષાની આન્સર કીમાં એબીસીડીની પેટર્ન જોવા મળી જે પ્રથમ રીતે સંદેહ વ્યક્ત કરે છે.

આ સમગ્ર મામલે યોગ્ય અને નિષ્પક્ષ તપાસ થવી જોઈએ.

# આઈપીએસ પીયૂષ પટેલની ગુજરાત એસીબીના વડા તરીકે નિમણૂકઃ ઘણા સમયથી ખાલી પડેલી પોસ્ટ પર વરણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત એસીબીના ડિરેક્ટરની પોસ્ટ પર આઈપીએસ અધિકારી પિયૂષ પટેલની નિમણૂક કરવામાં આવી હતી. છેલ્લા ઘણા સમયથી ખાલી પડેલી ડિરેક્ટરની પોસ્ટ પર કેન્દ્રમાંથી ડેપ્યુટેશન બાદ પર પરત આવેલા આઈપીએસ અધિકારી પિયૂષ પટેલની રાજ્ય સરકારના ગૃહ વિભાગે નિમણૂક કરી હતી.

આઈપીએસ સમશેર સિંઘના કેન્દ્ર સરકારમાં થયેલા ડેપ્યુટેશનના હુકમ બાદ પોસ્ટ ખાલી હતી અને બીજી બાજુ પિયૂષ પટેલ પણ પોસ્ટિંગની રાહ જોતા હતા. સૂત્રોના જણાવ્યા મુજબ પિયૂષ પટેલને ઇન્ટેલિજન્સ બ્યુરોની પોસ્ટિંગ આપવાની ચર્ચાઓ થતી હતી, પરંતુ તેમને એસીબીમાં મૂકવામાં આવ્યા હતા.

ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું કે,૧૯૯૮ બેચના આઈપીએસ પિયૂષ પુરુષોત્તમદાસ પટેલની નિયુક્તિ એન્ટી-કરપ્શન બ્યુરો, અમદાવાદના ડિરેક્ટર તરીકે કરવામાં આવી હતી. આ નિમણૂક રાજ્યપાલના આદેશથી કરવામાં આવી હતી જેમાં નવા પદ પર તાત્કાલિક ચાર્જ સંભાળવાના આદેશ આપવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, આઈપીએસ પિયૂષ પટેલે ગુજરાતમાં વિવિધ જિલ્લાઓમાં ફરજ બજાવી ચૂકેલા પિયૂષ પટેલ ૨૦૧૩માં કેન્દ્રમાં ડેપ્યુટેશન પર ગયા હતા અને તેના બાદ ડીઆઈજી બીએસએફ તરીકે કાર્યભાર સંભાળ્યો હતો.

૨૦૧૩થી ૨૦૧૬ સુધી પિયૂષ પટેલે બીએસફમાં સેવા આપી. ૨૦૨૨માં સુરતના રેન્જ આઈજી બનતાં પહેલાં ગાંધીનગર (આર્મ્ડ યુનિટ)ના આઈજી હતા અને ૨૦૨૩માં પિયૂષ પટેલને ફરી કેન્દ્રમાં મોકલવામાં આવ્યા હતા.

ઑગસ્ટ ૨૦૨૩માં કેન્દ્ર સરકારે પિયૂષ પટેલને બીએસએફના આઈજી તરીકે નિમણૂક આપી હતી. હવે એન્ટી-કરપ્શન બ્યુરોની ટોચની પોસ્ટમાં તેમની નિમણૂકથી ઘણા સમયથી ડિરેક્ટરની ખાલી પડેલી જગ્યા ભરાઈ છે.

# ફરજ દરમિયાન મૃત્યુના કિસ્સામાં એસટી કર્મીઓને ₹ ૧૪ લાખ આપવાની જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે રાજ્યના એસ.ટી.નિગમના કર્મચારીઓના હિતમાં એક મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો હતો. રાજ્ય સરકારના અન્ય કર્મચારીઓની જેમ જ એસ.ટી.ના ૩૯-હજાર જેટલા કર્મચારીઓને ચાલુ ફરજે અવસાનના કિસ્સામાં રૂા. ૧૪ લાખ આપવાનો નિર્ણય કરાયો હતો. રાજ્યકક્ષાના મંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા પ્લૅટફૉર્મ એક્સ પર એક પોસ્ટ કરી આ માહિતી આપી હતી. રાજ્ય સરકાર દ્વારા એસટી વિભાગના કર્મચારીઓના ચાલુ ફરજે થતાં નિધનમાં ચૂકવવામાં આવતી સહાયમાં વધારો કરતાં એસટી વિભાગમાં કામ કરતા લાખો કર્મચારીઓને ફાયદો થશે.

વાહન-વ્યવહાર પ્રધાન હર્ષ સંઘવીએ લખ્યું હતું કે, રાજ્યના સંવેદનશીલ માનનીય મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ દ્વારા એસ.ટી. નિગમના કર્મચારીઓના પરિવારજનો માટે વધુ એક સંવેદનશીલ નિર્ણય લેવામાં આવેલ છે. નિગમના કર્મચારીના ચાલુ ફરજે અવસાનના કિસ્સામાં તેઓના સ્વજનોને હાલ ચૂકવાતા આર્થિક પેકેજમાં રૂા. ૮ થી ૧૦ લાખ જેટલો વધારો કરીને તેઓને રાજ્ય સરકારના કર્મચારીઓને ચૂકવતાં પેકેજ જેટલું એટલે કે રૂા. ૧૪ લાખ આપવાનો નિર્ણય લેવામાં આવેલ છે. આ બાબત ટૂંક સમયમાં વિગતવાર આદેશો જારી કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, એસટી નિગમમાં ફરજ બજાવતા કર્મચારીના ચાલુ ફરજે અવસાનના કિસ્સામાં તેઓના સ્વજનોને હાલ ચૂકવાતાં આર્થિક પેકેજમાં રૂા. ૮ થી ૧૦ લાખ જેટલો વધારો કરીને તેઓને રાજ્ય સરકારના કર્મચારીઓને ચૂકવતા પેકેજ જેટલું એટલે કે રૂા. ૧૪ લાખ આપવાનો નિર્ણય કર્યો હતો.

આ બાબત ટૂંક સમયમાં વિગતવાર આદેશો જારી કરવામાં આવશે. દરમ્યાન એસ.ટી.નાં ત્રણે માન્ય યુનિયનોની બનેલી સંકલન સમિતિના હોદ્દેદારોના જણાવ્યા મુજબ આ બાબતે સમિતિની લાંબા સમયની રજૂઆત હતી. જે સરકારે માન્ય રાખતાં યુનિયને સરકારનો આભાર માન્યો હતો.

# મહેસાણા નજીક 'અમૂલ'ના નામે શંકાસ્પદ ઘી વેચવાના કૌભાંડનો પર્દાફાશ, ૫૦૦૦ કિલો જથ્થો જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહેસાણાના કમલી ખાતે મેસર્સ રજવાડી ડેરી પ્રોડક્ટસ ખાતે દરોડા પાડી અમૂલના જેવું જ લેબલિંગ અને પેકિંગ કરી અમૃત ઘી નામે વેચાતાં શંકાસ્પદ ઘીનો પાંચ હજાર કિલો જેટલો બહુ મોટો જથ્થો સેન્ટ્રલ ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઑથોરિટી ઑફ ઇન્ડિયાની ટીમે જપ્ત કર્યો હતો. સેન્ટ્રલ ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઑથોરિટી ઑફ ઇન્ડિયાએ નેશનલ ક્રાઇમ બ્યુરો તરફથી મળેલી ફરિયાદના આધારે કાર્યવાહી કરતાં ભેળસેળિયાં તત્ત્વોમાં ફફડાડની લાગણી ફેલાઈ હતી.

સેન્ટ્રલ ફૂડ સેફ્ટી ઑફિસરોએ ઘટનાસ્થળેથી લગભગ રૂા. ૩૫ લાખની કિંમતનો શંકાસ્પદ ઘીનો બહુ મોટો જથ્થો પણ જપ્ત કરી ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ અને રૂલ્સની જોગવાઇ હેઠળ આગળની કાર્યવાહી હાથ ધરી છે. સેન્ટ્રલ ફૂડ સેફ્ટી ઑફિસરો દ્વારા મેસર્સ રજવાડી ડેરી પ્રોડક્ટસ ખાતેથી શંકાસ્પદ ઘી (અમૃત ઘી)ના વિવિધ નમૂનાઓ લઈને સેન્ટ્રલ ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઑથોરિટી ઑફ ઇન્ડિયા દ્વારા ઑથોરાઇઝ્ડ સેન્ટ્રલ લેબોરેટરીમાં આ નમૂનાઓ પરીક્ષણ અર્થે મોકલી આપ્યા હતા.

મહેસાણાના કમલી ખાતે મેસર્સ રજવાડી ડેરી પ્રોડક્ટસ ખાતે બિલકુલ અમૂલના બ્રાન્ડ જેવું જ લેબલિંગ, કલર અને પેકિંગ કરી અમૃત ઘીના નામે શંકાસ્પદ ઘીનો જથ્થો વેચાણ કરવામાં આવતો હતો અને મોટા પાયે ત્યાં ગાયનું ઘી, ભેંસનું ઘી, પ્યોર ઘી અમૃત ઘીના નામે તૈયાર કરવામાં આવે છે અને ત્યાંથી જ માર્કેટિંગ-વેચાણ થાય છે.

# ગુજરાત યુનિવર્સિટીમાં પ્રોફેસર-કર્મચારીની ૬૦ ટકાથી વધુ જગ્યા ખાલીઃ 'નેક' દ્વારા રિપોર્ટ જાહેર કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યની સૌથી મોટી ગુજરાત યુનિવર્સિટીમાં યુનિવર્સિટીમાં ટીચિંગ-નોન ટીચિંગ સ્ટાફની ૬૦ ટકાથી વધુ જગ્યાઓ ખાલી છે. નેક દ્વારા જાહેર કરાયેલા તપાસ રિપોર્ટમાં આ બાબતનો ખુલાસો કરવામાં આવ્યો હતો. ગુજરાત યુનિવર્સિટીમાં હાલ અધ્યાપકો-ટીચિંગ પોસ્ટની મંજૂર થયેલી ૨૧૦ જગ્યાઓમાંથી ૧૦૭ જગ્યા જ ભરાયેલી છે અને ૧૦૩ જગ્યાઓ ખાલી છે. આ ઉપરાંત એડમિનિસ્ટ્રેટિવ-નોન ટીચિંગ સ્ટાફની ૫૯૨ મંજૂર જગ્યાઓમાંથી ૧૮૨ જગ્યાઓ જ ભરાયેલી છે અને ૪૧૨ જગ્યાઓ ખાલી પડી છે. આમ કુલ ૮૦૪ જગ્યાઓમાંથી ૨૮૯ એટલે કે માંડ ૩૫ ટકા જેટલી જગ્યાઓ ભરાયેલી છે અને ૫૧૫ જગ્યાઓ ખાલી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ ગુજરાત યુનિવર્સિટીને નેકના ઇન્સપેક્શન બાદ એ પ્લસ ગ્રેડ આપવામાં આવ્યો હતો, પરંતુ પ્રોફેસર-કર્મચારી સહિતના ટીચિંગ-નોન ટીચિંગ સ્ટાફની ભારે અછત યુનિવર્સિટીને નેકમાં હાઇએસ્ટ ગ્રેડિંગ મેળવવામાં મોટી ખામી બની છે. આ ઉપરાંત નેકની ટીમે તપાસ રિપોર્ટમાં જણાવેલી ખામીઓમાં કેમ્પસમાં સ્ટુડન્ટ ટ્રાન્સપોર્ટેશન નથી તેમ જ સ્પોર્ટસ ફેસિલિટી વણવપરાયેલી છે અને નાણાકીય અનિશ્ચિતતાથી માંડી લેબોરેટરીનું અપગ્રેડેશન ન હોવા સહિતની કેટલીક ખામીઓ છે. જોકે નેક ટીમે યુનિવર્સિટીના વિશાળ, લેવિશ એન્ડ ગ્રીન કેમ્પસ, ડિજિટલ લાયબ્રેરી, શ્રેષ્ઠ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ક્વોલિફાઇડ-અનુભવી ટીચિંગ સ્ટાફ તથા સેક-ઇસરોથી માંડી ડીઆરડીઓ સાથેના જોડાણ સહિતની કેટલીક વિશેષતાઓની તેના તપાસ રિપોર્ટમાં પ્રશંસા કરી હતી.

નેક ટીમના તપાસ રિપોર્ટની ખામીઓ બાબતે યુનિવર્સિટીના કુલપતિએ જણાવ્યું હતું કે, હાલ સ્ટેચ્યુટમાં નિયમોની અસ્પષ્ટતાને પગલે ભરતી થઈ શકી નથી. પરંતુ સ્ટાફ ન હોવાથી યુનિવર્સિટી દ્વારા બે વર્ષના ડેપ્યુટેશન પર ટીચિંગ-નોન ટીચિંગ સ્ટાફની નિમણૂક કરાશે. આ ઉપરાંત સરકારના જેડા સાથે મળીને સોલાર પેનલ સહિતના રીન્યુએબલ એનર્જી સોર્સીસ ઊભા કરાશે તથા કેમ્પસમાં વિદ્યાર્થીઓ માટે ઈ-સાઇકલ - ઈબાઇકસ સહિતની ટ્રાન્સપોર્ટેશન ફૅસિલિટી ઊભી કરાશે તથા સ્પોર્ટસ કૉમ્પલેક્ષ સંપૂર્ણ રીતે કાર્યાન્વિત કરવા - વપરાશ માટે સરકારની મદદ લેવાશે.

# ગુજરાતમાં મિલેટ મહોત્સવ દરમિયાન બે દિવસમાં ૧.૬૨ કરોડનું વેચાણ થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં બરછટ અનાજના ઉપયોગ તથા વપરાશને પ્રોત્સાહન આપવા માટે ૮ અને ૯ ફેબ્રુઆરી દરમિયાન 'મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ-૨૦૨૫' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ ઉપરાંત ગાંધીનગર, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર અને ભાવનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આયોજિત આ કાર્યક્રમને નાગરિકોએ બહોળો પ્રતિસાદ મળ્યો હતો.

મિલેટ મહોત્સવ અંગે રસપ્રદ માહિતી આપતાં કૃષિ પ્રધાન રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાં આયોજિત બે દિવસીય મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટની આશરે ૨.૯૩ લાખથી વધુ નાગરિકોએ મુલાકાત લીધી હતી. રાજ્યભરના પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતો, ખેડૂત ઉત્પાદક સંગઠનો, કૃષિ ઉદ્યોગ સાહસિકો, નિકાસકાર તેમ જ સ્વસહાય જૂથો દ્વારા આ મહોત્સવમાં કુલ ૬૦૬ સ્ટોલ લગાવવામાં આવ્યા હતા. આ ૬૦૬ સ્ટોલ મારફત બે દિવસમાં કુલ રૂા. ૧.૬૨ કરોડનું વેચાણ કરવામાં આવ્યું છે.

તેમણે ઉમેર્યું હતું કે, આ મહોત્સવ દરમિયાન રાજ્યના હજારો સ્વાદરસિકોએ મિલેટથી બનેલી વિવિધ વાનગીઓનો આસ્વાદ માણ્યો હતો. રાજ્યના લાખો શહેરીજનોએ આ મહોત્સવમાં ભાગ લીધો હતો. અમદાવાદ ખાતે યોજાયેલા રાજ્ય કક્ષાના મિલેટ મહોત્સવમાં માત્ર બે જ દિવસમાં રૂા. ૩૮ લાખથી વધુનું વેચાણ કરવામાં આવ્યું હતું. જ્યારે, સુરતમાં રૂા. ૨૮.૨૮ લાખ, રાજકોટમાં રૂા. ૨૭ લાખ, વડોદરામાં રૂા. ૨૦.૬૦ લાખ, ભાવનગરમાં રૂા. ૧૮.૮૦ લાખ, જામનગરમાં રૂા. ૧૪.૭૫ લાખ તેમ જ ગાંધીનગરમાં રૂા. ૧૪.૫૦ લાખથી વધુનું વેચાણ કરવામાં આવ્યુ હતું.

આ ઉપરાંત ભાવનગર ખાતે યોજાયેલા મિલેટ મહોત્સવની બે દિવસમાં સૌથી વધુ ૮૧,૩૦૦ નાગરિકોએ મુલાકાત લીધી હતી. ત્યાર બાદ સુરતમાં ૫૮,૨૦૦ નાગરિકોએ, અમદાવાદમાં ૪૫,૫૦૦ નાગરિકોએ, વડોદરામાં ૩૯,૦૦૦ નાગરીકોએ, રાજકોટમાં ૨૫,૭૦૦ નાગરિકોએ, જામનગરમાં ૨૬,૨૦૦ નાગરિકોએ તેમ જ ગાંધીનગરમાં ૨૧,૮૦૦ નાગરિકોએ મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટની મુલાકાત લીધી હતી.

# ગુજરાતની મહિલાઓને સ્વાવલંબન યોજના હેઠળ ૩૦૭ જેટલા વ્યવસાયો શરૂ કરવા બે લાખ સુધીની લૉન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં મહિલાઓને આર્થિક રીતે પગભર બનાવવા સરકાર હંમેશા પ્રયત્નશીલ છે. મહિલાઓને આર્થિક રીતે સ્વાવલંબી બનાવવાના ઉદ્દેશ સાથે ગુજરાત સરકાર દ્વારા મહિલા સ્વાવલંબન યોજના અમલી બનાવાઈ છે. આ યોજના હેઠળ રાજ્યની મહિલાઓને વ્યવસાય શરૂ કરવા માટે સરકાર દ્વારા બે લાખ સુધીની બૅન્ક લોન આપવામાં આવે છે.

મહિલા અને બાળ વિકાસ વિભાગની 'મહિલા સ્વાવલંબન યોજના' નારીશક્તિને તેમના કૌશલ્યના આધારે સ્વરોજગારી આપવાનું એક સરાહનીય પગલું છે. આ યોજના અંતર્ગત પોતાનો વ્યવસાય શરૂ કરવા માગતી મહિલાઓને બ્યૂટી પાર્લર, દરજીકામ, અગરબત્તી તમામ પ્રકારના મસાલા, ભરતગૂંથણ, મોતીકામ, દૂધની બનાવટ સહિત ૩૦૭ જેટલા વ્યવસાયો માટે બે-બે લાખ સુધીની લોન આપવામાં આવે છે.

રાજ્યની ૧૮થી ૬૫ વર્ષની ઉંમરની કોઈ પણ મહિલા આ યોજનાનો લાભ મેળવી શકે છે. આ યોજનામાં સબસિડીનું ધોરણ કેટેગરી મુજબ નક્કી કરવામાં આવે છે. જેમાં જનરલ કેટેગરીની મહિલા માટે પ્રોજેક્ટ કોસ્ટના ૩૦% અથવા મહત્તમ રૂા. ૬૦,૦૦૦ અનુસૂચિત જાતિ અને જનજાતિની મહિલાઓ માટે ૩૦ ટકા અથવા રૂા. ૫૦,૦૦૦ તેમ જ વિધવા મહિલા તથા ૪૦ ટકાથી વધુ દિવ્યાંગતા ધરાવતી મહિલાઓને ૪૦ ટકા અથવા રૂા. ૮૦,૦૦૦ બંનેમાંથી જે ઓછું હોય તેટલી સબસિડી મળવાપાત્ર છે.

આ યોજના હેઠળ શહેરી વિસ્તારમાં જેમના કુટુંબની વાર્ષિક આવક રૂા. ૧,૫૦,૦૦૦ અને ગ્રામ્ય વિસ્તારમાં રૂા. ૧,૨૦,૦૦૦ સુધીની હોય તેવી કોઈ પણ મહિલા અરજી કરી શકે છે.

# ગુજરાતમાં ગેરકાયદે ધાર્મિક સ્થાનો દૂર કરવા જિલ્લા અને પાલિકા સ્તરે કમિટીઓની રચના કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં જાહેર રસ્તા સહિતનાં સ્થળો પર અડચણરૂપ ધાર્મિક સ્થાનો હટાવવા મુદ્દે સુપ્રીમ કોર્ટના આદેશ પ્રમાણે અમલ કરવા થયેલી સુઓમોટો અરજીમાં રાજ્ય સરકાર તરફથી રજૂઆત કરાઈ હતી કે, ગેરકાયદે ધાર્મિક સ્થાનો દૂર કરવા મામલે સુપ્રીમ કોર્ટના નિર્દેશના ઝડપી અમલીકરણના ભાગરૂપે જિલ્લા અને પાલિકા અને પંચાયતના સ્તરે કમિટીઓની રચના કરીને ૪૫૮ જેટલાં ધાર્મિક દબાણોને નોટિસ અપાઈ છે તો ૨૬૦૭ કિસ્સામાં સ્થાનિક અખબારોમાં નોટિસ જારી કરાઈ છે.

એડવોકેટ જનરલે કોર્ટમાં એક અહેવાલ રજૂ કરી જણાવ્યું હતું કે, ૨૧ નવેમ્બર ૨૦૨૪થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં ગુજરાતમાં કુલ ૧૫૬ જેટલાં ગેરકાયદે ધાર્મિક સ્થાનો દૂર કરાયાં છે. આ સુનાવણીમાં હાઈ કોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગરવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે જરૂર પડે તો આ પ્રકારના કેસોમાં લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ બાવન દબાણ કરનારાઓ સામે કાર્યવાહી કરવા તાકીદ કરી હતી. રાજ્ય સરકારે ગત ત્રણ ડિસેમ્બરે યોજાયેલી સુનાવણીમાં કોર્ટને જણાવ્યું હતું કે, ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૪થી ૨૦ નવેમ્બર ૨૦૨૪ સુધીના બે મહિનામાં ૨૬૧ ગેરકાયદે ધાર્મિક દબાણો દૂર કરવામાં આવ્યાં હતાં. જ્યારે ૫૬ને રિલોકેટ કરીને ૨૫ ધાર્મિક દબાણને નિયમિત કરાયાં હતાં. મોટાભાગનાં દબાણો જાહેર સ્થળો, માર્ગ અને બગીચાઓની જગ્યાએથી દૂર કરાયાં છે.

હાઈકોર્ટે ગૃહ વિભાગના સચિવને સોગંદનામું કરવા અને આ મામલે પ્રગતિ અહેવાલ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આદેશ કર્યો હતો. કોર્ટે આ કામગીરી બદલ પૂરતો પોલીસ બંદોબસ્ત આપવા પણ નિર્દેષ કર્યો હતો. હાઈ કોર્ટે ધાર્મિક સ્થાનોની સમીક્ષા અને તેને દૂર કરવા મુદ્દે જિલ્લા સ્તરે રચાયેલી કમિટીઓ દ્વારા છેલ્લા ત્રણ મહિના દરમ્યાન હાથ ધરાયેલી કામગીરીનો રિપોર્ટ પણ સરકાર પાસેથી માગ્યો હતો.

# વિવાદ વધતાં કૉમેડિયન સમય રૈનાના ગુજરાતના તમામ શો રદ કરી દેવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ યુટ્યૂબ શો પર કોમેડીના નામે અશ્લીલતા પીરસવાના વિવાદમાં ઘેરાયેલા સ્ટેન્ડઅપ કૉમેડિયન સમય રૈનાના ગુજરાતમાં યોજાનારા શો હાઉસફૂલ થઈ ગયા હતા. શોની ટિકિટો સોલ્ડ આઉટ થઈ ગઈ હતી. અમદાવાદ, સુરત અને વડોદરામાં 'સમય રૈના અનફિલ્ટર્ડ' નામના આ શોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તમામ શો રદ કરી દેવાયા હતા. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગુજરાતમાં અમદાવાદ, સુરત અને વડોદરામાં સમય રૈના અનફિલ્ટર્ડ નામના શોનું આયોજન કરાયું હતું. કોમેડી શોમાં અશ્લીલતા મામલે એફઆઈઆર થઈ હોવા છતાં ટિકિટોનું વેચાણ થયું હતું. આ શોના આયોજકોએ મીડિયાને જણાવ્યું હતું કે વિવાદ વધવાના કારણે શોનું આયોજન નહીં કરીએ. ગુજરાતમાં આયોજિત થનારો સમય રૈના અનફિલ્ટર્ડ નામનો શો માત્ર ૧૮ વર્ષથી ઉપરની વયના લોકો માટે જ હતો. આ શો માટે ઓનલાઈન ટિકિટ બુકિંગ પણ શરૂ થયું હતું. જેમાં એક ટિકિટનો ભાવ ૯૯૯ રાખવામાં આવ્યો હતો. રાજ્યના અમદાવાદ, સુરત અને વડોદરામાં આ શોની તમામ ટિકિટો સોલ્ડ આઉટ થઈ હતી.

# ગુજરાતમાં એક વર્ષમાં ૨.૭૦ લાખ સોલાર રૂફટોપ ઈન્સ્ટોલ થયાંઃ ૩૪૦૦ મૅગાવૉટ સૌરઊર્જાનું ઉત્પાદન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશમાં પીએમ સૂર્યઘર યોજના હેઠળ વીજ ઉત્પાદન માટે સોલાર રૂફટોફ માટે પ્રોત્સાહન આપવામાં આવે છે. આ યોજના થકી ગુજરાતે એક વર્ષમાં ૧ હજાર મેગાવોટ વિજ ઉત્પાદન કરવાની ક્ષમતા સાથે સૌથી વધુ સોલાર રૂફટોપ લગાવવાની સિદ્ધિ હાંસલ કરી છે. ગુજરાતમાં ૨.૭૦ લાખ ઘરોમાં સોલાર રૂફટોપ લગાવવામાં આવ્યાં છે અને કુલ આંકડો ૮.૭૩ લાખ પર પહોંચ્યો છે.

આ અંગે ગુજરાત ઊર્જા વિકાસ નિગમના મૅનેજિંગ ડાયરેક્ટર જયપ્રકાશ શિવહરેએ કહ્યું કે રાજ્યનાં મકાનો પર લગાવેલાં સોલાર રૂફટોફથી સૌર ઊર્જા ઉત્પાદન ૩૪૦૦ મેગાવોટ પર પહોંચી ગયુ છે. અમદાવાદ, સુરત, વડોદરા તથા રાજકોટ જેવાં ચારેય મહાનગરોમાં ૧-૧ લાખથી વધુ મકાનોમાં સોલાર રૂફટોપ લાગી ગયાં છે. રાજ્યના તમામે તમામ જિલ્લાઓમાં વધતા-ઓછા પ્રમાણમાં સોલાર રૂફટોપ છે. છેલ્લા એક જ વર્ષમાં ગુજરાતમાં ૨.૭૦ લાખ ઘરોમાં પરિવારોએ સોલાર રૂફટોપ ઈન્સ્ટોલ કરાવ્યાં છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, સોલાર રૂફટોપ વિક્રેતાઓને સબસિડીનું પેમેન્ટ ઝડપથી અને સમયસર થઈ શકે તે માટે સરકારે રોલિંગ ફંડ મિકેનિઝમ અપનાવ્યું છે. તેના થકી ગુજરાત સૌથી વધુ સોલાર રૂફટોપ ઈન્સ્ટોલ કરવાની સિદ્ધિ મેળવી શક્યું છે. કેન્દ્ર સરકારે ગત વર્ષના ફેબ્રુઆરીમાં પીએમ સૂર્યઘર યોજનાની પહેલ કરી હતી અને સબસિડી વધારીને ૭૮૦૦૦ કરી દેવામાં આવતાં સોલાર રૂફટોપને વેગ મળ્યો હતો.

દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 37 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માઘ વદ-૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 13 February 2025, Thursday ■ REGD.No. MCS/058/2024-26
ગુરુવાર, ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


## રાજકીય પક્ષો દ્વારા કરવામાં આવતા ફ્રીના વાયદા પર સર્વોચ્ચ અદાલતે નારાજગી દર્શાવી






નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે બુધવારે એક કેસની સુનાવણી દરમિયાન રાજકીય પાર્ટીઓ દ્વારા કરવામાં આવતા ફ્રીના વાયદા પર નારાજગી વ્યક્ત કરી હતી. કોર્ટે કહ્યું, જો લોકોને રાશન અને પૈસા મફતમાં મળતા રહેશે તો તેમની કામ કરવાની ઈચ્છા નહીં થાય. ન્યાયાધીશ બીઆર ગવઈ અને ન્યાયાધીશ ઑગસ્ટીન જોર્જ મસીહની પીઠે એક અરજી પર સુનાવણી દરમિયાન આમ કહ્યું હતું.

ચૂંટણી સમયે જીતવા માટે રાજકીય પક્ષો ફ્રી ના વાયદા કરતા હોય છે. જે ચૂંટણી જીતવામાં ઘણી વખત મહત્ત્વનું પરિબળ બનતું હોય છે. રાજકીય પક્ષોના આવા વાયદાને લઇ કોર્ટે ઉપર મુજબની ટિપ્પણી કરી હતી.

અરજીમાં બેઘર લોકોને શહેરી વિસ્તારમાં આશ્રય સ્થળ પણ ઉપલબ્ધ કરાવવાની માગ કરી હતી. સુનાવણી દરમિયાન પીઠે કહ્યું, ફ્રી યોજનાઓના કારણે લોકો કામ કરવા નથી માગતા. તેમને ફ્રી રાશન મળી રહ્યું છે અને કોઈપણ કામ વગર પૈસા પણ મળી રહ્યા છે.

અરજીકર્તાના વકીલ પ્રશાંત ભૂષણે પીઠને જણાવ્યું, સરકારે શહેરી વિસ્તારોમાં આશ્રય સ્થળની યોજનાઓમાં છેલ્લાં થોડાં વર્ષોથી ફંડ આપવાનું બંધ કરી દીધું છે. જેના કારણે આ વખતે શિયાળામાં ૭૫૦થી વધારે બેઘર લોકો ઠંડીથી મૃત્યુ પામ્યા હતા.

અરજીકર્તાએ કહ્યું કે, ગરીબ લોકો સરકારની પ્રાથમિકતામાં નથી અને માત્ર ધનવાનોની જ ચિંતા છે. આ ટિપ્પણી પર સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી અને કહ્યું કોર્ટમાં રાજકીય નિવેદનબાજીને મંજૂરી આપી ન શકીએ.

ન્યાયાધીશ ગવઈએ કહ્યું, આ કહેવું દુઃખની વાત છે, પરંતુ શું બેઘર લોકોને સમાજના મુખ્ય પ્રવાહમાં સામેલ ન કરવા જોઈએ, જેથી તેઓ પણ દેશના વિકાસમાં યોગદાન આપી શકે. શું આપણે પરોપજીવીઓનો એક વર્ગ આ રીતે તૈયાર નથી કરી રહ્યા? મફત યોજનાઓના કારણે લોકો કામ કરવા માગતા નથી. તેમને કામ વગર મફત રાશન મળી રહ્યું છે. ■

## મોસ્ટ વૉન્ટેડ આરોપીઓને અમેરિકાથી ભારત લાવવામાં આવશે!

### વડા પ્રધાન મોદીની ટ્રમ્પ સાથેની મુલાકાત દરમ્યાન ભાગેડુઓની યાદી સોંપાવાની શક્યતા

નવી દિલ્હીઃ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી પેરિસ બાદ યુનાઈટેડ સ્ટેટ્સની મુલાકાતે જવાના છે. તેમની આ મુલાકાત અનેક કારણોસર ખાસ રહેવાની છે. ડોનલ્ડ ટ્રમ્પ બીજીવાર અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા બાદ વડા પ્રધાન મોદી પહેલીવાર તેમને રૂબરૂ મળશે.

બંને નેતાઓ વચ્ચે મહત્ત્વના મુદ્દાઓ અંગે ચર્ચાઓ થશે, આ દરમિયાન ભારતને મોટો ફાયદો થઇ શકે છે. અહેવાલ મુજબ ભારત અમેરિકાને એક યાદી સોંપી શકે છે, જેમાં અમેરિકામાં છુપાયેલા ભાગેડુ આરોપીઓના નામ હશે.

જોકે આવી કોઈ યાદી અંગે સત્તાવાર માહિતી આપવામાં આવી નથી. એક ન્યૂઝ ચેનલે આપેલા અહેવાલમાં સૂત્રોને ટાંકીને કહેવામાં આવ્યું છે કે ભારતની કેટલીક સિક્યોરિટી એજન્સીઓએ મળીને આ યાદી તૈયાર કરી છે. આ યાદીમાં ગેંગસ્ટર ગોલ્ડી બ્રાર અને અનમોલ બિશ્નોઈના નામ સામેલ હોઈ શકે છે. અનમોલ ભારતમાં જેલમાં બંધ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈનો ભાઈ છે. યાદીમાં કયા ગુનેગારોના નામ સામેલ કરવામાં આવશે તે અંગે સરકાર તરફથી સત્તાવાર રીતે માહિતી આપવામાં આવી નથી.

અહેવાલમાં કેન્દ્રીય ગૃહ મંત્રાલયનાં સૂત્રોને ટાંકીને જણાવવામાં આવ્યું છે કે કેન્દ્રીય એજન્સીઓ પાસે પહેલાથી જ વિદેશ ભાગી ગયેલા ગુનેગારોની યાદી છે. ગયા અઠવાડિયે, એજન્સીઓને અમેરિકામાં છુપાયેલા ગુનેગારોની એક યાદી બનાવવાનું કામ સોંપવામાં આવ્યું હતું.

એનસીપી નેતા બાબા સિદ્દીકીની મુંબઈમાં થયેલી હત્યાના કેસમાં પણ અનમોલનો હાથ હોવાની શંકા છે. પંજાબી ગાયક સિદ્ધુ મૂસેવાલાની હત્યાકેસની તપાસ દરમિયાન ગોલ્ડી બ્રારની સંડોવણીની જાણ થઇ હતી. ■

## આજે સંસદમાં રજૂ થઇ શકે છે નવું આવકવેરા બિલ

નવી દિલ્હીઃ આજે લોકસભામાં નવું આવકવેરા બિલ રજૂ થવાની સંભાવના છે. આ નવા બિલમાં ૫૩૬ કલમો અને ૨૩ પ્રકરણોમાં તૈયાર કરાયું છે. બિલને સુવ્યવસ્થિત અને સરળ આવકવેરા બિલ, ૨૦૨૫ ૬૨૨ પાનાનું છે. એકવાર અમલમાં આવ્યા પછી આ બિલ છ દાયકા જૂના આવકવેરા કાયદા, ૧૯૬૧નું સ્થાન લેશે, જે સમય જતાં અને વિવિધ સુધારાઓ પછી જટિલ બન્યું છે.

પ્રસ્તાવિત નવા કાયદામાં આવકવેરા અધિનિયમ, ૧૯૬૧માં ઉલ્લેખિત 'પાછલું વર્ષ' શબ્દ 'કર વર્ષ' દ્વારા બદલવામાં આવ્યો છે. ઉપરાંત આકારણી વર્ષની અવધારણા પર સમાપ્ત કરી દેવામાં આવી છે. વર્તમાનમાં

છેલ્લા વર્ષ (૨૦૨૩-૨૪)માં કમાયેલી આવક માટે આકારણી વર્ષ (૨૦૨૪-૨૫)માં કર ચૂકવવામાં આવે છે. આ નવા બિલમાં છેલ્લા વર્ષ અને આકારણી વર્ષની અવધારણાને હટાવી દેવામાં આવી છે તથા સરળ બિલ હેઠળ ફક્ત કર વર્ષ રજૂ કરવામાં આવ્યું (જુઓ પાનું ૨) ▶▶

## વિવિધ વૈશ્વિક મુદ્દે એકમેકને સહકાર આપવા ભારત-ફ્રાન્સની સહમતી

પૅરિસઃ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના પ્રમુખ ઍમ્માન્યૂઅલ મૅક્રોન બુધવારે મળ્યા હતા અને બંને દેશ વચ્ચે વેપાર તેમ જ રોકાણ ક્ષેત્ર સંબંધ વધુ મજબૂત કરવાની અને ઈન્ડો-પેસિફિકમાં સઘન ભાગીદારી માટે સહમતી દર્શાવી હતી.

બે વચ્ચેની વ્યાપક મંત્રણા બાદ વૈશ્વિક એઆઈ સેક્ટર જનહિતમાં સામાજિક, આર્થિક, પર્યાવરણ સંબંધિત બાબતોમાં સારાં અને લાભદાયી પરિણામ આપે તેની ખાતરી કરવા નક્કર પગલાં લેવા પર તેમણે ભાર મૂક્યો હતો.

બેઠક બાદ બહાર પાડવામાં આવેલા સંયુક્ત નિવેદનમાં જણાવ્યાનુસાર બેઠકમાં દ્વિપક્ષી સંબંધો, ચાવીરૂપ વૈશ્વિક અને પ્રાદેશિક મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા હતા.

સંયુક્ત રાષ્ટ્રસંઘની સુરક્ષા સમિતિમાં તાકીદે ફેરફાર કરવાની જરૂર (જુઓ પાનું ૨) ▶▶

## ભારતની ઈંગ્લૅન્ડ સામે ૩-૦થી ક્લીન સ્વીપ, ગિલની ઐતિહાસિક સેન્ચુરી

### કોહલી ફરી ફૉર્મમાં આવ્યો અને શ્રેયસ પણ પાછો ઝળક્યોઃ તમામ છ ભારતીય બોલરને વિકેટ મળી

અમદાવાદઃ વન-ડે રૅન્કિંગના વર્લ્ડ નંબર-વન ભારતે ગઈ કાલે અહીં ક્રિકેટ જગતના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં સાતમા ક્રમના ઇંગ્લૅન્ડને ત્રીજી અને છેલ્લી વન-ડેમાં ૧૪૨ રનથી કચડીને એની સામે ૩-૦થી ક્લીન સ્વીપ કરી હતી અને શાનથી ટ્રોફી જીતી લીધી હતી. ૧૯મી ફેબ્રુઆરીએ શરૂ થનારી વન-ડેની જ ચૅમ્પિયન્સ ટ્રોફી પહેલાં ટીમ ઇન્ડિયાએ બહુ જ સારી મૅચ-પ્રૅક્ટિસ કરી લીધી છે અને એ આગામી સ્પર્ધાના પોતાના ગ્રૂપના દેશો પાકિસ્તાન, ન્યૂ ઝીલૅન્ડ તથા બાંગ્લાદેશને પોતાની તાકાત વિશે ચેતવી દીધા હતા. ભારતે આપેલા ૩૫૭ રનના તોતિંગ લક્ષ્યાંક સામે જૉસ બટલરની ટીમ ૩૪.૨ ઓવરમાં ૨૧૪ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી. ટૉમ બૅન્ટન (૩૮ રન) અને ગસ ઍટકિન્સન (૩૮ રન)ના વ્યક્તિગત સ્કોર્સ ટીમમાં હાઈએસ્ટ હતા.

શુભમન ગિલ (૧૧૨ રન, ૧૦૨ બૉલ, ૩ સિક્સર, ૧૪ ફોર) ભારતની ગઈ કાલની શાનદાર જીતનો સુપર હીરો હતો. તેણે ભારતને વિજય અપાવવાની સાથે અનોખો ભારતીય વિક્રમ પણ નોંધાવ્યો હતો. એક જ મેદાન (નરેન્દ્ર મોદી સ્ટેડિયમ) પર ત્રણેય ફૉર્મેટમાં સેન્ચુરી ફટકારનાર તે ભારતનો પ્રથમ અને વિશ્વનો પાંચમો ખેલાડી બન્યો છે. આ અપ્રતિમ સિદ્ધિ અહીંના ઐતિહાસિક સ્ટેડિયમમાં નોંધાવનાર તે વિશ્વનો પ્રથમ ખેલાડી પણ બન્યો છે.

ભારતના તમામ છ બોલરને વિકેટ મળી હતીઃ અર્શદીપ સિંહ (૫-૦-૩૩-૨), હર્ષિત રાણા (જુઓ પાનું ૨) ▶▶


## કેરળની સરકારી નર્સિંગ કૉલેજમાં જુનિયરનું રેગિંગ કરવા બદલ પાંચ સિનિયર વિદ્યાર્થીઓની ધરપકડ

કોટ્ટાયમઃ સરકારી નર્સિંગ કોલેજના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓનું રેગિંગ કરવાના આરોપસર નર્સિંગના ત્રીજા વર્ષના પાંચ વિદ્યાર્થીઓની ધરપકડ કરવામાં આવી છે. આ જાણકારી પોલીસે બુધવારે આપી હતી.

આ મામલે પ્રથમ વર્ષના ત્રણ વિદ્યાર્થીઓ દ્વારા ફરિયાદ નોંધાવ્યા બાદ પોલીસે કેસ દાખલ કર્યો હતો. જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે સંસ્થામાં લગભગ ત્રણ મહિનાથી રેગિંગ ચાલી રહ્યું હતું. ફરિયાદ મુજબ રેગિંગની શરૂઆત ગત નવેમ્બરથી થઇ હતી. વિદ્યાર્થીઓએ આરોપ લગાવ્યો હતો કે તેમને નગ્ન ઊભા રહેવાની ફરજ પાડવામાં આવી હતી અને વજન ઉપાડવા માટે બનાવાયેલા ડમ્બેલ્સનો ઉપયોગ કરીને તેમની સાથે ક્રૂર કૃત્ય આચરવામાં આવ્યું હતું.

તેમ જ કંપાસ અને તેના જેવી વસ્તુઓ વડે ઇજા પહોંચાડવી અને ઘા પર લોશન લગાવવા સહિતના આરોપો લગાવવામાં આવ્યા છે. તેમ જ તેમના ચહેરા, માથા અને મોં પર ક્રીમ લગાવવા માટે મજબૂર કરવામાં આવતા હોવાનું જણાવાયું છે. ફરિયાદમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે સિનિયર વિદ્યાર્થીઓ રવિવારે દારૂ ખરીદવા માટે જુનિયર વિદ્યાર્થીઓ પાસેથી નિયમિતપણે પૈસા પડાવતા હતા અને ઘણી વાર તેમની સાથે મારપીટ કરતા હતા. આ ત્રાસ વધુ સહન ન થતા આખરે ત્રણ વિદ્યાર્થીઓએ કોટ્ટાયમ ગાંધીનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ■

## મહાકુંભઃ માઘી પૂર્ણિમાને દિવસે સંગમ ખાતે બે કરોડથી વધુ લોકોએ પવિત્ર સ્નાન કર્યું





**પવિત્ર સ્નાનઃ** ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ દરમિયાન બુધવારે માઘી પૂર્ણિમાને દિવસે સંગમ ખાતે લાખો શ્રદ્ધાળુઓ પવિત્ર સ્નાન કરવા એકત્ર થયા હતા તે સમયની હવાઈ તસવીર. (ઈનસેટમાં) તે સમયે હેલિકૉપ્ટરમાંથી તેમનાં પર પુષ્પવૃષ્ટિ કરવામાં આવી હતી. (એજન્સી)

પ્રયાગરાજઃ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ દરમિયાન બુધવારે માઘી પૂર્ણિમાને દિવસે સાંજે છ વાગ્યા સુધીમાં બે કરોડ કરતાં પણ વધુ લોકોએ પવિત્ર સ્નાન કર્યું હતું, એમ ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

માઘી પૂર્ણિમા નિમિત્તે યોગી આદિત્યનાથે તમામ શ્રદ્ધાળુઓ, સાધુસંતો, ધાર્મિક નેતાઓ, કલ્પવાસીઓને અભિનંદન આપ્યા હતા અને કહ્યું હતું કે ઈશ્વર તમામ લોકોનાં જીવન ખુશી, સમૃદ્ધિથી ભરી દે અને મા ગંગા, યમુના, સરસ્વતી તમામ લોકોની ઈચ્છા પૂરી કરે. બુધવારે વહેલી સવારથી જ પવિત્ર સ્નાન શરૂ થઈ ગયું હતું અને મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ વહેલી સવારના ચાર વાગ્યાથી લખનઊસ્થિત વૉરરૂમમાંથી તેના પર દેખરેખ રાખી રહ્યા હતા. ડીજીપી પ્રશાંતકુમાર, મુખ્ય ગૃહ સચિવ સંજય પ્રસાદ તેમ જ મુખ્ય પ્રધાનના સચિવાલયના અન્ય અધિકારીઓ પણ વૉરરૂમમાં હાજર રહ્યા હતા.

માઘી પૂર્ણિમાના સ્નાન સાથે જ એક મહિના લાંબા (જુઓ પાનું ૨) ▶▶






## અયોધ્યા રામમંદિરના મુખ્ય પૂજારીનું નિધન



લખનઊઃ અયોધ્યામાં રામ જન્મભૂમિ મંદિરના મુખ્ય પૂજારી મહંત સત્યેન્દ્ર દાસનું અહીંની એક હોસ્પિટલમાં નિધન થયું હતું. આ મહિનાની શરૂઆતમાં બ્રેઇન સ્ટ્રોક આવ્યા બાદ ૮૫ વર્ષીય મહંતને સંજય ગાંધી પોસ્ટગ્રેજ્યુએટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ(એસજીપીજીઆઇ)માં દાખલ કરવામાં આવ્યા હતા.

હોસ્પિટલના જણાવ્યા અનુસાર અયોધ્યા રામ મંદિરના મુખ્ય પૂજારી સત્યેન્દ્ર દાસજીએ આજે અંતિમ શ્વાસ લીધા હતા. તેઓને ત્રીજી ફેબ્રુઆરીના રોજ સ્ટ્રોક આવ્યા બાદ ગંભીર હાલતમાં ન્યુરોલોજી વોર્ડના એચડીયુ(હાઇ ડિપેન્ડન્સી યુનિટ)માં દાખલ કરવામાં આવ્યા હતા. તેમણે ૨૦ વર્ષની ઉંમરથી મંદિરના મુખ્ય પૂજારી તરીકે સેવા આપી હતી. છ ડિસેમ્બર, ૧૯૯૨ના રોજ બાબરી મસ્જિદના ધ્વંસ વખતે પણ તેઓ પૂજારી હતા.

નિર્વાણી અખાડા સાથે ઘરોબો ધરાવતા દાસ અયોધ્યાના સૌથી સન્માનીય સંતોમાંના એક હતા. તેમજ અયોધ્યા અને રામ મંદિરના ઘટનાક્રમ વિશે જાણકારી મેળવવા માગતા દેશભરના ઘણા મીડિયાકર્મીઓ માટે જાણીતા વ્યક્તિ હતા. જ્યારે બાબરી મસ્જિદ તોડી પાડવામાં આવી ત્યારે તેમને મુખ્ય પૂજારી તરીકેના કાર્યકાળને માંડ નવ મહિના થયા હતા. ■

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# નિર્મલા દેશની પ્રજાને શું માને છે...??

ભારતીય ચલણ એવો રૂપિયો અમેરિકાના ડૉલર સામે ગગડી ગગડીને ૮૭ રૂપિયાના સાવ નીચલા સ્તરે પહોંચી ગયો છતાં કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર સફાઈમાંથી હાથ બહાર કાઢતી નથી. કેન્દ્રીય નાણાપ્રધાન નિર્મલા સીતારામને લોકસભામાં રૂપિયાના ગગડવા મુદ્દે કરેલી વાહિયાત ચોખવટ તેનો તાજો પુરાવો છે.

છેલ્લાં દોઢ વર્ષથી રૂપિયો ગગડી રહ્યો છે ને વારંવાર આ મુદ્દો ઊઠે છે. દરેક વાર કેન્દ્રીય નાણાપ્રધાન નિર્મલા સીતારામન એક જ સફાઈ ઠોકે છે કે, રૂપિયો નબળો નથી થયો પણ અમેરિકાનો ડૉલર મજબૂત થઈ રહ્યો છે. નિર્મલા એવો દાવો પણ કરે છે કે, રૂપિયાનો દેખાવ અન્ય કરન્સી કરતાં ઘણો સારો છે. લોકસભામાં રૂપિયાના ગગડવા મુદ્દે તેમણે એ જ વાત કરીને દાવો કર્યો કે, ભારતીય રૂપિયો નબળો પડ્યો નથી પણ અમેરિકાનો ડૉલર મજબૂત થયો છે, બાકી દુનિયામાં બીજાં ચલણ સામે રૂપિયો એટલો ઘસાયો નથી. સ્થિર રહ્યો છે. નિર્મલાએ એવી સફાઈ પણ મારી છે કે, અમેરિકાના ડૉલર સામે એકલો રૂપિયો નથી તૂટ્યો પણ બીજાં ચલણ પણ તૂટ્યાં છે.

નિર્મલાની વાત સાંભળી ખરેખર આઘાત લાગે છે. અમેરિકાનો ડૉલર મજબૂત થયો છે પણ ભારતીય રૂપિયો નબળો નથી પડ્યો તેનો મતલબ શો ? ભારતે આંતરરાષ્ટ્રીય બજારમાં મોટા ભાગની ચીજ ખરીદવા જાઓ ત્યારે ચુકવણી અમેરિકન ડૉલરમાં કરવી પડે છે. આપણે ચીન પાસેથી કોઈ ચીજ લઈએ, યુકે પાસેથી લઈએ કે યુરોપિયન યુનિયનના દેશ પાસેથી લઈએ, ચુકવણીમાં તો તમારે ડૉલરમાં જ કરવાની છે. આ આંતરરાષ્ટ્રીય સ્તરે ગોઠવાયેલી સિસ્ટમ છે. ચીનને અમેરિકા સાથે ના ફાવતું હોય તો પણ ચીનથી થતી નિકાસ માટે ચીન તેના યુઆનમાં પેમેન્ટ નથી લેવાનું પણ ડૉલરમાં જ પેમેન્ટ લેવાનું છે.

આ સંજોગોમાં ભારતે એક ડૉલર ખરીદવા માટે પહેલાં કરતાં વધારે ચુકવણી કરવી પડે ને તેને રૂપિયો નબળો ના પડ્યો તો શું કહેવાય ? બીજાં ચલણના ભાવ ગગડ્યા હોય ને રૂપિયામાં અમેરિકાના ડૉલર સામે નજીવો ફેરફાર થયો હોય તો રૂપિયો મજબૂત છે એવું કહી શકાય પણ અત્યારે તો રૂપિયામાં જ સૌથી વધારે રમખાણ છે. રોજ બજાર ખૂલે છે ને રૂપિયો તૂટ્યો હોવાના મોંકાણના સમાચાર આવે છે છતાં નિર્મલા રૂપિયો નબળો પડ્યો નથી પણ ડૉલર મજબૂત થયો છે એવી વાતો કર્યા કરે છે તેનો અર્થ એ થાય કે, કાં નિર્મલા પોતે મૂરખ છે કાં આ દેશનાં લોકોને પોતે ગળાવશે એ ગોળી લોકો કશું બોલ્યા વિના ગળી જશે એવું માને છે.

વધારે આઘાતની વાત એ છે કે, નિર્મલા એવી સફાઈ પણ ઠોક્યા કરે છે કે, ડૉલર સામે રૂપિયો ઘસાયો છતાં મોંઘવારી કાબૂમાં છે. નિર્મલાના કહેવા પ્રમાણે, મોંઘવારી છ ટકાથી વધારે થઈ નથી એ મોટી વાત છે. નિર્મલા લોકોને મૂરખ સમજે છે તેનું આ બીજું ઉદાહરણ છે. ભારતનું અર્થતંત્ર નિકાસલક્ષી નહીં પણ આયાત પર નિર્ભર છે તેથી ડૉલર મોંઘો થાય તેની અસર ભારતમાં મોંઘવારી પર પડતી જ હોય છે. સરકાર મોંઘવારીના જે આંકડા આપે છે એ આંકડા નહીં પણ વાસ્તવિક રીતે મોંઘવારી વધે છે કેમ કે ડૉલર એ સર્વત્ર સ્વીકાર્ય ગ્લોબલ ચલણ હોવાથી ડૉલર મોંઘો થાય તો તેને ખરીદવા માટે વધારે રૂપિયા ખર્ચવા પડે છે.

ભારતમાં ડૉલર મોંઘો થાય તેની સૌથી વધારે અસર ક્રૂડ ઓઇલની આયાત પર પડે છે. ભારતે ક્રૂડની પાછળ વધારે ખર્ચ કરવો પડે છે, તેનાથી પેટ્રોલ, ડીઝલ અને બધી પેટ્રોલિયમ પેદાશો મોંઘી થાય છે, પરિવહનના ખર્ચમાં વધારો થાય છે અને અંતે દરેક ચીજનો ભાવ વધારવો પડે છે. કરિયાણાથી લઈને કપડાં અને વીજળીથી લઈને ઇલેક્ટ્રોનિક્સ સુધીની ચીજો મોંઘી થવા લાગે છે. મોબાઇલ ફોન, લેપટોપ, ઇમ્પોર્ટેડ બેટરી, વાહનો સહિત દરેક ચીજના ભાવ વધી જાય છે તેથી રૂપિયો નબળો પડે તો તેની અસર દરેક વ્યક્તિ સુધી અનુભવાય છે. રૂપિયાનું મૂલ્ય ઘટે તેની અસર આયાત પર આધારિત બિઝનેસ જગત પર સૌથી વધારે પડે છે કેમ કે ભારતનું અર્થતંત્ર આયાત પર નિર્ભર છે. ભારત પોતાની મોટા ભાગની આયાત માટે ડૉલરમાં ચુકવણી કરે છે તેથી ખાદ્ય તેલો, કઠોળ, ફર્ટિલાઇઝર, ઓઈલ,ગેસ વગેરે માટે વધારે ભાવ ચૂકવવા પડે છે. ઉદ્યોગો એ કિંમત સામાન્ય ગ્રાહકો પાસેથીજ વસૂલવાના છે તેથી સરવાળે મોંઘવારી વધે છે.

ભાજપ કેન્દ્રમાં સત્તામાં નહોતો ને નરેન્દ્ર મોદી વડા પ્રધાન હતા ત્યારે રૂપિયો સતત ગગડતો હતો એ વાતને તેમણે કેન્દ્ર સરકારના ભ્રષ્ટાચાર સાથે જોડી દીધી હતી. મોદીએ કહેલું કે, દિલ્હીમાં બેઠેલી સરકાર ભ્રષ્ટ છે એટલે રૂપિયો સતત તૂટી રહ્યો છે. મોદીએ તત્કાલીન વડા પ્રધાન ડૉ. મનમોહનસિંહની મજાક ઉડાવતાં એવું પણ કહેલું કે, આપણા વડા પ્રધાનની ઉંમર કરતાં રૂપિયો ડૉલર સામે ઝડપથી વધી રહ્યો છે.

અત્યારે એ વખત કરતાં પણ વધારે ખરાબ સ્થિતિ છે. રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયાની સત્તાવાર વેબસાઈટ પર અપાયેલા આંકડા પ્રમાણે ૨૬ મે, ૨૦૧૪ના રોજ નરેન્દ્ર મોદીએ પહેલી વખત વડા પ્રધાન તરીકે શપથ લીધા એ દિવસે ડૉલરનો ભાવ ૫૮.૫૮ રૂપિયા હતો અને એ વખતે મોદીની ઉંમર ૬૪ વર્ષ હતી. છેલ્લાં દસ વર્ષમાં મોદીની ઉંમર સ્વાભાવિક રીતે જ દસ વર્ષ વધી છે અને રૂપિયા સામે ડૉલર લગભગ દોઢો થઈ ગયો છે, ૫૦ ટકા મોંઘો થયો છે. મોદીની ઉંમર વધી તેના કરતાં વધારે ઝડપથી રૂપિયો ગગડ્યો છે. મોદીની ઉંમર ૧૦ વર્ષ વધી છે ને બીજી તરફ એક ડૉલરના ૨૯ રૂપિયા વધારે ખર્ચવા પડે છે.

મોદી જે મનમોહનસિંહની મજાક ઉડાવતા હતા તેમના ૧૦ વર્ષના શાસનમાં શું થયેલું એ પણ જાણી લઈએ. ડો. મનમોહનસિંહે ૨૨ મે, ૨૦૦૪ના રોજ વડા પ્રધાન તરીકે પ્રથમ વખત શપથ લીધા ત્યારે ડૉલરનો ભાવ ૪૫.૩૩ રૂપિયા હતો. ડો. સિંહના ૧૦ વર્ષના કાર્યકાળના અંતે ડૉલરનો ભાવ ૫૮ રૂપિયાને વટાવી ગયો હતો. મતલબ કે, મનમોહનસિંહના કાર્યકાળમાં રૂપિયા સામે ડૉલર ૨૯ ટકા વધ્યો હતો. મોદીના શાસનમાં ડૉલર ખરીદવા દર વર્ષે સરેરાશ પાંચ રૂપિયા વધારે ખર્ચવા પડે છે જ્યારે ડો. મનમોહનસિંહના શાસનમાં વરસે સરેરાશ ત્રણ રૂપિયા વધારે ખર્ચવા પડતા હતા.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર શિશિર ઋતુ,
ગુરુવાર, તા. ૧૩–૨–૨૦૨૫, ગાણગાપુરયાત્રા.

- ભારતીય દિનાંક ૨૪,માહે માઘ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માઘ વદ– ૧
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે માઘ, તિથિ વદ–૧
- પારસી શહેનશાહી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૩૦મો અનેરાન, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૪મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૫મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- નક્ષત્ર મઘા રાત્રે ક. ૨૧–૦૬ સુધી પછી પૂર્વાફાલ્ગુની.
- ચંદ્ર સિંહમાં.
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૯, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૫, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૬, અમદાવાદ ક. ૧ ૮ મિ. ૩૩ સ્ટા. ટા.

–: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટઃ–

- ભરતીઃ બપોરે ક. ૧૨–૩૮, મધ્યરાત્રિ પછી ક. ૦૧–૦૭ (તા. ૧૪)
- ઓટઃ સાંજે ક. ૧૮–૪૨
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, ● શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, માઘ કૃષ્ણ – પ્રતિપદા. ઈષ્ટિ, ગુરુ પ્રતિપદા, ગાણગાપુરયાત્રા.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ખાત મુહૂર્ત, મઘા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, પિતૃપૂજા, કેતુ ગ્રહદેવતાનું પૂજન, વડનું પૂજન, મુંડન કરાવવું નહીં, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, સ્થાવર મિલકત, ઘર–ખેતર જમીન મકાનની લેવડદેવડ, શ્રી સૂર્યનારાયણ, શ્રી ગણેશ પૂજા, ગુરુ દત્તાત્રેય પૂજન.
- આચમનઃ ચંદ્ર–મંગળ અર્ધચતુષ્કોણ માથાફરેલ, ચંદ્ર–ગુરુ ચતુષ્કોણ બેપરવાહ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–મંગળ અર્ધચતુષ્કોણ, ચંદ્ર–ગુરુ ચતુષ્કોણ (તા. ૧૪), ચંદ્ર–મઘા યુતિ
- ગ્રહગોચરઃ સૂર્ય–ધનુ, વક્રી મંગળ–મિથુન, બુધ–કુંભ, માર્ગી ગુરુ–વૃષભ, શુક્ર–મીન, શનિ–કુંભ, રાહુ–મીન, કેતુ–કન્યા, માર્ગી હર્ષલ–મેષ. માર્ગી નેપ્ચ્યુન–મીન, માર્ગી પ્લુટો–મકર.

મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# લોભના અવગુણને કરકસરમાં ખપાવશો નહીંઃ વિદ્યા–ચાતુર્ય અહંકારમાં નહીં પણ નમ્રતામાં રહેલી છે

જગતના કોઈ પણ ધર્મનો અભ્યાસ કરો. દરેક મઝહબના લોકો ઉદારતાના ધર્મજ્ઞાનને બખૂબી જાણે - સમજે છે. દીને ઈસ્લામની હદીસ અર્થાત્ પયગંબર હઝરત મહંમ્મદ સાહેબના કથનો - આચરણોમાં ઉદારતાના ગુણ અખત્યાર કરવા બોધ આપવામાં આવ્યો છે; જ્યારે સૃષ્ટિના કર્તા

- અલ્લાહ તેની કિતાબ - કુરાનમાં ફરમાવે છે કે,

* 'હું તમને રોજી આપું છું, તેમાંથી તમે મારા નામે હાજતમંદોને આપવા ખર્ચ કરતાં રહો.'

- અલ્લાહ - ઈશ્વરે જેને સુખી કર્યા છે,
- રોજી - રોજગાર દ્વારા સન્માનિત થવા,
- યોગ્ય સહાયરૂપ થઈ શકવા યોગ્ય બનાવ્યા છે તેઓ જરૂરતમંદોને મદદ કરતા રહે.
- લોભનો અવગુણ એ છે કે તે ઈન્સાનને ઝલીલ (અપમાનિત) કરે છે. બેઆબરૂ બનાવી માનસિક સુખ-શાંતિ-સુકુન હણે છે.

પવિત્ર કુરાન અલ્લાહની વાણી છે જે પયગંબર હઝરત મહંમ્મદ સાહેબ દ્વારા નાઝીલ થઈ, તેમાં સખાવતના ગુણ અને કંજૂસીના અવગુણ અંગે તેની ઉમ્મતને ચેતવ્યા છે. * સુખ, શાંતિ સંતોષ માટેના માર્ગ બતાવ્યા છે ત્યારે દરેક માણસે ઉદારતા અને ઉડાઉપણા વચ્ચેના ભેદને સમજી લેવો જોઈએ. ઉદારતા એક ઉત્કૃષ્ટ ગુણ છે, જ્યારે ઉડાઉપણું એ એક દુર્ગુણ અને તબાહીનો રસ્તો છે. ઈસ્લામે ફુઝુલ-નકામા ખર્ચને ગુનામાં લેખ્યો છે. જે ખર્ચ પોતાના એશોઆરામ અને વૈભવ માટે કરવામાં આવે, જેનાથી સમાજને કોઈ લાભ મળતો ન હોય તે ઉડાઉપણાની વ્યાખ્યામાં આવે છે. જ્યારે ઉદારતા હંમેશાં સમાજના ફાયદા માટે હોય છે. તેમાં ગરીબોને મદદ અને સમાજની સેવાની ભાવના હોય છે. જરૂરતમંદ એવા અલ્લાહના બંદાઓને તમારી ઉદારતકાથી સહાય કરવી એ અમલ ઈબાદતનો દરજ્જો મેળવે છે.

- એક વખત ઉદારતાના ગુણ કેળવો. મહેસૂસ કરી શકશો કે ઉદાર ઈન્સાન પાસે ગમગીની ફરકતી સુધ્ધાં હોતી નથી. તેના મગજ ઉપર ટેન્શન ઓછું આવે છે. તે ઉત્તમ અને વ્યવસ્થિત કામ કરી શકતો હોય છે. આવું બનવાથી જિંદગીમાં તે સફળતા મેળવી શકતો હોય છે. સમાજ અને લોકોમાં તેની ઈજ્જત - આબરૂ હંમેશાં વધારે હોય છે. ઉદારતા એક બુદ્ધિગમ્ય અમલ છે અને ઈસ્લામ ધર્મે તેની ભરપૂર હિમાયત કરી છે. જ્યારે લોભ ઈન્સાનની ખુશીને કોરી ખાય છે, નષ્ટ કરી નાખે છે. હઝરત અલી સાહેબ ફરમાવે છે કે - 'લોભ એ કાયમી ગુલામી છે. લોભ અને કરકસરમાં ઉદારતા અને ઉડાઉપણાનો જેટલો ફરક છે. કરકસર તો કુટુંબ, સમાજ અને એ દ્વારા દેશમાં લાભકારક ગુણ છે. ઈસ્લામે કરકસરની હિમાયત કરી છે, કારણ કે તે નકામા ખર્ચના અવગુણથી બચાવે છે, પરંતુ ઉદારતા અને ઉડાઉપણા વચ્ચેની ભેદ-રેખા એટલી પાતળી છે કે ઉડાઉપણાને ઘણા લોકો ઉદારતા સમજી બેસે છે, જ્યારે લોભના અવગુણને કરકસરમાં ખપાવે છે. આ બંને વચ્ચેની ભેદને અક્કલમંદ ઈન્સાને સમજી લેવો ઘટે.

લોભી માણસ કદાચ એક નજરે બુદ્ધિશાળી લાગતો હોય, પરંતુ ખરેખર તે અક્કલનો ઉપયોગ કરી શકતો નથી. કારણ કે તે એટલું તો સમજે છે કે અહીં મારે આટલી રકમ ખર્ચવાની જરૂર છે. તેમાંથી કુટુંબ, સમાજ અને દેશને લાભ થશે છતાં લોભની તીવ્ર લાગણીને લીધે તેની બુદ્ધિ બેર મારી જતી હોય છે અને તે બુદ્ધિથી વિરુદ્ધ વિચારતો હોય છે કે આ રકમ કોઈ જાતના અંગત લાભ વગર કેમ આપી શકાય? જ્યારે જેઓ ખરેખર કોઈ અંગત ફાયદા વગર માત્ર અલ્લાહના નામ પર ઉદારદિલી દાખવતા હોય છે તેઓને આવા બુદ્ધિહિન થયેલા મૂર્ખમાં લેખાવતા હોય છે. આવા અમલથી તેઓ કોઈને લાભ તો શું પરંતુ પોતાની જાત સુધ્ધાંને નુકસાન પહોંચાડતા હોય છે. તેઓ સમજતા ભલે એમ હોય છે કે તેને આમ કરવું ન જોઈએ છતાં તે લોભના અવગુણને પોતા પર વર્ચસ્વ જમાવા દે છે અને આવી ગુનાહિત લાગણી તેના જીવનના આનંદને લૂંટી લે છે અને હંમેશાં તે દુઃખી રહેતા હોય છે અને સંપર્કમાં આવનારાને પણ દુઃખી કરે છે. પરેશાનીમાં નાખે છે.

લોભી માણસ સમાજ તો શું, પોતાના પરિવાર તરફ પણ પ્રેમ બતાવી શકતો નથી. તેને હંમેશાં ડર લાગતો હોય છે કે મારા બેન, બનેવી, ભાઈ, મા-બાપ કે સગાંસંબંધી સાથે થોડું હસી બોલી લઈશ તો રખેને તેઓ મારી પાસે કંઈ માંગશે તો...?

- આવા ડરને કારણે તે કુટુંબ-કબીલાથી અતડો રહે છે. આવા દુઃખી જીવનથી બચવા માટે દીને ઈસ્લામના આદેશ-ઉપદેશ પર સાચા દિલથી અમલ કરવામાં આવે તો જીવન કેટલું સુખી થઈ શકે તે કોઈપણ અક્કલમંદ ઈન્સાન સમજી શકશે અને ઈસ્લામિક જીવનપદ્ધતિ માનવજાત માટે આશીર્વાદરૂપ છે તે સનાતન સત્ય સમજતા દેર લાગશે નહીં.

વ્હાલા વાચક બિરાદરો! આવું જ એક સનાતન સત્ય પયગંબર હઝરત ઈસા અલૈહિ સલ્લામે તેની ઉમ્મતના કેટલાક લોકોને આપ્યું હતું. આમાં જે બોધ આપવામાં આવ્યો છે તે દીન અને દુનિયાના જાણકાર વિદ્વાનોએ ગ્રહણ કરી લેવો જોઈએઃ

- આપ હઝરત ઈસા અલૈહિસલ્લામે હવારીઓ (સાથી; સંગાથીઓ)ને કહ્યું કે, મારી એક ઈચ્છા પૂરી કરવાના હોય, તો હું તમને તે વર્ણવું!

સાથીઓએ કહ્યું, આપ આ કેવી વાત પૂછો છો; આપ હુકમ કરો એટલી જ વાર છે, અમે તરત જ તેના પર અમલ કરીશું.

હઝરત ઈસા અલૈયહિસલ્લામ તરત જ પોતાની જગ્યાએથી ઊભા થઈ, સાથીદારોમાંના એકના પગ ધોવા લાગી ગયા.

આ જોઈ સૌને આંચકો લાગ્યો, પણ સૌએ પયગંબર ઈસાની ઈચ્છાને માન આપવાનું હતું, એટલે બધા જ અવાક થઈને મૂંગા રહ્યા.

તે પછી હઝરત ઈસાએ બીજા સાથીદારના અને પછી ત્રીજાના એમ એક પછી એક બધાના પગ ધોયા.

- એ કાર્ય જ્યારે પૂરું થઈ ગયું ત્યારે સાથીદારોએ કહ્યું - આપ અમારા ગુરૂ છો, ઉસ્તાદ છો; ખરું જોતાં તો અમો સૌએ આપના પગ ધોવા જોઈતાં હતા. આપના હાથે એવું કાર્ય કરીને આપે અમને શરમમાં નાખ્યા છે....! પણ એવું શા માટે?

પયગંબર હઝરત ઈસા અલૈયહિ સલ્લામે જવાબ આપ્યો કે, જુઓ, આ કાર્ય મેં એટલા માટે કર્યું છે, જેથી તમને હું સમજાવી શકું કે-

* ઈન્સાનની ખિદમત (સેવા)નું કાર્ય કરવા માટે સૌથી વધુ હકદાર જો કોઈ હોય, તો તે વિદ્વાન છે, આલિમ (જ્ઞાની-જાણકાર) છે.

* આ કાર્ય મેં એટલા માટે પણ કર્યું, જેથી મારામાં નમ્રતાનો ભાવ જન્મે અને તમે સૌ નમ્રતાના પાઠ શીખો;

* મારા પછી તમે લોકો જે કંઈ તાલીમ-બોધ આપવાનો માર્ગ અખત્યાર કરો તો તમારામાં નમ્રતા હોવી જોઈએ.

* તમે સૌ પ્રજામાં મોટા માણસ તરીકે ઓળખાવ, ત્યારે આ માર્ગ અપનાવજો...!

* જુઓ સૈદ્ધાંતિક રીતે, ઈલ્મ અને હિકમત અર્થાત્ વિદ્યા, કળા, કારીગરી, ચાતુર્ય નમ્રતામાં રહેલી છે; અહંકારમાં નહીં!

* તમે જોતાં હશો કે, હંમેશાં હરિયાળી નરમ જમીન પર ઊગતી હોય છે, ખડકો પર નહીં.

**બોધઃ**

* નમ્રતા અને માનવસેવા એ જીવનનો સાચો માર્ગ છે.

* મોટેરાઓએ નાનાઓને એવી રીતે પાઠ આપતા રહેવું જોઈએ, જેથી એક તંદુરસ્ત સમાજનું નિર્માણ શક્ય બને.

સાપ્તાહિક સંદેશઃ

અલ્લાહ (ઈશ્વર)ના મહાન વલી અલ્લાહ (અરબી - ઉર્દૂ ભાષાના આ અત્યંત પ્રચલિત શબ્દનો ગુજરાતીમાં ભાવાનુવાદ થાય છે - 'માર્ગ ભટકેલાઓને સન્માર્ગે વાળતા અલ્લાહ-વાલા, અલ્લાહના દોસ્ત' હઝરત (માનવંત) પીરાને પીર (રહમતુલ્લાહ અલયહ) - આપના પર અલ્લાહની રહમત - ઈશ્વરીય દયા, દેણગી, આશીર્વાદ રહે) ફરમાવે છે કે,

* 'તમારા દિલના દરવાજાના તમે પોતે પહેરેદાર બની જાઓ.

* અલ્લાહ તઆલા જેને જવા માટેની તમને મંજૂરી આપે તેને જ અંદર દાખલ થવા દો અને

* જેના વિશે મનાઈ કરી છે - મનાઈ કરી દે (અંતરાત્માં મંજૂરી ન આપે) તેને હરગીઝ, કોઈ પણ પરિસ્થિતિ - સંજોગમાં તમારા દિલમાં સ્થાન - પ્રવેશવા ન આપો.

- તમારો સૌથી ખરાબ દુશ્મન તમારા ખરાબ - માર્ગ ભટકેલા ભાઈબંધ-દોસ્ત બિરાદરો છે.

# બે કચ્છી સર્જકોને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ગૌરવ પુરસ્કાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગાંધીનગર સ્થિત ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા દર વર્ષે આપવામાં આવતા કચ્છી ભાષા ગૌરવ પુરસ્કારની આ અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાની અધ્યક્ષતામાં મળેલી સમિતિની બેઠકમાં જાહેરાત કરવામાં આવી હતી જેમાં વર્ષ ૨૦૨૩ માટે બે જાણીતા કચ્છી સર્જકોને ગૌરવ પુરસ્કાર આપવાની ઘોષણા કરવામાં આવી હતી.

કચ્છી ભાષાના સંવર્ધનમાં મહત્ત્વનું યોગદાન આપવા બદલ વિશ્રામ ગઢવીને સાહિત્ય ગૌરવ, તો ડૉ. પૂર્વી ગોસ્વામીને યુવા ગૌરવ એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યા હોવાનું ગુજરાતી સાહિત્ય અકાદમીના મહામાત્ર ડૉ. જયેન્દ્રસિંહ જાદવ દ્વારા એક યાદીમાં જણાવાયું હતું. ■

પહેલા પાનાનું ચાલુ

## ભારતની ઈંગ્લૅન્ડ સામે

(૫-૧-૩૧-૨), હાર્દિક પંડ્યા (૫-૦-૩૮-૨), વૉશિંગ્ટન સુંદર (૫-૦-૪૩-૧), અક્ષર પટેલ (૬.૨-૧-૨૨-૧) અને કુલદીપ યાદવ (૮-૦-૩૮-૧).

બ્રિટિશ ટીમે ૩૫૭ રનના ટાર્ગેટ માટે શરૂઆત સારી કરી હતી, પરંતુ કમબૅકમૅન અર્શદીપ સિંહે ઇનિંગ્સની સાતમી ઓવરમાં બેન ડકેટ (૩૪ રન)ને કૅપ્ટન રોહિત શર્માના હાથમાં કૅચઆઉટ કરાવ્યો એ સાથે બ્રિટિશ ટીમના વળતા પાણી શરૂ થયા હતા અને કોઈ જ મોટી ભાગીદારીના અભાવે છેવટે તેમનો મૅચમાં અને સિરીઝમાં ઘોર પરાજય થયો હતો.

એ પહેલાં, ભારતે બૅટિંગ મળ્યા પછી ખરાબ આરંભ બાદ ચાર સારી ઇનિંગ્સની મદદથી ૫૦ ઓવરમાં ૩૫૬ રનનો તોતિંગ સ્કોર નોંધાવીને બ્રિટિશરોને ૩૫૭ રનનો મુશ્કેલ લક્ષ્યાંક આપ્યો હતો. ખાસ કરીને વાઇસ-કૅપ્ટન શુભમન ગિલે ભારે ગરમી અને સૂકા હવામાન વચ્ચે અમદાવાદનું સ્ટેડિયમ ગજવી નાખ્યું હતું. તેણે ૫૧ બૉલમાં ૫૦ રન પૂરા કર્યા હતા અને પછી ૯૫ બૉલમાં ૧૦૦ રન પૂરા કરીને વન-ડેની સાતમી સદી નોંધાવી હતી.

ગિલે છેલ્લે ૨૦૨૩ની ૨૪મી સપ્ટેમ્બરે ઇન્દોરમાં ઑસ્ટ્રેલિયા સામે કરીઅરની છઠ્ઠી સેન્ચુરી ફટકારી ત્યાર બાદ હવે છેક ૧૬ મહિના બાદ સાતમી સદી નોંધાવી છે. અમદાવાદના આ જ મેદાન પર ગિલે ૨૦૨૩માં ઑસ્ટ્રેલિયા સામેની ટેસ્ટમાં સેન્ચુરી (૧૨૮ રન) અને એ જ વર્ષમાં આ જ ગ્રાઉન્ડ પર ન્યૂ ઝીલૅન્ડ સામે ટી-૨૦માં સેન્ચુરી (૧૨૬ અણનમ) ફટકારી હતી.

એક જ મેદાન પર ત્રણેય ફૉર્મેટમાં સદી નોંધાવવાની સિદ્ધિ ગિલની પહેલાં જેમણે નોંધાવી હતી એની વિગત આ મુજબ છેઃ ફૅફ ડુ પ્લેસી (વૉન્ડરર્સ, જોહનિસબર્ગ), ડેવિડ વૉર્નર (ઍડિલેઇડ ઓવલ), બાબર આઝમ (નૅશનલ સ્ટેડિયમ, કરાચી) અને ક્વિન્ટન ડિકૉક (સુપરસ્પોર્ટ પાર્ક, સેન્ચુરિયન).

રવિવારે શ્રેણીની બીજી વન-ડેમાં રોહિત શર્મા (૧૧૯ રન) ફૉર્મમાં આવ્યો હતો અને ગઈ કાલે વિરાટ કોહલી (બાવન રન, પંચાવન બૉલ, એક સિક્સર, સાત ફોર) માંડ થોડો ફૉર્મમાં આવ્યો ત્યાં તે સતત બીજી મૅચમાં સ્પિનર આદિલ રાશિદનો શિકાર થઈ ગયો હતો. ગિલ-વિરાટ વચ્ચે બીજી વિકેટ માટે ૧૦૭ બૉલમાં ૧૧૬ રનની ભાગીદારી થઈ હતી. ત્યાર બાદ ગિલ અને ઇન્ફૉર્મ બૅટર શ્રેયસ ઐયર (૭૮ રન, ૬૪ બૉલ, બે સિક્સર, આઠ ફોર) વચ્ચે ત્રીજી વિકેટ માટે ૯૩ બૉલમાં ૧૦૪ રનની ભાગીદારી થઈ હતી. ગિલ, વિરાટ અને શ્રેયસ ઉપરાંત વિકેટકીપર કે. એલ. રાહુલ (૪૦ રન, ૨૯ બૉલ, એક સિક્સર, ત્રણ ફોર) પણ સારું રમ્યો હતો. જોકે હાર્દિક પંડ્યા (૧૭ રન, નવ બૉલ, બે સિક્સર) બે છગ્ગા ફટકાર્યા પછી વિકેટ ગુમાવી બેઠો હતો. અક્ષર પટેલ (૧૩ રન, ૧૨ બૉલ, બે ફોર), વૉશિંગ્ટન સુંદર (૧૪ રન, ૧૪ બૉલ, એક ફોર) તથા હર્ષિત રાણા (૧૩ રન, ૧૦ બૉલ, એક સિક્સર, એક ફોર)એ પણ નાના યોગદાનો સાથે ભારતના સ્કોરને આગળ વધારતા રહીને બ્રિટિશ ટીમની ચિંતા વધારી દીધી હતી.

ઇંગ્લૅન્ડના બોલર્સમાં સ્પિનર આદિલ રાશિદ (૬૪ રનમાં ચાર) સૌથી સફળ બોલર હતો. પહેલી પાંચમાંથી ચાર વિકેટ તેણે લીધી હતી. રોહિત શર્મા (૧ રન)ને પોતાની ઓવરના પહેલા જ બૉલમાં આઉટ કરી દીધો હતો. ઑફ સ્ટમ્પ તરફના આ સુંદર બૉલમાં રોહિત શૉટ મારવા મજબૂર થયો હતો અને વિકેટકીપર ફિલ સૉલ્ટને કૅચ આપી બેઠો હતો. સૉલ્ટે જમણી તરફ ડાઇવ મારીને કૅચ ઝીલ્યો હતો. સાકિબ મહમૂદ, જૉ રૂટ અને ગસ ઍટકિન્સનને પણ એક-એક વિકેટ મળી હતી. જોકે તમામ બોલર્સમાં પેસ બોલર ઍટકિન્સન (૭૪ રનમાં એક વિકેટ) સૌથી ખર્ચાળ સાબિત થયો હતો.

ભારતે ગઈ કાલે પ્લેઇંગ ઇલેવનમાં ત્રણ ફેરફાર કર્યા હતા. રવીન્દ્ર જાડેજા અને મોહમ્મદ શમીને આરામ આપવામાં આવ્યો હતો, જ્યારે વરુણ ચક્રવર્તી પગની ઈજાને કારણે નહોતો રમી શક્યો. પ્લેઇંગ ઇલેવનમાં કુલદીપ યાદવ, વૉશિંગ્ટન સુંદર અને અર્શદીપ સિંહને સમાવવામાં આવ્યા હતા. અર્શદીપ ઑગસ્ટ, ૨૦૨૪ પછી પહેલી વાર વન-ડે રમ્યો હતો.

ભારતે ઇંગ્લૅન્ડને ટી-૨૦ સિરીઝમાં ૪-૧થી માત આપી હતી.

## આજે સંસદમાં

છે. આવકવેરા બિલ, ૨૦૨૫માં ૫૩૬ ધારાઓ સામેલ છે જે વર્તમાન આવકવેરા કાયદા, ૧૯૬૧થી ૨૯૮ કલમો વધારે છે. હાલના કાયદામાં ૧૪ શિડ્યુલ છે જે નવા કાયદામાં વધીને ૧૬ થશે. જોકે, પ્રકરણોની સંખ્યા ફક્ત ૨૩ રાખવામાં આવી છે. પાનાઓની સંખ્યા નોંધપાત્ર રીતે ઘટાડીને ૬૨૨ કરવામાં આવી છે, જે વર્તમાન વિશાળ કાયદાના લગભગ અડધા છે, જેમાં છેલ્લા છ દાયકામાં કરવામાં આવેલા સુધારાઓનો સમાવેશ થાય છે. જ્યારે આવકવેરા કાયદો, ૧૯૬૧માં રજૂ કરવામાં આવ્યો ત્યારે તેમાં ૮૮૦ પેજ હતાં.

પ્રસ્તાવિત કાયદા મુજબ, સીબીડીટી હવે કર વહીવટના નિયમો લાગુ કરી શકે છે. અનુપાલન ઉપાયોને રજૂ કરી શકે છે અને ખંડ ૫૩૩ અનુસાર, વારંવાર કાયદાકીય સુધારાની જરૂર વગર ડિજિટલ ટેક્સ મોનિટરિંગ સિસ્ટમ લાગુ કરી શકે છે. બિલ રજૂ થયા પછી તેને વિગતવાર ચર્ચા માટે સંસદની સ્થાયી સમિતિને મોકલવામાં આવે તેવી શક્યતા છે. ■

## વિવિધ વૈશ્વિક મુદ્દે

હોવા પર બંને નેતાએ ભાર મૂક્યો હતો અને સંયુક્ત રાષ્ટ્રસંઘની સુરક્ષા સમિતિ સહિતના વિવિધ વૈશ્વિક મુદ્દે એકમેકને સહકાર આપવા સહમતી દર્શાવી હતી.

સંયુક્ત રાષ્ટ્રસંઘની સુરક્ષા સમિતિમાં ભારતને કાયમી સભ્યપદ આપવાને ફ્રાન્સનું સમર્થન હોવાનું મૅક્રોને ભારપૂર્વક કહ્યું હતું.

છેલ્લાં પચીસ વર્ષમાં બંને દેશના સંબંધમાં ધીમો પણ મક્કમ સુધારો આવ્યો હોવાનું જણાવી બંને નેતાએ ભારત-ફ્રાન્સ વ્યૂહાત્મક ભાગીદારી પ્રત્યે પ્રતિબદ્ધતા દર્શાવી હતી. બંને નેતા મંગળવારે સાંજે ફ્રેન્ચ પ્રેસિડન્શિયલ ઍરક્રાફ્ટમાં પૅરિસથી માર્શેલી પહોંચ્યા હતા અને દ્વિપક્ષી સંબંધો અંગે સઘન ચર્ચા કરી હતી. ત્યાર બાદ પ્રતિનિધિમંડળ સ્તરની બેઠક યોજવામાં આવી હતી. ડિપાર્ટમેન્ટ ઑફ ઍટોમિક ઍનર્જી સહિત અનેક ક્ષેત્રના એમઓયુ રિન્યૂ કરવામાં આવ્યા હતા. જાન્યુઆરી ૨૦૨૪માં ૭૫મા પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં મૅક્રોને મુખ્ય મહેમાન તરીકે હાજરી આપી હતી. (એજન્સી) ■

## મહાકુંભઃ માઘી પૂર્ણિમા

કલ્પવાસનો પણ અંત આવ્યો હતો જેને પગલે હવે ૧૦ લાખ કરતાં પણ વધુ કલ્પવાસીઓ મહાકુંભમાંથી વિદાય લેશે.

વહીવટીતંત્રએ તેમને ટ્રાફિકના નિયમોનું પાલન કરવાની અને સત્તાવાર પાર્કિંગ સ્પેસનો જ ઉપયોગ કરવાની વિનંતી કરી છે.

માઘી પૂર્ણિમા નિમિત્તે લાખો શ્રદ્ધાળુઓ સંગમ ખાતે સ્નાન કરવા ઉમટી પડ્યા હતા. બુધવારે સાંજે છ વાગ્યા સુધીમાં ત્રિવેણી સંગમ અને અન્ય ઘાટ ખાતે બે કરોડ કરતાં પણ વધુ ભક્તોએ પવિત્ર સ્નાન કર્યું હોવાનું સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. પવિત્ર સ્નાન કરવા એકત્ર થયેલા લોકો પર હેલિકૉપ્ટરમાંથી પુષ્પવૃષ્ટિ પણ કરવામાં આવી હતી.

મહાકુંભના ડીઆઈજી વૈભવ ક્રિષ્ણાએ કહ્યું હતું કે બુધવારે માઘી પૂર્ણિમાને દિવસે બપોરે બાર વાગ્યા અગાઉ એક કરોડ કરતાં પણ વધુ લોકોએ સંગમ ખાતે સ્નાન કર્યું હતું. (એજન્સી) ■

# મોદીનું વિમાન ફૂંકી મરાશેઃ પોલીસને આવ્યો ધમકીનો કૉલ

મુંબઈઃ મુંબઈ પોલીસના કન્ટ્રોલ રૂમને મંગળવારે બપોરે એક વ્યક્તિએ કૉલ કરીને ચેતવણી આપી હતી કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વિદેશ પ્રવાસ દરમિયાન તેમના વિમાન પર આતંકવાદી હુમલો કરી શકે છે.

પોલીસે જણાવ્યું હતું કે મોબાઇલ ફોનથી કરવામાં આવેલા ધમકીભર્યા કૉલ અંગેની માહિતી અન્ય કેન્દ્રીય તથા રાજ્ય સુરક્ષા એજન્સીઓ સાથે શૅર કરવામાં આવી હતી.

પોલીસે બાદમાં એ વ્યક્તિને ચેમ્બુર વિસ્તારમાંથી પકડી પાડી હતી, જેણે કન્ટ્રોલ રૂમને કૉલ કર્યા બાદ પોતાનો મોબાઇલ બંધ કરી દીધો હતો. પોલીસે જણાવ્યું હતું કે એ વ્યક્તિ માનસિક રીતે અસ્થિર છે અને તેની તપાસ કરવામાં આવી રહી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર કૉલરે હિન્દીમાં ચેતવણી આપી હતી કે ‘મોદી અમેરિકા જઇ રહ્યા છે. તેમના વિમાન પર અમેરિકન આતંકવાદી બોમ્બથી હુમલો કરશે. અમારી ચેતવણી યાદ રાખજો. આ એ જ આતંકવાદી છે જેણે ગયા મહિનામાં છે વિમાનો ક્રેશ કર્યા છે. આ એ જ છે જે મોદીના વિમાન પર બોમ્બથી હુમલો કરશે.’

પોલીસે જ્યારે કૉલરના મોબાઇલ નંબરની વિગતો મેળવી ત્યારે તેમને ખબર પડી કે ભૂતકાળમાં આવા ૧,૪૦૦ ખોટા કૉલ્સ કન્ટ્રોલ રૂમને કરવા માટે આ નંબરનો ઉપયોગ થયો હતો. ■

TOSAA®
Kitchenware & House hold
For Bulk / B2B Enquiry: 7777065380
Available on: amazon.com Flipkart
Available at All Ecommerce Shopping Site.

૨૩ મી પુણ્યતિથી



સ્વ.અ.સૌ.બદામી દેવી સરેમલજી કોઠારી
(ભીનમાલ નિવાસી)
સ્વર્ગતિથી - મહાસુદ - ૧ તા. ૧૩/૦૨/૨૦૦૨

મા

બાઈ, પહેલા આંસુ આવતા ત્યારે તુ યાદ આવતી.
હવે તું યાદ આવે છે, અને આંસુ આવે છે!
માનવજાતિના હોઠ પરના સૌથી સુંદર શબ્દ છે -
માં, અભય અને આશિર્વાદ થી અમરતવેલ એટલે માં
અંતરના આશીર્વાદની કલ કલ વહેતી રહેતી
પાવનકારી ગંગોતરી એમાં માં એ એક એવો શબ્દ છે,
જે આશા અને પ્રેમથી ભર્યો ભર્યો છે એક મધુર ને માયાળુ શબ્દ,
જે હૃદયના ઊડાણમાંથી આવે છે.
માં સઘળું છે, શોકમાં તે આપણું આશ્વાસન છે.
દુખમાં તે આપણી આશા છે, દુર્બળતામાં તે આપણી શકિત છે.
માં પ્રેમ, કરૂણા, સહાનુભુતિ અને ક્ષમાશીલતાનો ઝરો છે.
માં, જે સઘળાં અસ્તિત્વોનું પ્રારંભિક રૂપ છે.
તે અનંત આત્મા છે, સૌંદર્ય અને પ્રેમથી પૂર્ણ.
માં સદેહે આપણી વચ્ચે ન હોવા છતા માં કદિ વિદાય લેતી નથી.
કારણ માં, એટલે જન્મદાતા માં તો ખરી જ પણ
જેની આંખોમાં અમૃત દેખાય એ તમામ માં છે.
‘‘માં’’ પ્રત્યેક નારીમાં કોઈ અમૃતક્ષણે જાગી ઉઠે છે.
માં કદી મરતી નથી માનો દેહ ન હોય ત્યારે એનું
વહાલ હવાના કણકણમાં વિખેરાઈને આલિંગન આપે છે
જેને પત્ર ન લખ્યો હોય છતાં જેની આંખોમાં
લખવા ધારેલા પત્રનો પ્રેમાળ જવાબ વંચાય તે માં

લિ. સમસ્ત કોઠારી પરિવાર, સગા સંબન્ધી તથા મિત્રો

સરેમલ કોઠારી ચેરીટેબલ ટ્રસ્ટ. (મુંબઈ)
RIDDISIDDHI BULLIONS LTD.

# ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડ કર્યા પછી નવી ઈમારતોને મંજૂરી આપોઃ સુધરાઈ અને પોલીસને નોટિસ

મુંબઈઃ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડ ન થાય ત્યાં સુધી આ વિસ્તારની નવી ઇમારતો માટેની મંજૂરીઓ અટકાવવાની માગણી કરતાં લોઅર પરેલ ટાવરના રહેવાસીઓએ મુંબઈ મહાનગરપાલિકા અને પોલીસને આપેલી નોટિસમાં જણાવ્યું હતું કે ’આ તમામ નવાં બાંધકામોથી લોકો અને વાહનોની અવરજવરમાં જબરદસ્ત વધારો થશે અને હાલનાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર બોજ આવી પડશે. ફીનિક્સ મિલ્સની જમીન પર આશરે ૩૦૦ - ૪૦૦ કાર સમાવવા માટે અત્યારે વિશાળ કાર પાર્ક બનાવવામાં આવી રહ્યો છે.

આ બાંધકામોને વધુ મંજૂરી આપવામાં આવશે તો આ વિસ્તારમાં હાલની સમગ્ર ઇન્ફ્રાસ્ટ્રક્ચર સિસ્ટમ પડી ભાંગે તેવી શક્યતા છે. ટ્રાફિકની વધતી જતી ગંભીર સમસ્યા પ્રવાસ કરતા લોકોને તેમજ હવાના પ્રદૂષણને અસર કરવા ઉપરાંત શહેરના અર્થતંત્રના વિકાસમાં પણ ગંભીર અવરોધ ઊભો કરે છે. ■

## પવઈના રહેવાસીઓ પર લાઠીચાર્જનું પ્રકરણ

# પોલીસ, બિલ્ડર, પાલિકાના અધિકારીઓ સહિત ૧૦ સામે ગુનો

મુંબઈઃ ગયા વર્ષના જૂનમાં પવઈમાં મુંબઈ મહાનગરપાલિકા દ્વારા ઝૂંપડાઓ પર બુલડોઝર ફેરવવાને મામલે શાંતિપૂર્ણ રીતે વિરોધ પ્રદર્શન કરનારા ઝૂંપડાવાસીઓ પર લાઠીચાર્જ કરવામાં આવ્યાના કેસમાં ફરિયાદ નોંધવામાં આવશે, એવી ખાતરી રાજ્ય સરકાર દ્વારા બૉમ્બે હાઈ કોર્ટને આપવામાં આવ્યાના અઠવાડિયા બાદ સોમવારે પવઈ પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર જિતેન્દ્ર સોનાવણે, બિલ્ડર અને પાલિકાના અધિકારીઓ સહિત ૧૦ જણ વિરુદ્ધ ફોજદારી ગુનો નોંધવામાં આવ્યો હતો.પવઈની જય ભીમ નગર ઝૂંપડપટ્ટીના ૩૬ રહેવાસીએ હાઈ કોર્ટમાં અરજી કરી હતી. અરજકર્તાઓમાં મોટા ભાગના અનુસૂચિત જાતિના લોકોનો સમાવેશ થાય છે. પાલિકાના અધિકારીઓ અને ડેવલપર વિરુદ્ધ આઈપીસીની સુસંગત કલમો અને એસસીએસટી ઍક્ટ હેઠળ ગુનો નોંધવાની માગણી અરજીમાં કરાઈ હતી. અરજીમાં જણાવાયું હતું કે ૬ જૂન, ૨૦૨૪ના રોજ પાલિકાના કર્મચારીઓ ૬૫૦ પરિવારને રસ્તે રઝળતા મૂકી તેમનાં ઘર તોડી રહી હતી ત્યારે પોલીસે રહેવાસીઓ સાથે મારપીટ કરી હતી. ■

# ડોંબિવલીમાં ખુલ્લેઆમ ચાલી રહેલી બોગસ બૅંકને અપાઈ નોટિસ

મુંબઇઃ મુંબઇમાં બોગસ બેંકના કિસ્સા અવારનવાર સાંભળવા મળતા રહે છે. બોગસ બેંકોને કારણે હજારો નાગરિકોને ભારે નુકસાન પહોંચે છે. ડોંબિવલીમાં આવી જ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ડોંબિવલીના એક શિક્ષિત વિસ્તારમાં એક બોગસ બેંક કાર્યરત હોવાનું પ્રકાશમાં આવ્યું છે. આ બેંકની રાજ્ય સરકાર કે કેન્દ્ર સાથે કોઈ નોંધણી નથી. આઘાતજનક વાત એ છે કે, આ બેંક, કહેવાતી સહકારી બેંક પર નિયંત્રણ લાવવામાં સફળ રહી છે, જે ગ્રાહકોને ૧૨.૫ ટકા વ્યાજની લાલચ આપીને થાપણો એકત્રિત કરવાની તૈયારી કરી રહી હતી. આ અંગે માહિતી મળતાં, રાજ્ય સહકારી બેંકે ગેરરીતિ અટકાવવા માટે તાત્કાલિક પગલાં લીધાં હતાં. ડોંબિવલીના માનપાડા રોડ પર આ કોઓપરેટિવ બેંકની એક વૈભવી ઓફિસ બનાવવામાં આવી છે, જ્યાં ઓછા ડોક્યુમેન્ટ, લઘુત્તમ વ્યાજ દરે લોન, પારદર્શક વ્યવહારો અને આગામી બે વર્ષ માટે થાપણો પર ૧૨.૫ ટકા વ્યાજ સાથે એક આકર્ષક જાહેરાત બનાવવામાં આવી હતી. આ અંગે માહિતી મળતાં સ્ટેટ બેંકના એડમિનિસ્ટ્રેટર વિદ્યાધર અનસ્કરે સહકારી કમિશનરને ફરિયાદ કરી હતી અને તે નકલી હોવાની શંકા વ્યક્ત કરી હતી. ■

## GANESH BENZOPLAST LIMITED

Regd. Office : Dina Building, 1st Floor, 53, Maharshi Karve Road, Marine Lines (East), Mumbai 400 002. CIN : L24200MH1986PLC039836
Tel. No. : 022 - 2200 1928/6140 6000 e-mail : investors@gblinfra.com, web-site : www.ganeshbenzoplast.com

**EXTRACT OF STATEMENT OF UNAUDITED STANDALONE AND CONSOLIDATED FINANCIAL RESULTS FOR THE QUARTER AND NINE MONTHS ENDED DECEMBER 31 2024**

₹ in Million (Except EPS)

| Sr. No. | Particulars | STANDALONE | | | | | | CONSOLIDATED | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Quarter ended December 31, 2024 | Quarter ended September 30, 2024 | Quarter ended December 31, 2023 | Nine Months ended December 31, 2024 | Nine Months ended December 31, 2023 | Year Ended March 31, 2024 | Quarter ended December 31, 2024 | Quarter ended September 30, 2024 | Quarter ended December 31, 2023 | Nine Months ended December 31, 2024 | Nine Months ended December 31, 2023 | Year Ended March 31, 2024 |
| | | UNAUDITED | UNAUDITED | UNAUDITED | UNAUDITED | UNAUDITED | AUDITED | UNAUDITED | UNAUDITED | UNAUDITED | UNAUDITED | UNAUDITED | AUDITED |
| 1 | Total Income From Operations | 550.19 | 543.42 | 590.29 | 1,578.44 | 1,664.68 | 2,267.15 | 892.24 | 976.28 | 1,061.96 | 2,743.77 | 3,308.13 | 4,770.77 |
| 2 | Net Profit for the period(before tax and Exceptional items) | 212.84 | 196.92 | 208.82 | 618.40 | 595.21 | 815.73 | 242.41 | 218.35 | 208.04 | 680.68 | 630.95 | 839.91 |
| 3 | Net Profit for the period (before tax and after Exceptional items) | 212.84 | 196.92 | 208.82 | 618.40 | 595.21 | 815.73 | 242.41 | 218.35 | 208.04 | 680.68 | 630.95 | 839.91 |
| 4 | Net Profit for the period (after tax and after Exceptional items) | 161.47 | 146.95 | 157.93 | 465.81 | 444.35 | 606.25 | 183.89 | 164.59 | 160.80 | 512.78 | 471.50 | 614.41 |
| 5 | Total Comprehensive Income for the period | 153.45 | 149.13 | 157.17 | 458.72 | 444.09 | 609.47 | 174.42 | 165.60 | 159.48 | 505.76 | 470.68 | 616.86 |
| 6 | Equity Share Capital(Face value of ₹1/- each) | 71.99 | 71.99 | 68.11 | 71.99 | 68.11 | 71.99 | 71.99 | 71.99 | 68.11 | 71.99 | 68.11 | 71.99 |
| 7 | Other Equity as shown in the audited balance sheet | | | | | | 4,922.80 | | | | | | 4,944.17 |
| 8 | Basic/ Diluted Earning Per Share (in ₹ ) (face value ₹1/- each) (not annualised) | 2.24 | 2.04 | 2.31 | 6.47 | 6.64 | 8.95 | 2.55 | 2.29 | 2.34 | 7.12 | 7.04 | 9.07 |

**Notes:**

1 The above is an extract of the detailed format of Financial Results for the Quarter and nine months ended on December 31, 2024 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the unaudited Financial Results are available on the Company's website, www.ganeshbenzoplast.com and Stock Exchanges website. www.bseindia.com and www.nseindia.com .

2 The above financial results have been reviewed and recommended by the Audit Committee and have been approved and taken on record by the Board of Directors at their meeting held on February 12, 2025.The statutory auditors of the Company have conducted a "Limited Review" of the above Unaudited Financial Results for the quarter and nine months ended December 31, 2024.

By Order of the Board
Sd/-
(Rishi Pilani)
Chairman & Managing Director
(DIN 00901627)

Place : Mumbai
Date : February 12, 2025



# લાડકી બહીણ યોજનાઓના લાભાર્થીઓની કડક ચકાસણી

## હવે આ યોજનાના ફાયદા માટે અપાત્ર એવી અનેક મહિલાઓ આગળ આવી

નાગપુરઃ મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી વખતે ગેમ ચેન્જર સાબિત થયેલી લાડકી બહીણ યોજનાએ મહાયુતીને જબરજસ્ત જીત અપાવેલી. હવે તિજોરી પર બોજો વધતા સમગ્ર મહારાષ્ટ્રમાં લાડલી બહેનોના આધાર કાર્ડ અને પૅન કાર્ડની તપાસ કરવામાં આવી રહી છે. નાગપુરમાં લાડકી બહેનોની સંખ્યા ૧૫ લાખથી વધુ છે. ધનિક મહિલાઓ પણ આ યોજનાનો લાભ લઈ રહી છે. જેમના ફોર્મ રિજેક્ટ કરવામાં આવી રહ્યા છે. આ યોજના લાગુ કરતી વખતે મહારાષ્ટ્ર સરકારે સ્પષ્ટ કર્યું હતું કે કોઈપણ અન્ય સરકારી યોજનાનો લાભ લેતી મહિલાઓ, નોકરીયાત અને પેન્શનર મહિલાઓ, આવકવેરો ભરતી અને ફોર વ્હીલર ધરાવતી મહિલાઓને આ યોજનાનો લાભ નહીં મળે. મહિલા અને બાળ કલ્યાણ વિભાગ દ્વારા વેરિફિકેશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આમાં કેટલાક આંકડા ચોંકાવનારા છે. નાગપુરમાં ૧૨૨૮ બહેનો પાસે ફોર વ્હીલર હોવાની જાણ આરટીઓએ મહિલા અને બાળ કલ્યાણ વિભાગને કરી છે, જેમાં કહેવામાં આવ્યું છે કે કેટલી મહિલાઓ પાસે ફોર વ્હીલર છે અને તેઓ યોજનાનો લાભ લઈ રહી છે.

# હાજી અલીથી મરીન ડ્રાઈવને જોડતો કોસ્ટલ રોડનો ઈન્ટરચેન્જ આર્મ ખુલ્લો મુકાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ કોસ્ટલ રોડ પ્રોજેક્ટમાં મહત્ત્વનો ઈન્ટરચેન્જ આર્મ (રસ્તો) જે હાજી અલી જ્યુસ સેન્ટરથી મરીન ડ્રાઈવને જોડે છે, તેને બુધવારે સવારના ટ્રાફિક માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. હવે બાન્દ્રા-વરલી સી લિંકને લોટસ જેટ્ટી-વરલી નાકા સાથે જોડતા છેલ્લા રોડને માર્ચના ત્રીજા અઠવાડિયામાં ખૂલ્લો મૂકવામાં આવે એવી શક્યતા છે. કોસ્ટલ રોડ ૧૦.૫૮ કિલોમીટર લાંબો પ્રિન્સેસ સ્ટ્રીટ ફ્લાયઓવરથી બાન્દ્રા-વરલી સી લિંકના છેડા સુધી ફેલાયેલો છે. આ પ્રોજેક્ટમાં હાજી અલી, પેર રોડ (અમરસન્સ ગાર્ડન) અને વરલી સી ફેસ સહિતના મહત્ત્વના સ્થળો મલ્ટી લેવર ઈન્ટરચેન્જ આપવામાં આવ્યા છે. જ્યારે પેડર રોડ ઈન્ટરચેન્જમાં ચાર એન્ટ્રી-એક્ઝિટ આર્મ આપવામાં આવ્યા છે, જ્યારે હાજી અલી ઈન્ટરચેન્ચમાં આઠ આર્મ આપવામાં આવ્યા છે. તો વરલી ઈન્ટરચેન્જમાં પાંચ આર્મ છે. અગાઉ પહેલા કોસ્ટલ રોડ પર પ્રવેશ કરવા દક્ષિણ તરફ જતા વાહનોને વરલીથી અથવા અમરસન્સ ઈન્ટરચેન્જ અથવા તો બાન્દ્રા-વરલી સી લિંકથી જવું પડતું હતું. કોસ્ટલ રોડ પ્રોજેક્ટના ઉચ્ચ અધિકારી એમ.એમ. સ્વામીએ મુંબઈ સમાચારને જણાવ્યું હતું કે હવે એક માત્ર વરલીનો ઈન્ટરચેન્જ રસ્તો ખુલ્લો મુકવાનો બાકી છે.


## ક્લાસિફાઈડ

### ૧૪. નોકરી ખાલી છે

AADI ACADEMY GOREgaon requires pre primary & primary class Teachers & English, Sanskrit Teachers with min.2 yrs. exp. resume via WhatsApp 9004090800. (B-15558)

### ૧૭. જગ્યા આપવી છે

**માટુંગા સેન્ટ્રલ**

ફોર સેલ, જેડ વેદાંત, શેઠ બી એન રોડ, ૨ બીએચકે ફ્લેટ, ૭૪૧ કાર્પેટ, છઠ્ઠા માળે, લીફ્ટ, પાર્કિંગ છે, માટુંગા સ્ટેશન, દેરાસર અને કિંગ્સ સર્કલથી ૫ મિનિટ, 3.35 કરોડ નેગોશીએબલ. સંપર્ક : ૯૮૨૧૪૨૪૬૫૯. (બી-૧૫૫૪૩)

**ખાર (વેસ્ટ)**

ફક્ત ગુજરાતી માટે ૬ બેડરૂમ, ૬ બાથરૂમ, ૨ કિચન, સ્પેશિયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોયલેટ, ૪ પાર્કિંગ, એરિયા ૨૩૦૦' કારપેટ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડિંગ, વેચાણથી. ''ઓનર''-૯૮૨૦૧૫૬૧૩૩. (બી-૧૫૨૫૩)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

### ૩૩. ધંધાદારી

WANTED LENDERS/INVEStors for Clients with Big Projects / Business Finance (Pan India) (Genuine Lenders) Please Contact Mr. Goves - 9920689842. (B-15514)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699. (કાંદિવલી). (૧૫૫૭૮-બી)

**એસ પેસ્ટીસાઈડ**

(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજાર : 9029181030. (૧૫૪૩૯-બી)

### ૪૬. વોટર પ્રુફિંગ

**વોટરપ્રૂફિંગ સ્પેશ્યાલિસ્ટ**

ટેરેસ, છજ્જા, બાથરૂમ, સીવીલ કામ, પેઈન્ટીંગ, 7 વર્ષની વૉરન્ટી - 7021222104, 8450941119. (બી-૧૫૫૫૪)

### ૫૨. કુરીઅર્સ

**એસએસ એક્સપ્રેસ**

કુરિયર, યુકે, યુએસએ, કેનેડા, દુબઈ, ઓસ્ટ્રેલિયા, યુરોપ, 9699601689/ 8291516972. (બી-૧૫૪૫૬)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


## છેલ્લા પાનાનું ચાલુ

### ઓપરેશન ટાઈગરે

શિંદે જૂથના સંપર્કમાં છે, ત્યાર બાદ ઠાકરે જૂથમાંથી પહેલી વિકેટ પડી છે. ઠાકરે જૂથના વિધાનસભ્ય રાજન સાળવીએ રાજીનામું આપતા મહારાષ્ટ્રના રાજકારણમાં વધુ ઉથલપાથલ થઈ શકે એમાં નવાઈ નથી, એમ સૂત્રોએ પણ હવે દાવો કર્યો હતો. વિધાનસભાની ચૂંટણીના પરિણામો પછી ઉદ્ધવ ઠાકરે જૂથમાંથી બીજી પાર્ટીમાં જવાની મોસમ શરૂ થઈ ગઈ છે, જેમાં વધુ એક નેતાનું નામ જોડાતા રાજકીય હિલચાલ વધી છે.

ઠાકરે જૂથમાંથી સાળવીએ રાજીનામું આપ્યા પછી વધુ કાર્યકરો અને નેતાઓ પણ પક્ષમાંથી રાજીનામું આપી શકે છે, એવો પણ સૂત્રોએ દાવો કર્યો હતો. ઉદ્ધવ ઠાકરે જૂથમાં ખાસ કરીને તેમના કામની કોઈ નોંધ નહીં લેવાતી અને એના અંગે ઉદ્ધવ ઠાકરેનું પણ ધ્યાન દોર્યું હતું, પરંતુ તેની અવગણના પછી આ રાજીનામું આપવાનું પગલું ભર્યું હોવાનું જાણવા મળે છે.

### ગેરકાયદે પત્ની

સુધી પહોંચી. આઘાતજનક રીતે, ફકરા ૨૪ માં, હાઇકોર્ટે આવી પત્નીને 'વિશ્વાસુ રખાત' તરીકે વર્ણવી છે,'' એવું પણ નિરીક્ષણ અદાલતે કર્યું હતું.

બેન્ચે કહ્યું કે, બંધારણની કલમ ૨૧ હેઠળ, દરેક વ્યક્તિને ગૌરવપૂર્ણ જીવન જીવવાનો મૂળભૂત અધિકાર છે.

''કોઈ સ્ત્રીને 'ગેરકાયદેસર પત્ની' અથવા 'વિશ્વાસુ રખાત' કહેવું એ ભારતના બંધારણની કલમ ૨૧ હેઠળ તે સ્ત્રીના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન થશે. આ શબ્દોનો ઉપયોગ કરીને સ્ત્રીનું વર્ણન કરવું આપણા બંધારણના સિદ્ધાંતો અને આદર્શોની વિરુદ્ધ છે,'' એમ કોર્ટે કહ્યું હતું. (પીટીઆઈ)

### બપોરે ગરમી

અનુભવ થઈ રહ્યો છે.

દરમિયાન છેલ્લા કેટલાક દિવસોથી મુંબઈમાં હવાની ગુણવત્તા પણ કથળી છે અને પ્રદૂષણમાં વધારો થયો છે. દિવસે ભારે ગરમી અને સવારે અને રાતના સમયે ઠંડીના કારણે મુંબઈવાસીઓના સ્વાસ્થ્ય પર પણ ખરાબ અસર પડી છે અને આવનારા દિવસોમાં પણ આવું જ વાતાવરણ ચાલુ રહેવાની શક્યતા છે, જેને કારણે લોકોને પોતાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવાની અપીલ કરવામાં આવી છે.

### ડીજીજીઆઈની તપાસમાં

પસાર કરવામાં આવી હતી.

આ કેસમાં ધરપકડ કરાયેલો શખસ મુઝફ્ફરનગરમાં આવેલી ખાનગી કંપનીનો ડિરેક્ટર છે. તપાસ દરમિયાન એવું સામે આવ્યું હતું કે આ ટોળકી નવા જીએસટી રજિસ્ટ્રેશન પ્રાપ્ત કરવા અને ચોરી પકડાઇ ન જાય તે માટે સરનામાં, ઓળખ, ઇ-મેઇલ આઇડી અને ફોન નંબરોનો ડેટાબેઝ ફેરવતી રહેતી હતી.

આરોપીએ મુખ્યત્વે આર્થિક રીતે પછાત વર્ગના કર્મચારીઓની જાણ બહાર તેમની અંગત વિગતોનો આ માટે દુરુપયોગ કર્યો હતો.

સર્ચ દરમિયાન મૂળ ઇન્વોઇસીસ, નાણાકીય નોંધ, કંપનીના સ્ટેમ્પ અને સીલ મળી આવ્યાં હતાં.

અત્યાર સુધીની તપાસમાં ૨૦ બોગસ કંપનીઓ મળી આવી છે, જેની ખરેખર કોઇ વેપાર પ્રવૃત્તિ નહોતી. આ પ્રકરણે ઠગાઇ કરતી કંપની સાથે સંકળાયેલું એક બેન્ક એકાઉન્ટ ફ્રીઝ કરવામાં આવ્યું છે, તેની તપાસ ચાલી રહી છે. (પીટીઆઇ)

### પીક અવર્સમાં દહિસર

પ્રતિબંધ મૂક્યો હતો. જો કે, મુંબઈમાં આનો અમલ કરવો પડકારજનક સાબિત થયો હતો. મુંબઈ ટ્રાફિક પોલીસે સત્તાવાળાઓને વિનંતી કરી કે તેઓ અસરકારક રીતે અમલ કરાવવા માટે ભારે વાહનો શહેરમાં પ્રવેશ્યા પછી તેનું નિયમન કરવાને બદલે દક્ષિણ તરફ જતા વાહનોને દહિસરમાં જ રોકે.

ગયા અઠવાડિયે જ, રાજ્યના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે અધિકારીઓને ભીડને ઓછી કરવા માટે દહિસર ટોલ પ્લાઝા પર ભારે વાહનો અને ફોર-વ્હીલર માટે અલગ લેન શરૂ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

એમબીવીવીના હેડક્વાર્ટરના ડેપ્યુટી પોલીસ કમિશનર સુહાસ બાવચેએ સ્વીકાર્યું કે દહિસર ટોલ પ્લાઝા પર ટ્રાફિકની મુખ્ય સમસ્યા છે, જેથી વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે પર લાંબી કતારો લાગે છે. જો કે ટોલ મુખ્યત્વે ભારે વાહનો માટે છે, છતાં ચાર પૈડાવાળા વાહનો પણ એ જ લેન વાપરતા હોવાથી તેને પણ અસર થાય છે. આનાથી નાના વાહનો, ઈમરજન્સી સેવાઓ, એમ્બ્યુલન્સ અને વીઆઈપી કાફલાઓને અસુવિધા થઈ રહી છે. તેમણે પુષ્ટિ કરી કે મહારાષ્ટ્ર પોલીસ એક્ટ, ૧૯૫૧ અને મોટર વ્હીકલ એક્ટની કલમ ૩૩ (૧) (બ) હેઠળ ઔપચારિક સૂચના જારી કરવામાં આવી છે. જો કે, પોલીસ, મહેસૂલ વિભાગ, ફાયર બ્રિગેડ ટેન્ડરો, પીવાનાં પાણીના ટેન્કર, સ્કૂલ બસો, શાકભાજી પરિવહન વાહનો, એમ્બ્યુલન્સ અને પોલીસ દ્વારા અધિકૃત વાહનો, મુંબઈ, થાણે અને પાલઘરના જિલ્લા મેજિસ્ટ્રેટ, મુંબઈના મ્યુનિસિપલ કમિશનરો, મીરા-ભાઈંદર, વસઈ-વિરાર અને નેશનલ હાઈ ઓથોરિટી ઈન્ડિયા સહિત આવશ્યક સેવાના વાહનો માટે છૂટ આપવામાં આવી છે.

### મુંબઈમાં જીબીએસથી

હૉસ્પિટલમાં આઈસીયુમાં સારવાર ચાલી રહી છે. આ દરમ્મયાન મંગળવારે નાયર હૉસ્પિટલમાં ૫૩ વર્ષના દર્દીનું મૃત્યુ થયું હતું. પગમાં અશક્તિ જણાતા તેને ૨૩ જાન્યુઆરી, ૨૦૨૫ના નાયર હૉસ્પિટલના આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યો હતો અને બાદમાં તેને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યો હતો.

સારવાર ચાલી રહી હતી એ દરમ્યાન તેને જીબીએસનો ચેપ લાગ્યો હોવાનું નિદાન થયું હતું. તે મુજબ દર્દી પર સારવાર ચાલી રહી હતી. સારવાર દરમ્યાન સોમવાર, ૧૦ ફેબ્રુઆરીના દર્દીનું મૃત્યુ થયું હતું. આ દર્દીમાં અગાઉ તાવ કે ડાયેરિયાનાં કોઈ લક્ષણો જણાયાં નહોતાં. તેને ફક્ત હાઈ બ્લડપ્રેશરની તકલીફ થઈ હતી. નાયર હૉસ્પિટલમાં દાખલ થવાના ૧૬ દિવસ પહેલા આ દર્દી પુણે જઈ આવ્યો હોવાનું જણાયું હતું.

એ સિવાય હાલ પાલઘરની ૧૬ વર્ષની ટીનએજરને જીબીએસનો ચેપ લાગતા તેના પર નાયર હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. સારવારને કારણે તેની તબિયતમાં સુધારો હોવાનું પાલિકાએ જણાવ્યું હતું.

આ દરમિયાન બુધવારે બુધવારે પુણેમાં જીબીએસના પાંચ નવા શંકાસ્પદ દર્દી નોંધાયા હતા, એ સાથે જ જીબીએસના દર્દીનો આંકડો ૧૯૭ થઈ ગયો છે. ૧૯૭ કેસમાંથી ૧૭૨ લોકોને જીબીએસ થયો હોવાનું નિદાન થઈ ગયું છે. ગીઆન-બેરે સિન્ડ્રોમ એક ઓટોઈમ્યુન ડિસઓર્ડર છે, જેમાં શરીરની રોગપ્રતિકારકશક્તિ પોતાની જ નવર્સ સિસ્ટમ પર હુમલો કરે છે તેને કારણે સ્નાયુ નબળા પડે છે અને દર્દીને લકવો થઈ શકે છે. પ્રૌઢ લોકોને આ બીમારી થવાની શક્યતા વધારે છે. આ બીમારી ચેપી નથી. એટલે કે એક વ્યક્તિમાંથી બીજાને ચેપ લાગવાની શક્યતા નથી. આ બીમારી પર તાત્કાલિક સારવાર આવશ્યક છે. આ બીરી નવી નથી . જીબીએસમાં મોટા ભાગના કેસમાં લકવો થવાનું પ્રમાણ વધારે હોય છે, જેમાં લગભગ ૯૫ ટકા પ્રકરણમાં કમર નીચેના અવયવમાં અશક્તિ જણાઈ આવે છે. તો બાકીના પાંચ ટકામાં કમરના ઉપરના ભાગમાં અશક્તિ આવે છે.

### અમારા બાપ્પાની મૂર્તિનું

બોરીવલીના એક મંડળની ગણપતિબાપ્પાની મૂર્તિ ફરી મંડપમાં લાવીને ઢાંકી દેવામાં આવી છે અને ગણેશમંડળો હવે આ મુદ્દે રાજ્ય સરકાર શું કરે છે તેની રાહ જોઈ રહ્યા છે.

માઘી ગણેશોત્સવના ગણપતિનું મંગળવારે અગિયારમાં દિવસે વિસર્જન હતું, પરંતુ કાંદિવલી અને બોરીવલીના અમુક ગણેશમંડળોએ તેમની ૨૦થી ૨૨ ફૂટની ગણેશમૂર્તિના વિસર્જન કૃત્રિમ તળાવમાં કરવા તૈયાર નહોતા અને બાપ્પાનું અવમાન થાય કહીને પોતાની મૂર્તિઓનું વિસર્જન નહીં કરતા પાછા પોતાના મંડપમાં લઈ આવ્યા છે, જેમાં કાંદિવલી (પશ્ચિમ)ના મહાવીર નગરના 'કાંદિવલી ચા શ્રી' મંડળનો પણ સમાવેશ થાય છે.

આ મંડળના ટ્રેઝરર સાગર બામનોલીકરે 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે કૃત્રિમ તળાવમાં મૂર્તિનું વિસર્જન કરીને અમે બાપ્પાનું અપમાન કરવા માગતા નથી. અમારી મૂર્તિ પગથી માથા સુધીની ૧૫ ફૂટ અને નીચેના સ્ટેન્ડ સાથે તેની ઊંચાઈ ૨૬ ફૂટની છે. કૃત્રિમ તળાવમાં આટલી મોટી મૂર્તિનું વિસર્જન શક્ય નથી. અમારી મૂર્તિને મંગળવારે અમે સરઘસ કાઢીને વિસર્જન માટે લઈ ગયા હતા પણ અમને રોકવામાં આવતા અમારી મૂર્તિને અમે પાછી અમારા મંડપમાં લઈ આવ્યા છીએ. અમારી મૂર્તિનું વિસર્જન અમે દરિયામાં જ કરશું પછી ભલે ગમે તેટલી અમને રાહ જોવી પડે. અમારા મંડપમાં બોરીવલીના એક ગણેશમંડળની પણ મૂર્તિ રાખવામાં આવી છે, તેમને પણ કુદરતી જળસ્રોતમાં વિસર્જન કરતા રોકવામાં આવ્યા હતા.

કાંદિવલીના ચારકોપના અન્ય મંડળની મૂર્તિનું પણ વિસર્જન કરવામાં આવ્યું નથી. મંડળે પોતાના બાપ્પાની મૂર્તિને મંડપમાં ઢાંકીને રાખી છે. 'ચારકોપચા રાજા સાર્વજનિક માઘી ગણેશોત્સવ મંડળ'ના પદાધિકારી અને ભૂતપૂર્વ નગરસેવિકા શુભદા ગુડેકરે 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે અમે કોર્ટના આદેશનું અપમાન કરવા માગતા નથી. પરંતુ અમારી મૂર્તિનું વિસર્જન અમે કૃત્રિમ તળાવમાં કરીશું નહીં. અમારી મૂર્તિને અમે પાછી મંડપમાં રાખી છે અને રાજ્ય સરકારના આદેશની રાહ જોઈ રહ્યા છે. સરકાર શું આદેશ આપે છે એ બાદ અમે આગળનાં પગલાં લઈશું.

આ દરમ્યાન પીઓપીની મૂર્તિના વિસર્જનના મુદ્દે થયેલા વિવાદ બાદ રાજ્ય સરકારે આ બાબતે ફરી સુપ્રીમ કોર્ટમાં જવાનો નિર્ણય મંગળવારે લીધો હોવાનું જાણવા મળ્યું છે. મુંબઈના પાલક પ્રધાન સહિત અનેક પ્રધાનોએ આ બાબતે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સામે નારાજગી વ્યક્ત કરી હોવાનું કહેવાય છે.

## જૈન મરણ

**કચ્છ વાગડ સાત ચોવીસી જૈન**

કીડીયાનગર હાલે મલાડ - વેલજીભાઈ ધારસીભાઈ વોરા (ઉં. વ. ૮૬) તા. ૧૧-૨-૨૫ના અરિહંતશરણ થયેલ છે. તે વાડીલાલ તથા બાદરલાલના ભાઈ. અશોક, કનક, હિતેન્દ્ર, રમીલાના પિતાશ્રી. અ. સૌ. તારાબેનના પતિ. મેતા બળવંત પ્રેમચંદના જમાઈ. હર્ષવર્ધન, કુમારપાળ, ધવલ, કૌશલ તથા ઉર્વિલના દાદાશ્રીની પિતૃવંદના. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, એસ. વી. રોડ, (પારેખ લેન કોર્નર), કાંદિવલી વેસ્ટ, મુંબઈ-૯૭ તા. ૧૩-૨-૨૫ સવારે ૧૦ થી ૧૨.

**હાલાર વિશા શ્રીમાળી જૈન**

ભાણવડ નિવાસી હાલ બરોડા સ્નેહલબેન (ઉ. વ. ૮૧) તે સ્વ. ચંપકભાઈ અમૃતલાલ ભાણજીભાઈ શાપરીયાના પત્ની. પારૂલ તુષાર કિકાણીના માતુશ્રી. સ્વ. ગંભીરચંદ ઉમેદચંદ શાહના દીકરી. સ્વ. પ્રવીણભાઈ, સ્વ. કિશોરભાઈ, સ્વ. ધનલક્ષ્મીબેન, સ્વ. ઊર્મિલાબેન, સ્વ. નિરંજનાબેન, નલિનીબેનના ભાભી. તે નયનાબેન પ્રવીણભાઈ, અરૂણાબેન કિશોકભાઈના દેરાણી. નીલ, રાજના નાની તા. ૯-૨-૨૫ રવિવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વઢવાણ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. વિમળાબેન જયંતીલાલ શાહના પુત્રવધૂ. સ્વ. મહેન્દ્રભાઈ શાહની પત્ની નયનાબેન (ઉં. વ. ૭૨) મંગળવાર, તા. ૧૧-૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે અમી-રાજેશ, રૂપલ-સચીન, પિંકેશ-રામીયાના માતુશ્રી. ખ. સં. ના. પુ. હર્ષિદાબાઈ મહાસતીજી સંસારી. સ્વ. નલીની-શશીકાંત, ભારતી-સ્વ. કાર્તિકેય, ચિ. વર્ષા, જયશ્રી-ભરતકુમાર, નીતા-પ્રફુલકુમાર, રાજુલ-મિલનકુમારના ભાભી. પિયર પક્ષ સ્વ. જયાલક્ષ્મીબેન દલસુખભાઈ દોશીની દીકરી. કિર્તી, હિતેશ, વિશાખા નરેન્દ્રકુમાર, હિરેનના બેન. પ્રાર્થનાસભા રાખેલ નથી તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી ગુર્જર જૈન**

કચ્છ ભુજ નિવાસી સ્વ. ચુનીલાલ લક્ષ્મીચંદ શાહના સુપુત્ર ખુશાલભાઈ ચુનીલાલ શાહ (ઉં. વ. ૮૦) હાલે ભાંડુપ, કલોલીનીબેનના પતિ. ચૈતાલી દિપક દોશી અને સ્વ. ચિતનના પપા. ચિ. વૈષ્ણવી અને નૈતિકના નાના. સ્વ. જેચંદ તારાચંદ શાહના જમાઈ તા. ૧૧-૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

રાજકોટ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. નૌતમલાલ ચુનીલાલ ભીમાણીના પુત્ર ભાસ્કરભાઈના ધર્મપત્ની ભારતીબેન (ઉં. વ. ૭૪) તે ભક્તિ કુમાશ દમણીયાના માતુશ્રી. વિરેભાઈના ભાભી. જ્યોતિબેનના જેઠાણી. મિશીકા, પ્રીશા, દિયાના નાની. હીયાના દાદી. સ્વ. મનસુખલાલ અભેચંદ હેમાણીના દીકરી. તા. ૧૧-૨-૨૫ના મંગળવારના દેહપરિવર્તન થયેલ છે. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ધ્રોલ નિવાસી હાલ મુંબઈ પ્રદિપભાઈ વનેચંદ ગાંધીના ધર્મપત્ની અ. સૌ. નિશા (નૂતન) (ઉં. વ. ૬૯) સ્વ. કમળાબેન વનેચંદભાઈ (કાકુભાઈ) ગાંધીના પુત્રવધૂ. અ. સૌ. હેમાલી ચિરાગભાઈ શાહ, સ્વ. ભાવિન પ્રદિપભાઈ ગાંધીના માતુશ્રી. વિલાસબેન, અસ્મિતાબેન, નયનાબેન, સરોજબેન વિજયભાઈ ગાંધીના ભાભી. વિનોહીનીબેન મહેન્દ્રભાઈ શાહ (નાગપુરવાળા)ની સુપુત્રી. ચિ. પ્રીશાના નાની તા. ૧૨-૨-૨૫ બુધવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**જામનગર હાલાર વિ. શ્રી. સ્થા. જૈન**

જામનગર નિવાસી હાલ મુંબઈ શૈલેષ શેઠ (ઉં. વ. ૭૫) તે સ્વ. જયંતીલાલ દયારામ શેઠ તથા સ્વ. ચંચળબેનના પુત્ર. સ્વ. નલીનીના પતિ. ચિ. મીનોલીના પિતા. તે મૂળરાજભાઈ, ધનરાજભાઈ, સ્વ. યોગેન્દ્રભાઈ, જ્યોતિ પ્રદીપ શાહ તથા નેમીષભાઈના નાનાભાઈ. ભારતીબેન, સાધનાબેન, સ્વ. રૂપાબેન, વિણાબેનના દીયર. તે સસરા પક્ષે રતિલાલભાઈ વસાના જમાઈ તા. ૧૧-૨-૨૫ના રાજકોટ મુકામે અરિહંતશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

દેવપુરના લક્ષ્મીબેન નિસર (ઉં.વ. ૯૨) તા. ૧૦-૨-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. વાલબાઈ તેજશીના પુત્રવધૂ. નરેડી સ્વ. વાલબાઈ મુરજીના પુત્રી. સ્વ. કુંવરજી તેજશીના ધર્મપત્ની. હરીશ, ગઢશીશાના પ્રેમા પ્રેમજી, નરેડી રૂક્ષમણી મણિલાલ, હાલાપુર પુષ્પા મણિલાલ, ડુમરા કુસુમ

### એકનાથ શિંદેનો

પરિષદ આપશે. બાદમાં, ભાજપે તેમના માટે હંમેશા માટે પોતાના દરવાજા બંધ કરી દીધા.

વિનાયક રાઉતે કહ્યું કે જ્યારે રાજન સાળવી છેલ્લા ૩૫ વર્ષથી શિવસેનામાં કામ કરી રહ્યા હતા, ત્યારે તેમને સંપૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવી હતી. જો કોઈ બેઈમાની અને વિશ્વાસઘાત કરવા માંગતું હોય, તો તેણે કોઈને દોષ આપવો પડે અને તેણે મને દોષ આપ્યો.

વિધાનસભા ચૂંટણીમાં હારની નૈતિક જવાબદારી સ્વીકારીને રાજન સાળવીએ ઉપનેતાપદેથી રાજીનામું આપી દીધું છે. હવે તેઓ શિંદેની શિવસેનામાં જોડાવા જઈ રહ્યા છે.

### એકનાથ શિંદેનું સન્માન

સાથે ''વિશ્વાસઘાત'' કરી તેને ઉથલાવી દીધી હતી.

એનસીપી (એસપી)ના સાંસદ અમોલ કોલ્હેને પ્રતિક્રિયા પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે રાઉત પોતાનો અંગત અભિપ્રાય વ્યક્ત કરી શકે છે. દિલ્હીમાં આ કાર્યક્રમ અખિલ ભારતીય મરાઠી સાહિત્ય સંમેલનનો એક ભાગ હતો. દરેક બાબતમાં રાજકારણ વચ્ચે ન લેવાય. મને નથી લાગતું કે તેમાં કંઈપણ ખોટું છે. પવાર આ કાર્યક્રમ (સ્વાગત સમિતિ)ના પ્રમુખ છે. (પીટીઆઈ)

## હિન્દુ મરણ

ગામ માહિમના ચંદન શંકર ખેરાત (ઉં.વ. ૪૫) મંગળવાર, તા. ૧૧.૦૧.૨૦૨૫ના અવસાન પામેલ છે. ડિમ્પલના પતિ. ગામ લાકડિયાના હાલે માટુંગા-વેસ્ટના જવેરબેન શીવજી જેઠાલાલ છેડાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી.

ગામ મોટા જિંજુડા સાવરકુંડલા હાલ મુંબઇ મહાલક્ષ્મીના સ્વ. જેઠીબેન રાઠોડ (ઉં.વ. ૮૦) રવિવાર, તા. ૯.૨.૨૦૨૫ના રામચરણ પામ્યા છે. તે સ્વ. સોમાભાઈ કમા રાઠોડના ધર્મપત્ની. વિશ્રામભાઈ બેચર બારીયાના બહેન. મીનાબેન, વાલજીભાઈ, સુરેશભાઈ, સ્વ. ગિરધરભાઈના માતા. સ્વ. મેઘજી દેવજી મિયાત્રા, લીલાબાઈ, ઉષાબાઈ, ચંદ્રિકાબાઈના સાસુ. પરેશ, રવજીના નાની. બારમું તા. ૧૪/૨/૨૦૨૫ના શુક્રવારે ૫ કલાકે. એ૬/૨૦૬ સંતશ્રી વીર મેઘમાયા માર્ગ, રેસકોર્સ ગેટ ન.૪ની સામે, મુંબઈ-૩૪.

**હાલાઈ લોહાણા**

ગામ પોરબંદર નિવાસી સ્વ. લીલાવંતી ભગવાનદાસ મદલાણીના દીકરી. હાલ મલાડ સ્વ. હરેશભાઈ લક્ષ્મીદાસ ગણાત્રાના પત્ની. હસુમતીબેન ગણાત્રા (ઉં.વ. ૮૧) તા. ૧૦-૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. જોલી, મુકેશ, મનીષા નલિન ઠક્કર અને સ્વ. સમીરના માતા. ધરતી તથા કલ્પનાના સાસુ. ઉર્વશી, અભિષેક, જીલ અને આદિત્યના દાદી. તે રુચિ, કૃષ્ણ, શિવમના નાની. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૩-૨-૨૫ના ૫ થી ૬.૩૦. ઠેઃ લોહાણા મહાજન વાડી, શંકર મંદિરની બાજુમાં, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ). (બંને પક્ષ તરફથી પ્રાર્થનાસભા સાથે રાખેલ છે).

**હાલાઈ ભાટીયા (વિરજીયાણી)**

મુંબઈ નિવાસી કુમારી ટીના ઉદય સંપત (ઉં. વ. ૪૦) મંગળવાર, તા. ૧૧-૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. જ્યોતિબેન જેઠાભાઈની પૌત્રી. અ. સૌ. પૂનમની સુપુત્રી. જુતિકાની નાનીબહેન. દક્ષની માસી. ગં. સ્વ. ભાનુમતી બીપીનભાઈ નેગાંધીની દોહિત્રી. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૩-૨-૨૫ના ૫ થી ૭. ઠેઃ વનિતા વિશ્રામ હોલ, એસ. વી. પી. રોડ, રિલાયન્સ હૉસ્પિટલની બાજુમાં, મુંબઈ-૪૦૦૦૦૪. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

મૂળગામ રાજકોટ નિવાસી હાલ ઉલ્લાસનગર (વિઠ્ઠલવાડી) સ્વ.નારાયણદાસ હીરાલાલ ચંદારાણાના ધર્મપત્ની ગં.સ્વ. અનસૂયાબેન (ઉં.વ. ૮૨) તા.૧૧/૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે ઉમેશ, સુરેશ, મુકેશ તથા રેખાના માતુશ્રી, વર્ષા, અલ્કા, હિના, નિલેશકુમાર દ્વાવડાના સાસુ, તેજસ-મેઘના, નિકુંજ, વિકી, રીના, ડિમ્પલ, ચાંદની, પૂજા તથા યશના બા. પિયરપક્ષે કિશોરભાઈ મોરારજીભાઈ બથિયાના બહેન. બંનેપક્ષની પ્રાર્થનાસભા તા.૧૩/૨/૨૫

નિરંજનના માતા. નરેડી કુંવરજી, નાનજી, દેવરાજ, ગઢશીશાના રતનબેન, કોટડા (રો) ગંગાબેનના બેન. પ્રા. શ્રી ક.વી.ઓ. દે. સંચાલીત શ્રી જીરાવલ્લા દેરાસર વાડી, દેરાસર લેન, ઘાટકોપર, સ. ૩ થી ૪.૩૦ ત્વચા દાન કરેલ છે.

ભુજપુર હાલે ઉદવાડા મણીબેન રામજી ગોગરી (ઉં.વ. ૯૬) ૧૧-૨-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. ઉમરબાઈ લાલજીના પુત્રવધૂ. સ્વ. દેવચંદ, સુરેશ, પુષ્પાબેન, કુસુમ, વિમળા, સરોજના માતુશ્રી. સુંદરબેન રવજીના પુત્રી. વશનજી, દેવજી, મુલચંદ, કપાયા લક્ષ્મીબેન રામજી, મોખા પુરબાઈ શામજી, કારાઘોઘા ઉમરબાઈ હંસરાજના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. સુરેશ ગોગરી, દેસાઈ ફળીયો, રૂમ નં. ૩૫૬, ઉદવાડા (આરએસ), પીન-૩૯૬૧૮૫, જી. વલસાડ.

મોખાના નિર્મલા (લક્ષ્મી) ચુનીલાલ છેડા (ઉં.વ. ૮૯) તા. ૧૧-૨-૨૫ના અવસાન પામેલ છે. મેઘબાઈ બાલુ પાસુના પુત્રવધૂ. સ્વ.ચુનીલાલના પત્ની. જીતેન્દ્ર, જુગલ, સ્વ. ભરત, કૈલાશના માતુશ્રી. ગુંદાલા લાછબાઈ હીરજી દેવશીના પુત્રી. રામજી, નાનજી, નાનાલાલ, પ્રેમિલા, ઝવેર, લીંબડી અજરામર સં. બ્રાહ્મીકુમારી સ્વામીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. જીતેન્દ્ર છેડા, એ-૫/૬ નવ માઉલી, માનપાડા રોડ, ડોમ્બિવલી (ઈ).

રાયધણજરના ચેતન ટોકરશી ગડા (ઉં.વ. ૪૯) ૧૧-૨-૨૫ના અવસાન પામેલ છે. ગં.સ્વ. સુશીલા ટોકરશીના પુત્ર. ભાવનાના પતિ. સ્વ. માયા, છાયા, ભાવેશના ભાઇ. ભાનુબેન પ્રેમજી તેજસી છેડાના જમાઇ. પ્રાર્થના : શ્રી મુનિ સુવ્રત દેરાસર, ૪થે માળે, ટેંબીનાકા, થાણા (વે.) ટાઇમ : બપોરના ૨.૩૦ થી ૪. નિ. સુશીલા ટોકરશી, ૧૦૧, સાઇ આનંદ ટાવર, ધોબી આળી, ટેંબીનાકા, થાણા (વે.) ૬૦૨.

ગઢશીશાના અ. સૌ. તૃપ્તિ ( ટીકુ ) રમણીક ગોસર (ઉં.વ. ૬૧) તા. ૧૦/૨/૨૫ના અરિહંતશરણ પામેલ છે. માતુશ્રી દેવકાબેન કરમશી દેવજી ગોસરના પુત્રવધુ. રમણીકના પત્ની. ધીરેનના માતુશ્રી. કોટડા (રોહા)ના હેમલતાબેન કલ્યાણજી (મંગલભાઈ) રાજપારના સુપુત્રી. સુધા નવીન પાસડ, હાલાપરના હર્ષદા (છોટી) લક્ષ્મીચંદ મારૂના બહેન. પ્રાર્થના રાખેલ નથી. ઠેકાણું : તૃપ્તિ ગોસર, બી/૧૫, સતગુરૂ એપાર્ટમેન્ટ, ગોકુલનગર, થાણા (વેસ્ટ).

બગડાના વસનજી રવજી ચંદુવા (ઉં.વ. ૯૦) તા. ૧૧-૨-૨૫ના અવસાન પામ્યા છે. પાનબાઈ રવજી આસુના સુપુત્ર. ચંચળબેનના પતિ. લક્ષ્મીચંદ, વનિતા, સરલા, શર્મિલાના પિતાશ્રી. પ્રેમજી, રતાડીયા-ગ. કંકુબેન ટોકરશી દેવજી, કપાયા વેલબાઈ લાલજી વીરજી, છસરા ઉમરબાઈ લાલજી મૂરગના ભાઈ. બિદડા ભાણબાઈ ગોસર કોરશીના જમાઈ. પ્રા. ટીપટોપ પ્લાઝા, તીન હાથ નાકા, થાણા (વેસ્ટ). ટા. ૪.૩૦ થી ૬.૦૦.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ પીપરાળા હાલે લાકડીયાના સંજય કરશન રામજી નિસર (ઉં.વ. ૫૨) રવિવાર, તા. ૦૯.૦૨.૨૦૨૫ના દેશમાં અવસાન પામેલ છે. સ્વ. લખમીબેન રામજી રાજાના પૌત્ર. સ્વ. વિશાબેન કરશનના સુપુત્ર. મંજુલાના પતિ. વૃત્તિકા, ધનવીના પિતાશ્રી. સુનીલ, શૈલેશના ભાઈ. સ્વ. ગોમતીબેન તેજશી ભચુ ગડાના જમાઈ. પ્રાર્થના સભા ગુરૂવાર, તા. ૧૩.૦૨.૨૦૨૫ના સમય ૩.૦૦ થી ૪.૩૦ સ્થળ.યોગી સભાગૃહ, સ્વામી નારાયણ મંદિરની બાજુમાં, દાદર-ઈસ્ટ.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ વામકા હાલે ભચાઉના સ્વ. ભગવાનજી રવજી મણશી ગડા (ઉં.વ.૭૪) સોમવાર, તા. ૧૦.૦૨.૨૦૨૫ના અવસાન પામેલ છે. સ્વ. ચોથીબેન રવજીના સુપુત્ર. કેશરબેનના પતિ. વિજય, અમિત, નીતાના પિતા. મિતુલ, નયના, ઉર્વીના સસરા. સ્વ. હરખચંદ, ગુલાબચંદ, સ્વ. હરખુબેન, ગં.સ્વ. પાંચીબેન, સ્વ. સંતીબેન, નવલબેનના ભાઈ. આધોઈના રૂપાબેન ખેરાજ ચરલાના જમાઈ. પ્રાર્થના સભા ગુરૂવાર, તા. ૧૩.૦૨.૨૦૨૫ના સમય ૧૦.૩૦ થી ૧૨.૦૦ સ્થળ. કરશન લધુભાઈ નિસર હોલ, દાદર-વેસ્ટ.

## પારસી મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

ગુરુવારના ૪ થી ૬. કલ્યાણ લોહાણા મહાજનવાડી, આગ્રારોડ, કલ્યાણ વેસ્ટ.

**લેઉવા પટેલ**

શૈલેષભાઇ પટેલ (રાંક) (ઉં.વ. ૬૧) તે કુંવરબેન લીલાધર પટેલના પુત્ર. ગીતાના પતિ. હેલીના પિતા. સનંતના સસરા. ઈલાબેન, રીટાબેન, જાગૃતિબેનના ભાઈ. સ્વ. કાનજીભાઈ, જસમતભાઈ, મોહનભાઇના ભત્રીજા. મંગળવાર, ૧૧/૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૧૪/૨/૨૫ના ૪ થી ૬. સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ, હનુમાન ટેકડી, શિવ વલ્લભ રોડ, અશોકવન, દહિસર ઈસ્ટ.

**કપોળ**

નાગેશ્રીવાળા હાલ બોરીવલી સ્વ. ચંદ્રકાંત વલ્લભદાસ મહેતાના ધર્મપત્ની ગં.સ્વ. મનોરમાંબેન (ઉં.વ. ૮૫) તે રેખા, મયુર, ભાવેશના માતુશ્રી. વસંતકુમાર ચત્રભુજ સંઘવી, ઉર્વશી તથા તૃપ્તિના સાસુ. સ્વ. પ્રાણજીવન, સ્વ. ગુલાબરાયના ભાઈના પત્ની. પિયરપક્ષે ડેડાણવાળા સ્વ. પુરુષોત્તમદાસ કાળીદાસ સંઘવીના દીકરી ૧૧/૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શ્રી મચ્છુ કઠિયા સઈ સુથાર જ્ઞાતિ**

જોડીયા નિવાસી હાલ અંધેરી મનસુખલાલ મોહનલાલ પીઠડીયાના ધર્મપત્ની અ.સૌ. મધુબેન મનસુખલાલ પીઠડીયા (ઉં.વ. ૭૫) તા.૧૧/૦૨/૨૦૨૫ના શ્રીજીશરણ પામેલ છે, તે મીતા હીમાશું ગોહિલ, મેહુલના માતુશ્રી. ભુમિકાના સાસુ. શ્રેયાસં, ઉર્મી રાજ ગોહિલના બા. પિયરપક્ષ મનસુખભાઇ જગજીવનભાઈ મકવાણા (ઘાટકોપર)ના બેન. પ્રાર્થનાસભા તા.૧૩/૦૨/૨૦૨૫ ગુરુવારના ૪.૦૦ થી ૬.૦૦. ચતવાણી બાગ, ગ્રાઉંડ ફ્લોર, ગોખલે રોડ, વિલેપાર્લે સ્ટેશન નજીક, વિલેપાર્લે ઇસ્ટ.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

ચિતલ નિવાસી હાલ બોરીવલી સ્વ. મંગળાબેન રમણીકલાલ હરિલાલ નિર્મળના પુત્ર ભરતભાઈ (ઉં.વ. ૬૫) તા.૧૧/૦૨/૨૦૨૫ મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. રમેશભાઈ, સ્વ. વિજયભાઈ, ગિરિશભાઈ, શોભનાબેન અરવિંદકુમાર વીંછી, રેખાબેન મેઘાવ્રત દૂબળ, પ્રજ્ઞાબેન જીતુકુમાર સોપારીયાના ભાઈ. પ્રેમલ, અંકિત ચિતન, તેજલ આશિષ જોષી, નિધિ વિવેક સંઘવીના કાકા. ચિત્તળવાળા સ્વ. મોહનલાલ મોરારજી મેરના ભાણેજ. પ્રાર્થનાસભા તા.૧૩/૦૨/૨૦૨૫ના ૪ થી ૬. શ્રી લેઉવા પાટીદાર મિત્ર મંડળ, પ્લોટ નંબર ૩૨૨/૩૪૨ આરએસસી ૩૭ ગોરાઈ ૨, પ્રગતિ બસ સ્ટોપ, બોરીવલી વેસ્ટ.

**કડવા પટેલ**

ગામ ઝરીયા ભાવનગર હાલ મીરારોડ સ્વ. લક્ષ્મીબેન તથા શામજીભાઈ તેજાભાઈ પટેલના પુત્રવધૂ વિજયભાઈના ધર્મપત્ની અ.સૌ. ગીતાબેન પટેલ (ઉં.વ. ૬૨) ૮/૨/૨૫ના સ્વર્ગવાસ પામેલ છે. તે ધ્વનિકા, નીલના માતુશ્રી. પિયરપક્ષે ગં.સ્વ.રમાબેન વલ્લભભાઈ ભાલારાના દીકરી. અતુલ, સંજય, લતા તરૂણ અંબાસણાના બહેન. પ્રાર્થનાસભા ૧૩/૨/૨૫ના ૪ થી ૫.૩૦. બાપા સીતારામ મઢુલી, પૂનમ સાગર રોડ, શાંતિવિહાર, મીરારોડ ઈસ્ટ.

**દેસાઈ સાઈ સુતાર જ્ઞાતિ**

મહુવા નિવાસી હાલ મુંબઈ સ્વ. અરવિંદભાઈ ઝવેરભાઈ સોલંકીના ધર્મપત્ની સ્વ. જયાબેન સોલંકી (ઉં.વ. ૮૨) તા. ૧૦-૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે ભાવનાબેન, પ્રફુલભાઈ, મહેશભાઈ, સ્વ. મનીષાબેનના માતૃશ્રી. ગીતાબેન, તેજલબેન, ભરતભાઈ, કૌશલભાઈના સાસુજી. આકાશ, યશના દાદી. રમેશભાઈ, મનુભાઈ, સ્વ. મંજુલાબેનના ભાભી. ગામ વાંઢ નિવાસી હાલ બોરીવલી, સ્વ. વશરામભાઈ બાઉભાઈ જેઠવાના દીકરી. પ્રાર્થનાસભા તાઃ૧૩.૨.૨૫ને ગુરૂવારે ૩:૦૦-૫:૦૦. ઘોઘારી લુહાણ મહાજન વાડી પાલીરામ રોડ મ્યુનિસિપલ ઓફિસની બાજુમાં, અંધેરી વેસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

**લોહાણા**

નાસિક નિવાસી ભરતભાઈ માધાણી (ઉં.વ. ૫૯) તે સ્વ. ઈન્દુબેન તથા પુરુષોત્તમભાઈ માધાણીના પુત્ર. પારૂલબેનના પતિ. પ્રસ્થાન તથા યશસ્વીના પિતા. સ્વ. રાકેશ, ચેતન, ચેતના સંજય રાજાના ભાઈ તા. ૧૧/૨/૨૫ના અક્ષરવાસી થયેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપડવંજ મોઢ બ્રાહ્મણ**

કપડવંજ નિવાસી હાલ મલાડ તે સ્વ. હસમુખભાઈ ત્રિવેદીના ધર્મપત્ની ગં.સ્વ. ગીરિબાળા (ઉં.વ. ૮૭) તે ચિ. મિલન તથા ચિ. જતીનના માતુશ્રી. અ.સૌ. રન્ના, અ.સૌ. પૂર્વીના સાસુ. ચિ. હેલી, ચિ. ધ્રુર્વના દાદી રવિવાર, તા. ૯-૨-૨૦૨૫ના મલાડ ખાતે દેવલોક પામ્યા છે, પ્રાર્થનાસભા તા. ૧૫-૨-૨૦૨૫ને શનિવારે સાંજે પાંચથી સાત. ઠક્કર ભાટિયા હોલ નંબર ૨, શંકરગલી, કાંદિવલી (વેસ્ટ). ઉત્તરક્રિયા ચાણોદ મુકામે રાખેલ છે.

**પાવરાઈ ભાટીયા**

હાલ પલાવા ડોમ્બિવલી ગં.સ્વ. હંસાબેન જયસિંહ દલાલ (ઉં.વ. ૮૧) તે ચિ. મીના, સૌ. ભૈરવી મનીષ સંપટનાં માતુશ્રી. સ્વ. પુષ્પાબેન, સ્વ. વિજયસિહભાઈ, સ્વ. સ્નેહલતાબેનનાં ભાભી. પિયરપક્ષે સ્વ. ચંદ્રકળા ચરણદાસ પલીચાનાં સુપુત્રી. જયસિંહ, સ્વ. ઇન્દુમતી, ચંદ્રકિરણનાં બહેન. ચી. ઈશિતાનાં નાની ૧૧-૨-૨૫ મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

અમરેલીવાળા હાલ મુંબઈ સ્વ. રમાબેન નરભેરામભાઈના સુપુત્ર કિશોરભાઈના ધર્મપત્ની ક્રિષ્ણાબેન (નીરંજના) (ઉં.વ.૮૧) તા. ૧૦-૨-૨૦૨૫ના સોમવારે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. કિરણ, હંસાબેન, દીનતા (દીના), રશ્મીના ભાભી. સ્વ. વર્ષાના જેઠાણી. (પિયર પક્ષે) ચલાલાવાળા માધવજી વિઠ્ઠલદોશીના દીકરી. વસંતભાઈ, ચંદુભાઈ, પ્રતાપભાઈ, વિમળાબેન, તારાબેન, લત્તાબેનના બેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિશા સોરઠિયા વણિક**

પશ્નાવડાવાળા (હાલ કાંદિવલી), સ્વ. હરખચંદ શાહ (ઉં.વ. ૮૫) તા. ૧૧-૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે નાથુભાઈ હીરજી શાહના પુત્ર. તે નીલમ શાહના પતિ. દેવીબેન મગનલાલ ભાણજી શાહના જમાઈ. હિરેન, બિના, હેતલનાં પિતાશ્રી. દર્શના હિરેન શાહ, તેજસ પ્રજલાલ પારેખ, પરાગ ભગવાનદાસ શાહનાં સસરા. સ્વ. ડાહ્યાભાઈ, સ્વ. દેવચંદભાઈ, સ્વ. કમુબેન, સ્વ. નર્મદાબેન, તે સ્વ. પુષ્પાબેનનાં ભાઈ. પ્રાર્થનાસભા ગુરૂવાર, તા. ૧૩-૨-૨૫ના ૫.૩૦થી ૭.૩૦. અવિરાહી બેન્કવેટ હોલ, અવિરાહી આર્કેડ, ચોથેમાળે, કાંદિવલી (વેસ્ટ) સ્ટેશનની સામે, વી.એલ.રોડ.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# લાડકી



# સ્વતંત્રતા સંગ્રામની સાથે સાથે...

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

(ભાગ: ૨)

**નામઃ અરુણા આસફ અલી**

સમયઃ ૧૯૯૪

સ્થળઃ દિલ્હી

ઉંમરઃ ૮૬ વર્ષ

**ભારતીય** રાજકારણ અને ઇતિહાસમાં લોકો મને ‘ગ્રાન્ડ ઓલ્ડ લેડી’ તરીકે યાદ કરે છે. એંસી વર્ષની ઉંમરે હું દિલ્હીની સરકારી બસોમાં પ્રવાસ કરતી, આ શિક્ષણ અને કેળવણી મને મારાં માતા-પિતા તરફથી અને એ પછી મહાત્મા ગાંધી સાથે કામ કરતી વખતે મળ્યાં હતાં.

૧૯૨૬-૨૭ના ગાળામાં હું કલકત્તામાં ગોખલે મેમોરિયલ સ્કૂલમાં શિક્ષિકા તરીકે કામ કરતી હતી, એ વખતે હું કૉંગ્રેસના નેતા આસફ અલીને મળી. દિલ્હીમાં મળેલી એ કૉંગ્રેસની મીટિંગમાં હાજર રહેવા માટે મને નિમંત્રણ મળ્યું હતું. એ મીટિંગમાં અનેક નેતાઓ હાજર હતા. જ્યાં મારો પરિચય આસફ અલી સાથે કરાવવામાં આવ્યો. એ વ્યવસાયે બૅરિસ્ટર હતા. ભારતીય સ્વતંત્રતાના સંગ્રામમાં એ ખૂબ જ આગળ પડતો રસ લઈ રહ્યા હતા. બિજનોર (ઉત્તર પ્રદેશ)માં જન્મેલા આસફ અલી પ્રવી કાઉન્સિલના સભ્ય હતા, એમણે તુર્કસ્તાનના વિરોધ પક્ષનું સમર્થન કર્યું, એથી એમને રાજીનામું આપવું પડ્યું. ૧૯૧૪માં એ ભારત આવ્યા. ભારત આવીને એમણે રાષ્ટ્રવાદી આંદોલનમાં રસ લેવાનું શરૂ કર્યું. ૧૯૨૦-૨૧માં ગાંધીજીના અસહકારના આંદોલનમાં એ ખૂબ જ સક્રિય હતા. એ વખતે અખબારોમાં હું આસફ અલી વિશે વાંચતી. એમની દલીલોથી અને વ્યક્તિત્વથી હું ખૂબ પ્રભાવિત હતી. હું એમને પહેલી વાર મળી ત્યારે એ મારા વિશે કશું નહોતા જાણતા, પરંતુ હું એમને ખૂબ સારી રીતે જાણતી હતી એટલું જ નહીં, એમના વિશે વધુ જાણવા ઉત્સુક હતી.

હું જ્યારે એમને દિલ્હીની કૉંગ્રેસ મીટિંગમાં મળી ત્યારે હું ૧૯ વર્ષની હતી અને એ ૩૯ની નજીક પહોંચવા આવ્યા હતા. એ અપરિણીત હતા. મેં એમને અનેક પ્રશ્નો પૂછ્યા, એમણે મને ધીરજથી અને સ્મિત સાથે જવાબો આપ્યા. હું એમનાથી આકર્ષાઈ એ વાત મારે સ્વીકારવી જોઈએ. સત્યાગ્રહની ચળવળમાં જોડાયેલાં ભાઈ-બહેનોએ લગ્ન ન કરવાં કે રોમેન્ટિક સંબંધો ન રાખવા એવો મહાત્મા ગાંધીનો આગ્રહ હતો, પરંતુ આસફ અલીને મળ્યા પછી હું મારી જાતને રોકી શકી નહીં. મને સમજાયું કે, એ પણ મારા પરત્વે આકર્ષાયેલા હતા, પરંતુ કહી શકતા નહોતા. કલકત્તા જઈને અમારો પત્ર વ્યવહાર શરૂ થયો. દસેક પત્રોની આપ-લે પછી એમણે મને લગ્ન માટે પૂછ્યું. હું તો ક્યારની તૈયાર જ હતી... અમે લગ્ન કરવાનું નક્કી કર્યું એટલે હું મારાં માતા-પિતાને મળવા ગઈ. એમની સાથે વાત કરી. હું માનતી હતી કે મારાં માતા-પિતા બ્રાહ્મોસમાજમાં માને છે અને ઉદારમતવાદી હોવાને કારણે લગ્નની મંજૂરી આપશે, પરંતુ આસફ અલી મુસ્લિમ હોવાને કારણે એમણે અમારાં લગ્ન માટે સ્પષ્ટ ના પાડી. આસફ અલીના પરિવારે પણ આટલી નાની અને એ પણ હિન્દુ છોકરી સાથે લગ્ન કરવાની મંજૂરી આપી નહીં. અમે મહાત્મા ગાંધીને મળ્યાં. ધર્મ માટે તો એમણે કોઈ વિરોધ ઉઠાવ્યો નહીં, પરંતુ એમની લાગણી એ હતી કે અમે જો લગ્ન કરીશું તો એને કારણે જે પ્રકારનો દાખલો બેસશે એનાથી સ્વતંત્રતા સંગ્રામમાં જોડાયેલાં ભાઈ-બહેનોને ખોટું ઉદાહરણ મળશે. એમણે સ્પષ્ટ ના ન પાડી, પરંતુ અમને સમજાવવાનો પ્રયાસ કર્યો. અમે બંને જણાં લગ્ન કરવા કટિબદ્ધ એટલે સૌના વિરોધ અને એક રીતે જોવા જઈએ તો મહાત્માજીના આશીર્વાદ વગર જ અમે લગ્ન કરી લીધાં.

આજે પાછી વળીને જોઉં છું તો સમજાય છે કે, આસફ અલી સાથેનાં લગ્ન એ મારા જીવનનો સૌથી મહત્ત્વપૂર્ણ અને ઉત્તમ નિર્ણય હતો. એ માત્ર પતિ જ નહીં, એક ઉત્તમ શિક્ષક, ગુરુ, સાથી અને સહકાર્યકર પુરવાર થયા. મારા જીવનના તમામ સાચા-ખોટા સમયમાં એમણે મારો હાથ પકડી રાખ્યો અને મારા નિર્ણયોમાં એમણે મને સહકાર આપ્યો. એક એવો સમય હતો જ્યારે મહાત્માજી સાથેના મારા મતભેદ વખતે એમણે મને મારી વાત પર અડગ રહેવાનું પ્રોત્સાહન આપ્યું.

૧૯૩૦ સુધીમાં કૉંગ્રેસમાં બે ભાગલા પડી ગયા હતા. મવાળવાદી અને જહાલવાદી. સ્વરાજ મેળવવા માટે અંગ્રેજ સરકાર સામે ઉગ્ર અને હિંસક આંદોલન કરવાની વિચારધારા ‘જહાલવાદ’ કહેવાય છે. ‘લાલ, બાલ, પાલ’ની ત્રિપુટીથી ઓળખાતા લાલા લજપતરાય, બાળ ગંગાધર ટિળક અને બિપીનચંદ્ર પાલ હિંદી રાષ્ટ્રીય મહાસભાના જહાલવાદી નેતાઓ હતા. બંધારણીય માર્ગે રાજકીય હકો મેળવવા માટે મવાળ વલણ ધરાવનાર વિચારધારા ‘મવાળવાદ’ તરીકે ઓળખાય છે. દાદાભાઈ નવરોજી, સુરેન્દ્રનાથ બેનરજી, ગોપાલકૃષ્ણ ગોખલે, ફિરોજશાહ મહેતા વગેરે હિન્દી રાષ્ટ્રીય મહાસભાના મવાળવાદી નેતાઓ હતા. ગાંધીજીએ અહિંસક આંદોલનનો પક્ષ લીધો જેને કારણે ભગતસિંઘ, બટુકેશ્વર દત્ત, સાવરકર જેવા લોકો ઉશ્કેરાયા, એમને લાગ્યું કે ગાંધીજી જે રીતે અહિંસાનો પ્રચાર કરે છે એનાથી આઝાદીનો માર્ગ મુશ્કેલ બનશે. એમણે જુદા પડીને પોતાનો માર્ગ અખત્યાર કર્યો.

લગ્ન પછી હું કલકત્તા છોડીને દિલ્હી આવી ગઈ. અમારાં લગ્ન પછી તરત જ ભગતસિંઘ અને બટુકેશ્વર દત્તનો એસેમ્બલી પર બોમ્બ ફેંકવાનો પ્રસંગ બન્યો. ભગતસિંઘ અને બટુકેશ્વર દત્તનો પક્ષ લઈને એમનો કેસ લડવા કોઈ વકીલ તૈયાર ન થયા કારણ કે, અંગ્રેજ સરકારનું દબાણ ભયાનક હતું. સાથે જ મવાળવાદી નેતાઓ પણ એવો આગ્રહ રાખતા હતા કે, આવી હિંસાનો પક્ષ લઈને ખોટું ઉદાહરણ પૂરું પાડવું ન જોઈએ. મારા પતિ આસફ અલીએ ભગતસિંઘ અને બટુકેશ્વર દત્તનો કેસ હાથમાં લીધો એટલું જ નહીં, એમને ઓછામાં ઓછી સજા સાથે બહાર કાઢ્યા.

આનાથી ગાંધીજી નારાજ થયા, જોકે આસફ અલી તો પોતાને જે યોગ્ય લાગતું તે જ કરવાના દૃઢ મત સાથે પોતાનું કામ કરી રહ્યા હતા. એ જ ગાળામાં, ૧૯૩૦માં દાંડીયાત્રા થઈ. મેં એમાં ભાગ લીધો. યાત્રા દરમિયાનની મીટિંગ્સમાં ગાંધીજીએ મારી સાથે અનેક ચર્ચા કરી. હું એમનો મત સમજી શકતી હતી, પરંતુ સાથે જ મારા પતિની વાત ખોટી છે એ વાત સ્વીકારી શકતી નહોતી. હું સમજી શકું છું કે એ દિવસોમાં ગાંધીજીને મારાથી થોડી નિરાશા થઈ હોવી જોઈએ. જોકે, એમણે એવું ક્યારેય કહ્યું નથી! દાંડીયાત્રા દરમિયાન ગિરફતાર થયેલા લોકોમાં હું પણ હતી. ૧૯૩૧માં જ્યારે ગાંધી અને ઈરવિનના સમજૂતી કરાર હેઠળ રાજનીતિક કેદીઓને છોડી દેવામાં આવ્યા, પરંતુ એ લિસ્ટમાં મારું નામ નહોતું! કૉંગ્રેસના કેટલાક નેતાઓને કદાચ હું બંડખોર અને મનસ્વી લાગતી હોઈશ! જોકે, મારી સાથે રહેલી અન્ય મહિલા કેદીઓએ મારા માટે ભૂખ હડતાળ કરી. પહેલાં તો અંગ્રેજ સરકારને લાગ્યું કે આ થોડા દિવસ ચાલનારું નાટક છે, પરંતુ જ્યારે એમને સમજાયું કે, આ ગંભીર હડતાળ હતી ત્યારે એમને મને છોડવાની ફરજ પડી.

આ હડતાળ અને મને છોડવાની માગણીના બધા સમય દરમિયાન ગાંધીજીએ પોતાનો કોઈ અભિપ્રાય ન આપ્યો જે નોંધનીય બાબત છે. જોકે, કૉંગ્રેસ પરત્વેની મારી નિષ્ઠા અને સ્વાતંત્ર્ય સંગ્રામમાં મારી શ્રદ્ધા હંમેશાં અખંડ રહ્યાં. ૧૯૩૧માં મને મુક્ત કરવામાં આવી, પરંતુ ૧૯૩૨માં ફરી વખત મારી ધરપકડ કરવામાં આવી. એ સમયે મને તિહાડ જેલમાં રાખવામાં આવી. સારા અને સંભ્રાંત પરિવારમાં ઊછરેલી એક ૨૩ વર્ષની છોકરી માટે તિહાડ જેલમાં કેદીઓ સાથે થઈ રહેલો વ્યવહાર અસહ્ય હતો. એમને જે પ્રકારનું ભોજન આપવામાં આવતું એ જાનવરોથી પણ ખરાબ હતું. એમની પાસે ૧૮ કલાક કામ કરાવવામાં આવતું. ધાબળા કે પાથરણાં પણ આપવામાં આવતાં નહીં. મહિલા કેદીઓને ખુલ્લામાં નાહવાની ફરજ પાડવામાં આવતી. આ બધું જોઈને મને લાગ્યું કે આની સામે અવાજ ઉઠાવવો અનિવાર્ય છે. અમે સૌએ સાથે મળીને ફરી એકવાર તિહાડ જેલમાં ભૂખ હડતાળ કરી. અસહકારના આંદોલનનો એક હિસ્સો અહીં પણ જ્વાળા બનીને પ્રગટ્યો. અંગ્રેજ સરકારનું કામ ન કરવું, હુકમ ન માનવા, એ માટે લાઠી ખાવાથી શરૂ કરીને અન્ય અત્યાચાર સહન કરવા સુધી આ હડતાળ લંબાઈ. અંતે, સરકારે ઝૂકવું પડ્યું. કેદીઓની હાલતમાં સુધાર થયો. રાષ્ટ્રીય અખબારોએ એની નોંધ લીધી, સાથે જ નોંધ લીધી મારી નેતા તરીકેના પ્રદાનની.

પહેલી વખત રાષ્ટ્રીય અખબારોમાં મારું નામ પ્રગટ થયું. ગાંધીજીએ એમના તંત્રીલેખમાં ‘અરુણા આસફ અલી’ તરીકે મારો ઉલ્લેખ કરીને મને સન્માન અને સ્વીકારની લાગણીથી નવાજી.

ભારતીય સ્વતંત્રતા સંગ્રામ આગળ વધી રહ્યો હતો અને સાથે જ અમે પણ અમારાં લગ્નજીવન અને રાજનીતિક જીવનમાં ધીમે ધીમે એક નવા આયામ ઉપર પહોંચી રહ્યા હતા.

(ક્રમશઃ)■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# ખરી ખુશીનો સાચો પરિચય ક્યારે થાય?



**સોળ** વર્ષની માયા પોતાના બિલ્ડિંગના રુફટોપ પર ઊભી હતી. સામે આથમતા સૂર્યને એકીટશે જોઈ રહેલી માયા આકાશમાં વિખરાયેલા સાંજના રંગોમાં ખોવાતી ચાલી. સરસરાતી ઠંડી હવાની લહેરખીઓ વચ્ચે એણે પોતાની આંખો બંધ કરી. ઊંડો શ્વાસ લીધો. બસ, આજ તો હતી હેપ્પીનેસ- ખુશી- આનંદ જેને એ શોધી રહી હતી. એના મનમાં પાછલાં વર્ષોની રીલ્સ સડસડાટ ફરવા લાગી.

સમજણી થઈ ત્યારથી માયા માટે ખુશી એટલે કંઈક એચીવ કરવું. કંઈક જીતી લેવું. પરીક્ષામાં પહેલો નંબર આવે તો જ આનંદ મળે. કોઈ સ્પર્ધા જીતો પછી મજા આવે. સોશ્યલ મીડિયા પર, સ્કૂલ કે ક્લાસમાં પોપ્યુલર હોય એ જ વ્યક્તિઓ જાણે સાચી ખુશીના હક્કદાર. એટલે માયા માટે રાજી થવું એ એક ટાસ્ક બની રહેતું. રાજીપો એણે કેળવવો પડતો ને ખુશીઓની કમાણી કરવી પડતી. નાનપણથી જ કોમ્પિટેટીવ નેચર એટલે કે, સ્પર્ધાત્મક સ્વભાવ ધરાવતી માયાના આવા સ્વભાવ પર પેરેન્ટ્સ ગર્વ અનુભવતા. ‘એમ, અમારી દીકરી લડ્યા વગર તો હાર માને જ નહીં’. એવું બોલતા એના મમ્મી-પપ્પાને ખ્યાલ નહોતો કે તરુણાવસ્થા આવતાં માયાનો આવો સ્વભાવ જાત માટે મુશ્કેલીઓ નોતરી લાવશે.

સતત જીત માટે જીવતી માયાના જીવનમાં ધ્યેય સિદ્ધ કર્યા વિના ખુશીનું કોઈ અસ્તિતવ નથી. એને પરીક્ષામાં એક માર્ક્સ ઓછો આવે તો એનો વસવસો બીજા નવ્વાણુંના આનંદ પર હાવી થઈ જતો. સ્પોર્ટ્સમાં ભાગ લે તો ગોલ્ડ મેડલ સિવાય કંઈ ખપે નહીં. શાળાની ઈત્તર પ્રવૃત્તિઓમાં પોતે આગળ હોવી જોઈએ. ઘરમાં નાના ભાઈ કરતાં પોતાને વધુ મહત્ત્વ મળવું જોઈએ. મિત્રો પણ ગ્રુપમાં એને આગળ રાખવા જોઈએ. ટૂંકમાં પોતે પ્રથમ ના હોય એ સંજોગોમાં માયાબેન દુઃખી થઈ જતી કે એની અંદરની ખુશીઓ જાગે નહીં.

ધીમે-ધીમે મોટી થઈ રહેલી માયા એવું માનતી કે એ જેટલી વધુ મહેનત કરશે એટલી વધુ ખુશીઓ એના ભાગે આવશે. આના કારણે, એ જાત પાસે રીતસર ઢસરડો કરાવવા લાગેલી. સતત વાંચવુ, પ્રેકટિસ કરવી અને જીતવા માટે જીવવું. નજીકના લોકોને પ્રતિસ્પર્ધી તરીકે જોવાની આદતે એને ક્યારે અળખામણી ને એકલી પાડી દીધી એનો ખ્યાલ ના રહ્યો....

મિત્રો હવે એનાથી થોડાં દૂર રહેવા લાગ્યા. નાના ભાઈએ એને વળગવાનું બંધ કરી દીધું. આસપાસમાં લોકો એની સાથે બહુ હળતા-મળતાં નહીં. નાનપણમાં એના સ્પર્ધાત્મક સ્વભાવને પ્રોત્સાહન આપતા પેરેન્ટ્સ પણ માયા એ જે ખુશીની ખોટી વ્યાખ્યા મનમાં બેસાડી દીધેલી એને હવે બહાર કાઢી શકે એમ નહોતા એટલે ઠપકો આપતા રહેતા.

અંતે એવું થયું કે એની જીત કે ખુશીઓ સાથે લોકોને બહુ લેવાદેવા રહી નહીં. થોડા સમય તો આ વાત પર માયાએ બિલ્કુલ ધ્યાન ના આપ્યું, પણ માણસ એ સામાજિક પ્રાણી છે એવું અમસ્તુ તો નહીં કહેવાયું હોય. પોતાની ખુશીઓ જો વહેંચવા ના મળે તો એનો કોઈ અર્થ સરતો નથી. માયાને આ હકીકતનો અહેસાસ થવા લાગ્યો. હવે એની સફળતા પર ઓવારી જનારા ઓછા હતા ને એકલા એકલા રાજી રહેવામાં માયાને મજા નહોતી આવતી.

એક દિવસ ઉદાસ ચહેરે સ્કૂલથી પાછા ફરતાં એની નજર ગેટ પાસે રમી રહેલા એના નાના ભાઈ પર પડી. માયાએ પહેલીવાર એને સામેથી બૂમ પાડી બોલાવ્યો. એ સાંભળી નાના ભાઈનો માસૂમ ચહેરો ખીલી ઉઠ્યો. એ દોડતોક આવીને માયાને વળગી પડ્યો. એના નાના-નાના હાથ માયાની કમર ફરતે વીંટળાય ગયા.

‘દીદી, i missed you today' એના આવા શબ્દો અને નિર્દોષ લાગણીઓની હૂંફમાં માયાનું હૃદય ભરાય આવ્યું ત્યારે જે મનમાં રાજીપો થયો એ કુદરતી હતો, જેના માટે માયાએ મહેનત નહોતી કરવી પડી. આજ સુધી આવી ક્ષણોને ઓળખવામાં માયા અસમર્થ હતી, પણ આજે એટલું ચોક્કસ મનમાં ઊભરી આવ્યું કે, સતત સ્પર્ધામાં ઊતર્યા સિવાય પણ જીવનમાં ખુશી મેળવી શકાય છે ખરી !. દરેક વખતે જીત મેળવવી જરૂરી નથી. ક્યારેક આવી કુદરતી ક્ષણ પણ મનને આનંદથી ભરી દે છે.

ધીમે-ધીમે મિત્રો સાથે પસાર કરાતો સમય, પોતાના ગમતા વિષયોની વાતો, વાંચન, ભાઈ-બહેન સાથે કરાતી ધીંગા-મસ્તી, મમ્મી-પપ્પાના લાડ જેવી સાવ નગણ્ય ક્ષણોની પણ એને કિંમત સમજાવા લાગી. વરસાદ પડે કે સૂર્ય આથમે, પક્ષીઓના અવાજ આવે કે પતંગિયા નજર સામે નાચે આ બધામાં છૂપો આનંદ સમાયેલો છે, જે પોતાને કોઈ મેડલ કે ટ્રોફી જીતવાથી ક્યારેય નથી મળવાનો એ સમજાય ગયું.

દરેક વખતે કોઈ અસાધારણ વાત જ આનંદ આપે એવું નથી હોતું. ક્યારેક સાવ સામાન્ય પ્રસંગો જીવનમાં રાજીપો ઊભો કરી દેતા હોય છે. જીવનની સાચી મજા જિંદગીનો જાદુ માણવામાં છે..... એવું વિચારતી માયાએ આંખો ખોલી ક્ષિતિજ તરફ નજર કરી. આકાશમાં થોડું અંધારુ ઊતરી આવેલું. સાંજ વધુ ઘેરી બની ગયેલી. એણે પોતાનો ફોન કાઢી સરસ ફોટો લીધો. આજે સોશ્યલ મીડિયા માટે નહીં, પરંતુ જાતને યાદ કરાવવા કે હેપ્પીનેસ કોઈ ડેસ્ટિનેશન નથી...આનંદ કોઈ આખરી મંજિલ નથી...

***ખુશીઓ જીવનની એવી ક્ષણોમાં છુપાયેલી છે જે કુદરતી છે.*** ■

ભારતની વીરાંગનાઓ
ટીના દોશી
feedback.ladki@bombaysamachar.com

# વર્લ્ડ એથલેટિક્સમાં ચંદ્રક જીતનાર પ્રથમઃ અંજૂ બોબી જ્યોર્જ



તમે કેટલો લાંબો કૂદકો મારી શકો છો?

ના કૂદયા હો તો કૂદી જોજો. પાંચ ફૂટથી માંડીને દોઢ બે મીટર જેટલું તો માંડ કૂદી શકશો. જો ખેલકૂદમાં રસ ધરાવતા હશો તો થોડી વધુ લાંબી છલાંગ લગાવી શકશો. પણ અંજુ બોબી જ્યોર્જ કેટલી લાંબી છલાંગ લગાવી શકે છે એ જાણો છો?

અંજૂ બોબી જ્યોર્જ ૬ મીટર જેટલી લાંબી છલાંગ લગાવી શકે છે. આ સિદ્ધિને કારણે અંજૂએ દેશનું નામ દુનિયામાં રોશન કર્યું છે. અંજૂ લોંગ જમ્પ- લાંબી છલાંગની ખેલાડી છે. લોંગ જમ્પની વિશ્વ પ્રતિયોગિતામાં ચંદ્રક જીતનારી એકમાત્ર ભારતીય એથલીટ છે. અંજૂએ વર્ષ ૨૦૦૩માં પેરિસમાં આયોજિત વર્લ્ડ એથલેટિક્સ ચેમ્પિયનશિપમાં લાંબા કૂદકાની સ્પર્ધામાં ૬.૭૦ મીટર છલાંગ લગાવેલી. એણે કાંસ્ય ચંદ્રક જીતીને રમતગમત જગતમાં ઈતિહાસ રચેલો... ખેલકૂદની દુનિયામાં ભારતનું નામ રોશન કરવાને પગલે અંજૂને ૨૦૦૨માં અર્જુન પુરસ્કાર, ૨૧ સપ્ટેમ્બર ૨૦૦૪ના રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર અને ૨૦૦૪માં જ દેશના ચોથા સર્વોચ્ચ સન્માન પદ્મશ્રીથી પુરસ્કૃત કરવામાં આવી હતી.

અંજૂને વર્લ્ડ એથલેટિકસ તરફથી ૨૦૨૧ માટે વર્ષની સર્વશ્રેષ્ઠ મહિલા તરીકેનું સન્માન આપવામાં આવ્યું છે. અંજૂનો જન્મ દક્ષિણ મધ્ય કેરળના કોટ્ટાયમ જિલ્લાના નાનકડા ગામ ચીરનચીરામાં ૧૯ એપ્રિલ ૧૯૭૭ના થયેલો. માતા ગ્રેસી માર્કોસ અને પિતા કે. ટી.માર્કોસ. અંજૂ બાળપણમાં સેન્ટ એની ગર્લ્સ સ્કૂલ, ચંગી તાચેરીમાં ભણતી. નાનપણથી જ એને ખેલકૂદમાં અત્યંત રુચિ હતી. પાંચ વર્ષની ઉંમરથી જ એથલેટિકસ સ્પર્ધાઓમાં ભાગ લેવાનું શરૂ કરેલું. માતાપિતાએ અંજૂને એથલેટિકસમાં આગળ વધવા માટે પ્રોત્સાહિત કરી. અંજૂ ભણવા માટે સી.કે. કેશ્વરન સ્મારક હાઈસ્કૂલ, કોરુથોડૂ ચાલી ગઈ. ત્યાં સર થોમસે અંજૂ નામના હીરાને પહેલ પાડીને દીપાવવાનું કામ કર્યું. વિમલા કોલેજમાંથી અંજૂ સ્નાતક થઈ ત્યાં સુધીમાં એણે એથલીટ તરીકે કારકિર્દી ઘડવાનો નિર્ણય કરી લીધેલો. પી.ટી. ઉષાથી પ્રભાવિત અંજૂએ અહીં ઊંચો કૂદકો, લાંબો કૂદકો, સો મીટરની દોડ અને હેપ્ટાથલોનની પ્રેક્ટિસ કરી.

અંજૂએ આરંભમાં હેપ્ટાથલોનની રમત પર ધ્યાન કેન્દ્રિત કરેલું, પણ પછી ઝડપથી લાંબા કૂદકા ભણી વળી ગઈ. ૧૯૯૬માં એણે દિલ્હી જુનિયર એશિયન ચેમ્પિયનશિપમાં ચંદ્રક મેળવ્યો. ૧૯૯૯માં અંજૂએ બેંગલૂરુ ફેડરેશન કપમાં ટ્રિપલ જમ્પનો રાષ્ટ્રીય વિક્રમ નોંધાવ્યો. આ જ વર્ષે અંજૂએ નેપાળમાં આયોજિત સાઉથ એશિયા ફેડરેશન ગેમ્સમાં ચાંદીનો ચંદ્રક જીત્યો. એને પગલે દેશદુનિયામાં અંજૂ મશહૂર થઈ ગઈ.

અંજૂની કારકિર્દીના દરિયામાં ભરતી ચડેલી, પણ જાણે કે નજર લાગી હોય એમ જીવનમાં અણધાર્યો વળાંક આવ્યો. વર્ષ ૨૦૦૦માં અંજૂને ખબર પડી કે એના શરીરમાં એક જ કિડની છે. એ સમયે અંજૂ કારકિર્દીની ટોચે હતી. એક જ કિડની હોવાની બાબતે એ ચિંતિત થઈ ગઈ, પણ તબીબોએ અંજૂનું શારીરિક પરીક્ષણ કર્યા પછી અંજૂ પોતાની રમત જારી રાખી શકવાની સ્થિતિમાં છે એવા શુભ સમાચાર આપ્યા.

એ પછી ૨૦૦૨માં અંજૂએ માન્ચેસ્ટરમાં યોજાયેલી કોમનવેલ્થ ગેમ્સમાં ૬.૪૯ મીટર લાંબી છલાંગ લગાવીને ભારતને કાંસ્ય ચંદ્રક અપાવ્યો. આ જ વર્ષે દક્ષિણ કોરિયાના બુસાનમાં આયોજિત એશિયન ગેમ્સમાં ૧.૮ મીટરની ઝડપે ૬.૫૩ મીટરની છલાંગ લગાવીને સુવર્ણ ચંદ્રક જીત્યો. અમેરિકાની એક ખેલ પ્રબંધન કંપની હિજનું ધ્યાન અંજૂ ભણી આકર્ષાયું. કંપની અંજૂને લઈને ઓલિમ્પિક સો મીટરની દોડના સુવર્ણ ચંદ્રક વિજેતા મોરિસ ગ્રીન અને એલન જોન્સન જેવા ખેલાડીઓ પાસે લઈ ગઈ. આ સંપર્કનો અર્થ એક જ હતો : શ્રેષ્ઠ દેખાવનો અણમોલ અવસર !

અંજૂને એ અવસર થોડા જ સમયમાં મળ્યો. અંજૂએ એ કરી બતાડ્યું, જે કોઈ ભારતીય એથલીટ કરી શક્યું નહોતું. એણે પેરિસમાં આયોજિત વર્લ્ડ એથલેટિકસ ચેમ્પિયનશિપમાં ૩૦ ઓગસ્ટ ૨૦૦૩ના રોજ ૬.૭૦ મીટર લાંબી છલાંગ લગાવીને ખેલકૂદના ઈતિહાસમાં પોતાનું નામ અંકિત કર્યું. આ ચેમ્પિયનશિપમાં અંજૂને કાંસ્ય ચંદ્રક મળ્યો. ભલે ત્રીજા ક્રમાંકે આવી, પણ અંજૂ આ ખેલમાં ચંદ્રક જીતનારી પહેલી ભારતીય ખેલાડી બની. ભારતનો ત્રિરંગો ફરકાવ્યા પછી અંજૂએ કહેલું, ‘ભારત માટે આ ચંદ્રક જીતીને તથા દેશનું નામ દુનિયામાં રોશન કરવા બદલ હું ગર્વ અનુભવી રહી છું. હું મારો આ ચંદ્રક રાષ્ટ્રને સમર્પિત કરું છું...’

અનેરા આત્મવિશ્વાસથી ભરપૂર અંજૂ બોબી જ્યોર્જને ૧૩ ઓગસ્ટ ૨૦૦૪ના આરંભાયેલા એથેન્સ ઓલિમ્પિકમાં ભારતીય ધ્વજવાહકનું સન્માન મળેલું. અંજૂએ કુલ ત્રીસ ખેલાડીઓ સાથે લાંબા કૂદકામાં ભાગ લીધો અને ૬.૬૯ મીટરની લાંબી છલાંગ લગાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો. ફાઈનલમાં પહોંચવા માટે ઓછામાં ઓછી ૬.૬૫ મીટરની છલાંગ લગાવવી અનિવાર્ય હતું. ફાઈનલમાં બાર પ્રતિયોગીઓ હતા. અંજૂએ ૬.૮૩ મીટરની છલાંગ લગાવીને નવો રાષ્ટ્રીય વિક્રમ સર્જ્યો, પણ ઓલિમ્પિકમાં છઠ્ઠા સ્થાનથી સંતોષ માનવો પડ્યો.

એથેન્સ ઓલિમ્પિક પછી અંજૂના પ્રદર્શનમાં ઓટ આવતી દેખાઈ. ૨૦૦૫માં અંજૂ જ્યોર્જ કોઈ કમાલ ન દાખવી શકી. વર્ષ ૨૦૦૬માં અંજૂનું પ્રદર્શન બગડવાને પગલે આઈએએફ- ઈન્ટરનેશનલ એસોસિયેશન ઓફ એથલેટિકસ ફેડરેશન મહિલા લાંબી છલાંગ રેંકિંગમાં એ ચોથા સ્થાનેથી ગબડીને છઠ્ઠા ક્રમાંકે પહોંચી ગઈ. ડિસેમ્બર ૨૦૦૬માં દોહા એશિયાઈ ખેલોમાં અંજૂ સર્વશ્રેષ્ઠ પ્રદર્શન દોહરાવી ન શકી. ૬.૫૨ મીટરની છલાંગ લગાવીને એ રજત ચંદ્રક જીતી. વર્ષ ૨૦૦૭માં ઓમાનમાં યોજાયેલી એશિયન એથલેટિકસ ચેમ્પિયનશિપમાં રજત ચંદ્રક અને ૨૦૦૮માં ત્રીજી દક્ષિણ એશિયાઈ એથલેટિકસ ચેમ્પિયનશિપમાં સુવર્ણ ચંદ્રક અંજૂ જ્યોર્જે મેળવ્યો...

અંજૂ દૃઢપણે એવું માને છે કે જીવનમાં ભરતી અને ઓટ તો આવ્યા જ કરે. સહુએ પોતાનું કામ મહેનત, લગન અને ખંતથી કરવું જોઈએ. બાકી બધું ઉપરવાળા પર છોડી દેવું જોઈએ. કારણ કે ઉપર બેઠેલો ઈશ્વર એક ને એક દિવસ મહેનતનું ફળ જરૂર આપે જ છે! ■









ફેશન
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

# કી હોલ?

**સિમ્પલ આઉટફિટને કી હૉલ દ્વારા હટકે લૂક આપવામાં આવે છે. જે તમારા પરિધાનને નવો ઓપ તો આપે જ છે, પરંતુ સાથે જ એ ટ્રેન્ડી અને સ્ટાઈલિશ પણ દેખાય છે. બ્લાઉઝ હોય કે પછી કુરતી હોય કી હૉલથી કપડાં દેખાશે આકર્ષક.**

**ગાર્મેન્ટ**માં કી હોલ બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે. કી હોલ ક્યારેય પણ આઉટ ઑફ ફૅશન થતું નથી. કી હોલથી એક ડેલિકેટ અને સ્ટાઇલાઇઝ્ડ લુક આવે છે. કી હોલ એટલે ગાર્મેન્ટમાં કોઈ શેપ આપીને એને કટ કરવો અને જેમાંથી તમારી સ્કિન દેખાય. કી હોલ મોટા ભાગે ડ્યું ડ્રોપ કે રાઉન્ડ શેપમાં હોય છે. ગાર્મેન્ટમાં કી હોલનો ઉપયોગ ઘણી રીતે કરવામાં આવે છે જેમ કે, ઇન્ડિયન વેર, બ્લાઉઝમાં અને વેસ્ટર્ન આઉટફિટમાં. ચાલો જાણીયે કી હોલ ગારમેન્ટ કઈ રીતે પેહરી શકાય.

ઇન્ડિયન વેર - ઇન્ડિયન વેરમાં ખાસ કરીને કુર્તીમાં કી હોલ ઘણું પ્રચલિત છે. મોટે ભાગે કુરતીમાં કી હોલ નેક લાઈનમાં હોય છે, જેમકે ફ્રન્ટ નેક લાઈન અને બેક નેક લાઈન. સિમ્પલ કુરતીમાં કી હોલ એક એલિમેન્ટ એડ કરે છે. જયારે કુરતીનું ફેબ્રિક પ્રિન્ટેડ હોય અને એમ થાય કે આ ફેબ્રિકમાં કઈ પેટર્ન કરવી ત્યારે કી હોલ કરી શકાય અને કુરતીનું ફેબ્રિક પ્લેન હોય કે પ્રિન્ટેડ હોય કી હોલ સારું જ લાગે. જો તમને તમારી કુરતીમાં કી હોલ કરવું હોય તો ઑરિજિનલ નેક લાઈન થોડી હાઈ રાખવી અને પછી તમને ગમતા શેપ મુજબ કી હોલ આપી શકાય. કી હોલમાંથી સ્કિન દેખાવાની છે તેથી જો તમારી ઑરિજિનલ નેક લાઈન લો હશે અને પછી કી હોલ હશે તો ખરાબ લાગશે. ફોર્મલ ડ્રેસમાં કી હોલ એક મહત્ત્વનો ભાગ ભજવે છે. જેમકે કી હોલ આપી તેની આજુ બાજુ ૧ ઈંચ કે ૨ ઈંચ જેટલું વર્ક કરાવવું. વર્ક એટલે મશીન એમ્બ્રોઈડરી અથવા હેન્ડ એમ્બ્રોઇડરી. જેથી એક પેટર્ન જેવું લાગે અને નેકલાઇન જ્યારે વર્કવાળી હોય ત્યારે હેવી લુક આવે છે અને વધારે કોઈ પેટર્નની જરૂર પડતી નથી. તમારે વધારે ફૅન્સી લુક જોઈતો હોય તો કી હોલ સાઈડમાં આપી શકાય, અને તેને વર્કથી ડેકોરેટ કરી શકાય. જો તમારે વર્ક ન કરાવવું હોય તો તમે લેસનો પણ ઉપયોગ કરી શકો. કી હોલમાં ૨ જાતના ઓપનિંગ હોય છે. પહેલું કે જેમાં ફેબ્રિકનું બટન હોય અથવા તો કોઈ ડેકોરેટિવ કે મેટલનું બટન હોય અને બીજું એ કે કી હોલ બંધ કરવા માટે દોરીનો ઉપયોગ થાય. દોરી કુરતીના ફેબ્રિકની હોઈ શકે અથવા તો કોઈ કોન્ટ્રેસ્ટ કલરની પાઇપિન નાખી હોય તે કોન્ટ્રેસ્ટ કલરના ફેબ્રિકની પણ હોઈ શકે. તમે તમારી ચોઈસ મુજબ બટનનો ઉપયોગ કરવો કે દોરીનો ઉપયોગ કરવો તે ડિસાઈડ કરી શકો. નેક્લાઈનને મૅચિંગ કી હોલનો ઉપયોગ સ્લીવ્ઝમાં પણ કરી શકો. સ્લીવ્ઝમાં કી હોલની સાઈઝ તમે તમારી ચોઈસ મુજબ કરાવી શકો. જો શોર્ટ સ્લીવ્ઝ હોય તો નાની સાઈઝનું કી હોલ સારું લાગશે અને જો થ્રી ફોર્થ કે ફૂલ સ્લીવ્ઝ હોય તો ૪ ઈંચથી લઈને ૬ ઈંચ સુધીનું કી હોલ સારું લાગી શકે.



બ્લાઉઝ - એમ કહી શકાય કે બ્લાઉઝની પેટર્ન કી હોલ વગર અધૂરી છે. બ્લાઉઝમાં કી હોલ ફ્રન્ટ અને બેક એમ બન્ને સાઈડ પર આવી શકે. ફ્રન્ટમાં જે કી હોલ હોય છે તે નાની સાઈઝનું હોય છે અને ફ્રન્ટમાં જ્યારે કી હોલ આપવામાં આવે ત્યારે સાડી ટ્રાન્સપેરન્ટ પહેરવી જેથી કરી બ્લાઉઝની પેટર્ન દેખાય. ટ્રાન્સપેરન્ટ ફેબ્રિકમાંથી બનાવેલા બ્લાઉઝમાં કી હોલ પેટર્ન ખૂબ જ અટ્રેક્ટિવ લાગે છે. બ્લાઉઝમાં બસ્ટ એરિયા પર લાઇનિંગ એડ કરવું અને બસ્ટ એરિયાનું લાઇનિંગ જ્યાંથી ચાલુ થાય ત્યાંથી નેક લાઈન સુધી કી હોલ આપવું. બેક સાઈડમાં જે કી હોલ આવે છે તે ખૂબ જ અટ્રેક્ટિવ લાગે છે. જો તમારું શરીર સુડોળ હોય અને બેકમાં કોઈ ચરબીના થર ન દેખાતા હોય તો તમે કી હોલની સાઈઝ બ્રોડ રાખી શકો કે જેમાં માત્ર બ્લાઉઝમાં નીચે ૨ ઇંચની પટ્ટી હોય અને આખી બેક દેખાતી હોય અને ઉપર માત્ર કી હોલને બંધ કરવા માટે એક બટન હોય કે દોરી હોય. આ પેટર્ન ખૂબ જ જૂની છે છતાં ક્યારેય પણ આઉટ ઑફ ફૅશન થતી નથી. ઘણી વખત બ્લાઉઝની બેકમાં ૨ કી હોલની પેટર્ન કરવામાં આવે છે. જો તમારું શરીર ભરેલું હોય અને બેકમાં ચરબીના થર દેખાતાં હોય છતાં તમને કી હોલ વાળું બ્લાઉઝ પહેરવું હોય તો, તમે આંખ શેપનું કી હોલ કરી શકો. કે જેમાં તમારી સ્કિન બહુ ઓછી દેખાશે. બ્લાઉઝમાં કી હોલ ઘણા અલગ અલગ શેપના આવે છે. બ્લાઉઝમાં તમે કી હોલ માટે ઘણાં વેરિએશન કરી શકો. કી હોલ પ્લેન અથવા પ્રિન્ટેડ એમ બન્ને ફેબ્રિક પર સારું લાગે છે. પ્લેન બ્લાઉઝ સાથે બેકમાં આપેલું કી હોલ એક આગવી છાપ ઊભી કરે છે. ■



# પરંપરાગત વારસાનું પ્રતીક મધુબની પેઈન્ટિંગ સાડી...

ભારતના નાણામંત્રી નિર્મલા સીતારમણે હાલમાં ૩.૦નું પહેલું બજેટ રજૂ કર્યું. નિર્મલા સીતારમણ ફરી એકવાર પોતાની સાડી અને સ્ટાઇલ સ્ટેટમેન્ટને કારણે ચર્ચામાં છે. બજેટ રજૂ કરતી વખતે તેમણે મધુબની પેઇન્ટિંગવાળી સાડી પહેરી હતી, તેનું સ્ટાઇલ સ્ટેટમેન્ટ ફરીથી ચર્ચામાં રહ્યું. તેમની મધુબની સાડી ૨૦૨૧ ના પદ્મશ્રી પુરસ્કાર વિજેતાને શ્રદ્ધાંજલિ આપે છે.

ભારતના નાણામંત્રી નિર્મલા સીતારમણે સતત ૮મું કેન્દ્રીય બજેટ રજૂ કરીને ઇતિહાસ રચ્યો. સ્વતંત્ર ભારતમાં કોઈપણ નાણામંત્રી દ્વારા રજૂ કરાયેલું આ સૌથી મોટું બજેટ છે. તેમણે પરંપરાગત સાડી પહેરીને આ વર્ષે ૨૦૨૫નું બજેટ રજૂ કર્યું હતું. તેમણે એ દરમિયાન સોનેરી બોર્ડરવાળી સુંદર ક્રીમ સાડી પસંદ કરી, જે કોન્ટ્રાસ્ટિંગ લાલ બ્લાઉઝ સાથે સ્ટાઇલ કરેલી હતી. સોનાની બંગડીઓ, ચેઈન અને કાનની બુટ્ટીઓ સહિતની તેમની મિનિમલિસ્ટ એક્સેસરીઝ તેમના પોશાકને સંપૂર્ણ રીતે પૂરક બનાવે છે.

નિર્મલા સીતારમણની રંગબેરંગી મધુબની બોર્ડર સાડી ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાનું સુંદર મિશ્રણ છે. મધુબની કલા એ બિહારના મિથિલા પ્રદેશની એક પરંપરાગત

લોકકલા છે, જે જટિલ ભૌમિતિક પેટર્ન, ફૂલોની રચનાઓ અને પ્રકૃતિ અને પૌરાણિક કથાઓનાં નિરૂપણ દ્વારા વર્ગીકૃત થયેલ છે. આ કળા સ્વરૂપ તેના જીવંત રંગો, નાજુક રેખાઓ અને પ્રતીકાત્મક ચિત્રણ માટે જાણીતું છે.

**મધુબની ડિઝાઇન કરેલી સાડી પહેરીને નિર્મલાનું ફેશન સ્ટેટમેન્ટ**

મધુબની ડિઝાઇન કરેલી સાડી પહેરીને

ફેશન પ્લસ
રશ્મિ શુકલ
feedback.ladki@bombaysamachar.com

નિર્મલા માત્ર ફેશન સ્ટેટમેન્ટ જ નહીં, પરંતુ ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને પ્રોત્સાહન આપી રહ્યા છે અને આ પરંપરાગત કલાને જીવંત રાખનારા કારીગરોને ટેકો પણ આપી રહ્યા છે. જ્યારે નાણામંત્રી મિથિલા કલા સંસ્થાનમાં ક્રેડિટ આઉટરીચ પ્રવૃત્તિ માટે મધુબનીની મુલાકાતે આવ્યાં હતાં, ત્યારે તેઓ દુલારી દેવીને મળ્યા હતાં અને બિહારમાં મધુબની કલા પર તેમની સાથે સૌહાર્દપૂર્ણ ચર્ચા કરી હતી. દુલારી દેવીએ નાણામંત્રીને સાડી ભેટમાં આપી અને બજેટના દિવસે તે પહેરવાનું કહ્યું હતું.

**મધુબની પેઇન્ટિંગમાં શું ખાસ છે?**

મધુબની ચિત્રકળા જેને મિથિલા ચિત્રકળા તરીકે પણ ઓળખવામાં આવે છે, તે બિહારના મિથિલા ક્ષેત્રની એક મુખ્ય કલા પરંપરા છે. આ પેઇન્ટિંગ મુખ્યત્વે મહિલાઓ દ્વારા બનાવવામાં આવી છે અને તેમાં કુદરતી રંગોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. મધુબની કલા (જેને મિથિલા કલા તરીકે પણ ઓળખવામાં આવે છે) એ ભારત અને નેપાળના મિથિલા ક્ષેત્રમાં પ્રચલિત ચિત્રકળાની શૈલી છે. તેનું નામ ભારતના બિહારના મધુબની જિલ્લા પરથી રાખવામાં આવ્યું છે. બિહારનાં આ સ્થળોએ મધુબની રંગીન સાડીઓ બનાવવામાં આવે છે જેમ કે જીતવરપુર, રાંટી અને રસીદપુર એ ત્રણ સૌથી નોંધપાત્ર શહેરો છે જે મધુબની કલાની પરંપરા અને વિકાસ સાથે સંકળાયેલા છે. આ પેઇન્ટિંગની સૌથી ખાસ વાત એ છે કે તેના બધા સભ્યો મહિલાઓ છે. આ પેઇન્ટિંગમાં રંગોનો ઉપયોગ જે રીતે કરવામાં આવ્યો છે તેનાથી બધું કુદરતી લાગે છે. આ પેઇન્ટિંગ કુદરતી રંગો અને રંગદ્રવ્યોનો ઉપયોગ કરીને કરવામાં આવે છે જેમ કે લાલ, ભૂરા અને કાળા રંગો માટે અનુક્રમે ઓચર અને લેમ્પબ્લેક. આ ચિત્રો તેમના આકર્ષક ભૌમિતિક પેટર્ન દ્વારા વર્ગીકૃત થયેલ છે. ■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# ગંગામાં ડૂબકી... આ તે કેવું સાચું સપનું!



'થેંક્યુ સો મચ... આપનો ખૂબ ખૂબ આભાર... મા ગંગા તમને ખુશ રાખે. તમારી મનોકામના પૂરી હો.'

'કૃતિ, સવાર પડી ગઈ. ઊભી થા ને ચા મૂક.' કૃતિને ઢંઢોળતાં પતિદેવ મોટેથી બોલ્યા ને સાથે એને એવી હલાવી કે બિચારી પથારીમાં સફાળી બેઠી જ થઈ ગઈ.

'કૃતિ, આમ સપનામાં કોને 'થેંક્યુ સો મચ' કહેતી હતી અને આશીર્વાદ પણ આપતી હતી?' રાહુલે જેવો પ્રશ્ન પૂછ્યો કે કૃતિ તાડૂકી.

'કેવું સરસ સપનું જોતી હતી! તમને એ પણ નહીં ગમ્યું? આખરે તો મરદની જાત! પત્ની સપનામાં પણ ખુશ ન થવી જોઈએ. ખરું ને? કેટલાં વરસોથી કહેતી આવી છું કે મારે ગંગામાં ડૂબકી મારવા જવું છે. એમ કરવાથી સાત જનમનાં પાપો ધોવાઈ જાય છે.'

'એમ વાત હોય તો ચાલ, આપણે હજી બે-ચાર વર્ષ થોડાં પાપ કરી જ લઈએ અને પછી સામટા- હોલસેલમાં બધાં જ પાપો ધોઈ આવશું.'

'મને ખબર જ હતી કે તમે મારી વાત હસવામાં ઉડાડી દેશો, પણ કાન ખોલીને સાંભળી લ્યો કે આપણે ગંગામાં ડૂબકી મારવા જવું જ છે. સમજ્યા?'

'હા, તે મારી ક્યાં ના છે? એક કામ કર. તું અને તારો ભાઈ (જે ઘરમાં બેકાર બેઠો છે) ગંગામાં ડૂબકી લગાવી આવો. અને હા,૧૦૮ વાર માથાબૂડ ડૂબકી મારજો, જેથી બધા પાપ બરાબર ધોવાઈ જશે અને હા, ડૂબકી મારતી વખતે નાક પણ બરાબર હાથથી દાબી રાખજો. ભલે તમને એમ લાગે કે તમો ડૂબી રહ્યાં છો. થોડું કષ્ટ વેઠશો, તો જ ભગવાનને થશે કે આ સાચા ભક્ત છે... અને હા, ગંગામાં ઠેઠ અંદર સુધી (ત્રિવેણી સંગમ સુધી) જવાથી જ પાપમુક્ત થવાશે એમ આપણા રામજી મહારાજ કહેતા હતા એટલે કે આવા ધાર્મિક નિયમોનું પાલન કરશો તો જ યાત્રા અને ડૂબકી મારેલી સફળ થશે.'

'અને હા, નાનું -મોટું છમકલું થાય તો ગભરાશો નહીં. એ તો બધું થયા કરે... તમ તમારે ધક્કામુક્કીમાં પણ પૂરા જોશથી કવિ નર્મદને યાદ કરી, 'ડગલું ભર્યું તે ના હટવું... ના હટવું...' એમ ગાતાં ગાતાં આગળ વધતાં જ રહેવાનું. ભક્તિ કરતાં કરતાં 'પ્રાણ તનસે નીકલે' વાળું થાય, તો સીધા સ્વર્ગના દ્વાર આપોઆપ તમારી સાચી ભક્તિનાં ફળરૂપે ખૂલી જશે. ખુદ ઇન્દ્ર જ હારતોરા કરવા સ્વર્ગ દ્વારે ઊભા હશે! માટે તું નાહી ધોઈને એક વરી જ પેકિંગ કરી લે. હું મારા એકના એક સાળાને પણ ફોન કરી છેલ્લું બાય બાય કરી લઉં.

'અને હા, આજનું આ પેપરનું હેડિંગ વાંચી લે. ગઈ કાલે હજી માત્ર ચાલીસેક જણા ધક્કામુક્કીમાં ટેં બોલી ગયાં છે. જોકે ડાર્લિંગ, એમાં આપણે કંઈ ગભરાવાનું નહીં. 'સાચા ભક્તોનો ભગવાન!' 'રામ રાખે તેને જ મારે.' સમજી? માટે તું તારે અહીંની માયા મમતા ઉતારીને બજારમાંથી ભગવાં વસ્ત્રો લાવી એને ધારણ કર. આખર તું ગંગામાં ડૂબવા જઈ રહી છે...(સોરી... ડૂબકી મારવા) અને તેં થોડો ભક્તિમાર્ગનો મેકઅપ અને ગેટઅપ કર્યો હશે તો ફોટોગ્રાફરો તારો ઇન્ટરવ્યૂ તેમજ ફોટોગ્રાફી સેશન પણ કરશે. (મરતાં પહેલાં આત્માની શાંતિ અને યાદગીરીરૂપે આટલું જરૂરી બને છે.) અને હા, બજાર જાય તો તારા ભાઈ માટે પણ ભગવાં વસ્ત્રો તેમજ કમંડળ પણ લેતી જ આવજે.'

'પણ મારા ભાઈ માટે ભગવાં તો સમજ્યા. પણ આ કમંડળ શા માટે?' (આટલી ભોળી છે એ મને આજે જ ઠેઠ છેલ્લી ઘડીએ સમજાયું.)

'ગાંડી, કમંડળ છેક છેલ્લે જ્યારે તમે ડૂબકી મારવા છતાં પણ ઇન્દ્રના દ્વારે કદાચ ના પહોંચો અને અધકચરાં કે વાંકાંચૂંકાં થઈ જાવ ત્યારે ગંગાકિનારે બેઉ ભાઈ-બહેન ધૂણી ધખાવીને, કમંડળ મૂકીને બેસજો અને ફક્ત આટલું જ બોલજો, 'હર હર ગંગે... સદા સુખી રહો.' પછી તમે જોજો, કરોડપતિ થઈને તમે એક ભવ્ય આશ્રમમાં નિવાસ કરતાં હશો! એમ પણ જે ડૂબકી લગાવે છે, તેનો બેડો પાર થયા વગરનો રહેતો નથી. સમજી?'

'મને મારી બા હંમેશાં કહેતી હતી કે સવારનું સપનું હંમેશાં સાચું પડે જ છે. જોયું? આજનું સપનું સાચું થવા જઈ રહ્યું છે. થેંક્યુ પતિદેવ, ગંગાનું નામ લેવા માત્રથી તમારી મતિ પણ બદલાઈ ગઈ. તમારા વિચારો માટે ખરેખર માન થયું. મેં મારી પસંદગીમાં ભૂલ નથી કરી એ મને આજે સમજાયું છે.'

'હા, તેં તો મારી પસંદગીમાં ભૂલ નથી જ કરી. હા, તો સાંભળ. હું આજે ઑફિસે રજા લઈ લઉં છું. તું નાહી ધોઈને તૈયાર થઈ જા. આપણે બજારમાં ભગવાં વગેરેનું શોપિંગ કરી આવીએ. (છેલ્લી વારનું શોપિંગ!) અને ગંગા તટ સુધીનાં (ડૂબકી સુધીનાં) નાસ્તા પાણી પણ લઈ આવીએ. ને હા, સ્લીપિંગમાં ટિકિટ ના મળે, તો ભાઈ-બહેનની સીટિંગવાળી ટિકિટ પણ લઈ લઉં છું. ચાલશે ને?'

'હા, હા, હવે પાપ ધોવા અને ભક્તિ માર્ગે તકલીફ આવે, તો પણ શું! તમે નર્મદનું ઉદાહરણ આપ્યું છે, એટલે એના સહારે ગંગા પાર કરવી જ રહી!'

'કૃતિ, ગંગા પાર નહીં, ગંગામાં ૧૦૮ ડૂબકી મારવાની છે. એ ભૂલતી નહીં. આ પહેલો ને છેલ્લો લહાવો છે.'

'સાંભળો છો? હજી પણ મને તમે આવો તો વધારે ગમશે. પ્લીઝ... તમે પણ સાથે આવોને. આપણે રામ -સીતાની જોડી જેવાં છીએ. આપણે બંને ભગવામાં ફોટો સેશન કરીએ, તો કેવાં સરસ લાગીશું! પછી ગંગા કિનારે રીલ બનાવશું. પછી અખાડા સાધુઓ સાથે પણ એમના તંબુમાં ફોટો સેશન કરીશું. લાખો લાઇક મળશે અને લાખો લોકો શેર કરશે તે જુદું.' (આ રીલ ને ફોટાના મોહમાં ડૂબકી લગાવવાનું ભૂલી ન જાય તો સારું.)

'ગાંડી... સ્વીટ ડાર્લિંગ, તારી સાથે આવવા માટે મને ઘણી હોંશ હતી. પણ મારા ખડુસ બોસે રજા મંજૂર નહીં કરી, તે નહીં જ કરી. ઉપરથી કહે મિસ્ટર રોહન, રજા લેશો તો નોકરીમાંથી ફાયર! મોંઘવારીમાં નોકરી વિના તો કેમ ચાલે ડાર્લિંગ?'

ત્યાં જ કૃતિનો ફોન રણક્યો. એણે ફોન સ્પીકર ઉપર મૂક્યો. સામે છેડે પરિચિત લાગતો અવાજ હતો'

'હેલો કૃતિબહેન, તમે એક વીક પહેલાં મને મળવા આવેલાં. મેં આખરે નિર્ણય લીધો છે કે રોહનને પંદર દિવસની ચાલુ પગારે યાત્રા માટે કંપની તરફથી રજા... અને હા, તમારા બેની અને મારી તેમજ મારી પત્ની એમ આપણા ચારની કાલની ટિકિટ લેવાઈ ગઈ છે. તમને પ્લેનની ટિકિટો મોકલું છું. રોહન ન આવે તો એ નોકરીમાંથી ફાયર થશે એમ કહી દેજો. ફોન સ્પીકર પર હશે જ... તો તમે બંને તૈયારી કરો.'

'પતિદેવ, આ સપનું નથી, સત્ય છે. ડૂબકી હવે તમે લગાવશો, હું નહીં!'■

# પુરુષ



## પોતાની લડાઈ લડવા માટે પોતાને 'મળવું' અત્યંત જરૂરી છે

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

તાજેતરમાં વડા પ્રધાન મોદીએ વિદ્યાર્થીઓ સાથે 'પરીક્ષા પે ચર્ચા' કરી. એમાં વડા પ્રધાને વિદ્યાર્થીઓને 'ખૂદ સે લડના શીખો' એમ કહ્યું. અલબત્ત, વડાપ્રધાનની એ સલાહ પોતાના જ જૂના માર્ક્સ કે જૂના પ્રદર્શન કરતાં દર વખતે સારું પ્રદર્શન કરવું એ સંદર્ભમાં હતી.

આમ છતાં, એ સલાહ જીવનમાં પણ એટલી જ ખપમાં આવી શકે એમ છે, કારણ કે 'ખૂદ સે લડના શીખો' એમ કહેતી વખતે એમણે એમ પણ કહ્યું કે પોતાની જ સાથે લડવા માટેની સૌથી પહેલી જરૂરિયાત એ વાતની છે કે આપણે આપણી જાતને મળવું પડે.... જો આપણે આપણી જાતને જ નહીં મળીએ-નહીં ઓળખીએ તો આપણે આપણી જાત સાથેની લડાઈ કઈ રીતે લડી શકીશું?

માર્ક્સને ભૂલી જઈએ તો જીવનમાં મોટાભાગના લોકોની આ જ તકલીફ છે. આપણે બહાર બહુ લડીએ છીએ અને બહાર અનેક કારણ વિનાના સંઘર્ષો કરીએ છીએ, પરંતુ આપણી અંદર આપણે ઝાંકતા નથી- ડોકિયું કરતાં નથી! ખબર નહીં પણ કેમ, માણસ માટે એના જીવનમાં કપરામાં કપરું કામ હોય છે પોતાની જાત સાથે 'મુલાકાત' કરવો- જાત સાથે સંવાદ કરવો અને જાત સાથે અમુક સમજણ કેળવીને અમુક નિર્ણય વિશે સ્પષ્ટ થઈ જવું. ખબર નહીં કેમ, પરંતુ આપણે જાત સાથે મળવામાં કે જાત સાથે સંવાદ કરવામાં એટલા બધા શું કામ ડરીએ છીએ કે જીવનભર આપણે અમુક લડાઈ લડતા જ નથી. બસ, એ જ કારણે અમુક નાંખી દેવા જેવા પ્રશ્નો, એવી જ ફેંકી દેવા જેવી મૂંઝવણો અને આપણી પીડાઓ આપણી સામે એમ જ લટકતી રહી જાય છે !

આના કારણે જ આપણે મનમાં ને મનમાં ઘૂંટાતા રહીએ છીએ અને એ ઘૂંટન આપણને સતત પીડાઓ આપતી રહે છે. હા, જો આપણે જીવનની જે સમસ્યાઓનો સામનો કરવાનું ટાળીએ છીએ એની સામા જઈને ઊભા રહીએ તો?

-તો કદાચ આપણને અમુક રિગ્રેટ્સ- વસવસા નહીં રહે, કારણ કે આપણા મોટાભાગના વસવસા એટલા માટે જ રહી જાય છે કે આપણે ક્યાં તો ચોક્કસ સમયે કોઈ નિર્ણય નથી લેતા, યોગ્ય સમયે કોઈ સાહસ નથી કરતા, યોગ્ય જગ્યાએ ઊભા નથી રહેતા કે પછી અણીના સમયે આપણા ખુદના માટે સ્ટેન્ડ નથી લેતા ! અને એ પછી આપણે આખી જિંદગી બળતા રહીએ છીએ કે કાશ, મેં આવું કર્યું હોત તો આમ થાત કે હું આવું બોલ્યો હોત તો આમ થાત !

આ તો ઠીક, આવા વસવસાને કારણે આપણે જીવનભર વિક્ટિમ કાર્ડ પણ રમતા રહીએ છીએ કે મારી સાથે આમ થયું કે મને આવો અન્યાય થયો કે મને કોઈ સમજતું નથી. અને એ બધામાં આપણે જે દુ:ખી થઈએ છીએ એનું શું? શું કામ આપણે આવી વેચાતી લડાઈઓ વેઠવાની? આ બધી પીડાઓ, બધા વસવસાનું મૂળ શું? તો કે અણીના સમયે આપણું આપણી જાત સાથે સંવાદ ન કરવું અને કાલ્પનિક ડર કે એવા જ કાલ્પનિક નુકસાનને ધ્યાનમાં રાખીને યોગ્ય સમયે કઠોર નિર્ણય ન લેવો ! એ કારણે અમુક પ્રશ્નો એમ જ લટકતા રહે છે અને આપણને પીડા આપતા રહે છે.

આ બધાં કારણસર આપણું આપણી જાતને મળવું અત્યંત જરૂરી છે. જો આપણે પલાયન નહીં સાધીને તેની સાથે સંવાદ કરીશું તો આપોઆપ આપણને અમુક જવાબ અને સમાધાનો મળી રહેશે. અને સમાધાનો નહીં મળે તો અમુક સંજોગોને વેઢી લેવાની હિંમત મળી જશે, જેને પગલે થોડું નુકસાન જાય તો જાય, પરંતુ અમુક વસવસા કે અમુક પીડામાંથી આપણને કાયમ ક્યારેય મુક્તિ મળી જશે! ■






કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## એ રાત તને યાદ છે...?

ડિયર હની,

કેટલીક જૂની યાદો તાજી થઇ ગઈ.
આપણા ફોટાનું આલ્બમ જોતો હતો ત્યારે કેટલીક જૂની યાદો તાજી થઇ ગઈ. આવી યાદને ઉજાગર કરતાં રહેવી
કેટલાંક સ્થળ એવાં હોય છે કે, એ જીવનભર યાદ રહે છે. આવી યાદને ઉજાગર કરતાં રહેવી
જોઈએ.
હમણા જાપાનમાં એક નવો ટ્રેન્ડ શરૂ થયો છે. વીતેલા જમાનાની સાદગી માણવા યુવાનો રેટ્રો
કાફેમાં જાય છે. શોવા યુગના આ કાફે બહાર વિક એન્ડમાં લાઈનો લાગે છે. લોકો ત્યાં ફોટા પડાવે
છે, સેલ્ફી લે છે.
આપણે પણ કેટલીક જગ્યાએ સાથે ગયા છીએ એ યાદ આવે છે?
રાજકોટમાં રેસકોર્સ રીંગ રોડની પાળીથી માંડી અમદાવાદની ઉડીપી હોટેલ ...સુધી આ યાદ
વિસ્તરી શકે છે. આપણી સગાઇ થઇ ત્યારે હજુ મોબાઈલ ફોન આપણી પાસે નહોતા એટલે કેટલીક
યાદો તસ્વીરમાં કેદ થઇ નથી, પણ મનોપટ પર હજુ ય તાજી છે. એ રેસકોર્સ રીંગ રોડની પાળી પર
મોડી રાત્ર સુધી બેસવું અને દરેક વેળા આપણે વાતો જ કરતા હતા એવું નહોતું. ઘણીવાર આપણા
વચ્ચેનું મૌન બોલકું બની જતું હતું. રસ્તા પર શાંતિથી વહી જતો ટ્રાફિક પણ આપણા મૌનને ખંડિત
કરી શકતો નહોતો. ક્યારેક હાથમાં ચાનો ગ્લાસ રહેતો તો ક્યારેક આઈસક્રીમનો કપ. કેટલીક વાત
ઘરમાં ના કરી શકતા એ આપણે અહીં નિરાંતે કરતાં હતાં.
-અને હા, અમદાવાદમાં પાલડીમાં ઉડીપી જૂની હોટેલ છે એ મારી ફેવરિટ છે.
અમે વિદ્યાર્થી હતા ત્યારે અમદાવાદ જેટલી વાર ગયા ત્યારે આ ઉડીપી હોટેલમાં જરૂર
જતા. ત્યાંની ઈડલી અને ઢોસાનો સ્વાદ હજુ ય જીભે તાજો છે. આપણે બંને પણ સાથે ત્યાં
ગયા છીએ. મુંબઈમાં પણ આવી ઉડીપી હોટેલ હજુ ય છે અને એના ચાહકો પણ છે. આવી
કેટલીક જગ્યા જેમની તેમ રહી નથી. રાખવી જોઈએ. અમદાવાદની ઉડીપી હોટેલ હવે બદલાઈ
ગઈ છે. તને રાજકોટનો 'સત્યવિજય'નો આઈસક્રીમ તો યાદ હોય જ ને! ઓહો, કેટલીવાર
ત્યાં આપણે ગયા હશું!. આ 'સત્યવિજય'નો આઈસક્રીમ કેટલો પ્રખ્યાત કે ફલાઈટમાં મુંબઈ
જતો હતો...!
સગાઇ અને લગ્ન વચ્ચેનો જે ગાળો હતો એમાં આપણે આઈસક્રીમ ખાવા ઘણીવાર ગયાં. આઈસક્રીમ
તો તારી સાથે સમય વિતાવવાનું એક બહાનું હતું.
એકવાર એક ડેમસાઈટ પર ગયા હતા. ઢળતી સાંજ હતી. અને હાથમાં હાથ મિલાવી ડેમના પાળા
પર આપણે કેટલું ચાલ્યા હતાં અને થોડે દૂર ગયા બાદ આસપાસ જોયું કે, કોઈ નથી, આપણી વચ્ચે
માત્ર ડેમનાં પાણીનો અવાજ છે ત્યારે મેં તને એક ચુંબન કરેલું ...એની ભીનાશ આજે ય મારા હોઠો
પર વર્તાય છે. રમેશ પારેખ યાદ આવી જાય એવી પળ હતી એ ...

**'મારી આંખમાં તું વહેલી સવાર સમું પડતી**
**ને ઘેરાતી રાત મને યાદ છે**
**ઘેરાતી રાત તને યાદ છે?'**

પાછા વળતા અંધારું નીચે ઊતરી આવ્યું હતું અને પછી તને થોડો ડર લાગ્યો હતો અને તું મારા
હાથને વધારે ભીંસથી પકડી ચાલતી હતી. એ ડર પણ મને યાદ છે. તને યાદ છે?
એમ તો એક વાર વરસાદમાં આપણે સાથે પલળ્યાં હતાં. તને વરસાદમાં પલળવું ગમતું નથી,
છતાં હું તને સાપુતારાનાં એ પહાડી વિસ્તારમાં ખેંચી ગયો હતો. તું ના... ના કરતી રહી, પણ મને
તું પલળતી એ જોવાની બહુ મજા આવતી હતી. અને પછી પલળેલાં કપડે આપણે હોટેલમાં ગયા
બાદ તે તારી જાતને કોરી કરી હતી પણ હું એ જોઈ ભીંજાતો રહ્યો હતો....
એમ તો દરિયામાં જરા જેટલું અંદર પણ જવું તને ક્યાં ગમતું હતું? ગોવાના દરિયા કાંઠે હું
જબરદસ્તી કરી તને દરિયાનાં પાણીમાં લઇ ગયો હતો. થોડા અંદર ગયા બાદ તે ના પાડી દીધી
હતી. તારાં ઇનકાર પણ દરિયાના મોજા જેવો લાગ્યો હતો. ...આવે ને જાય અને ભીંજવી જાય.
માંડ ગોઠણડૂબ પાણીમાં આપણે ગયાં હતાં પછી એક બીજા પ્રવાસીને કહ્યું હતું કે, આપણો ફોટો
પાડી દે...આલ્બમમાં એ ફોટો પણ મેં જોયો. જાણે ગઈકાલનો પ્રસંગ હોય એવું લાગ્યું.
મને એવું લાગે છે કે, પતિ- પત્નીએ આવી યાદો સમયાંતરે
માણવી જોઈએ. જૂના આલ્બમો હાથવગા રાખવા જોઈએ. એ
માત્ર આલ્બમ જ નથી અને એની તસ્વીરો માત્ર આર્ટ પેપર જ
નથી- એમાં જિંદગી દર્જ થયેલી છે. કેટલીક ચીજો છે ને
આલ્બમમાં જ સારી લાગે છે. આજે મોબાઈલનો જમાનો છે
અને ફોટા ફટફટ પડે છે. સેલ્ફીઓ લેવાય છે. સારી વાત છે,
પણ આલ્બમના ફોટા પર કાળક્રમે જે સેપિયો રંગ ચઢે એ
જોવા-માણવાનો આનંદ કૈક જુદો છે. એનાં પર ધૂળ ના ચઢવા
દેવી જોઈએ. આવી જૂની યાદો તાજી કરતાં રહેવું જોઈએ.

તારો બન્ની




## એકલવાયા વૃદ્ધોની સલામતીનું શું?

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

લોનાવલાના રોકાણ દરમિયાન લોનાવલાથી અઢી-ત્રણ કિલોમીટરના અંતરે આવેલા એક વૃદ્ધાશ્રમની મુલાકાત લીધી એ દરમિયાન સંચાલક સાથે વૃદ્ધો વિશે - વૃદ્ધાશ્રમો વિશે થોડી આડીઅવળી વાત. વાત ચાલુ હતી તે દરમિયાન એક માજી કંઈક પૂછવા આવ્યાં.

માજીએ મૅનેજર સાથે વાત કર્યા પછી મારી સામે જોયું અને 'જય શ્રીકૃષ્ણ' કર્યા એટલે મેં પૂછયું:

'કેમ છો?'

એમણે સસ્મિત કહ્યું, 'જલસા છે.' મને આ હસમુખા માજી ગમી ગયાં એટલે એમની સાથે વાતચીત શરૂ કરી:

'ક્યારથી અહીં રહો છો, બા?'

'બે વર્ષ થવા આવ્યાં.' માજીએ કહ્યું.

'આપનાં સંતાન?' જવાબમાં એમણે કહ્યું:

'છે ને, એક દીકરો છે.'

'દીકરા સાથે નથી રહેતા?'

'દીકરો તો બેંગલોર રહે છે.'

'ઓહ, તો બેંગલોર કેમ નથી રહેતાં?'

'મને બેંગલોર નથી ગમતું.'

એ પછી એ બા પાસેથી એમની વિગતવાર વાત સાંભળી:

'મારો પરિવાર ત્રણ જણનો. હું, તમારા કાકા અને મારો દીકરો. દીકરાને ભણાવ્યો-ગણાવ્યો. આઈટી એન્જિનિયર બનાવ્યો. સરસ મજાની, દીકરાને ગમતી વહુ લાવ્યાં. બંને જણ નોકરી કરે. બધાં શાંતિથી રહેતાં હતાં. વહુ પણ મજાની ઢીંગલી જેવી. ભણેલીગણેલી અને ડાહી પણ ખરી. એક વખત દીકરાને બેંગલોરની જાણીતી કંપનીમાંથી મોટા પગારની નોકરીની ઑફર આવી. વહુને પણ ત્યાં નોકરી મળી જાય તેમ હતું. તેથી દીકરાએ કહ્યું:

'મમ્મી-પપ્પા ચાલો, આપણે સૌ બેંગલોર જતાં રહીએ. મને બહુ મોટું પેકેજ ઑફર થયું છે. આવી તક છોડાય તેમ નથી.' દીકરાની વાત સાંભળીને હું તો કાંઈ ન બોલી, પણ તમારા કાકાએ કહ્યું:

'બેટા, અમને બેંગલોરમાં ન ફાવે. અમે ત્યાં શું કરીએ? ત્યાં કોઈને ઓળખીએ નહીં, કોઈ સગું-સંબંધી નહીં, મિત્રો નહીં. આપણાં બધાંજ સગાં-સંબંધી-મિત્રો મુંબઈમાં છે. વળી વર્ષોથી અહીં રહેવાની આદત પડી ગઈ છે, હવે જતી જિંદગીએ બીજી જગ્યાએ ન ફાવે.

'તો શું કરું પપ્પા? ના પાડી દઉં?'

'અરે, આવી સરસ ઑફર આવી છે. લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોઢું ધોવા જવાતું હશે? તારા વિકાસમાં અમારાથી આડા ન અવાય.... તારી પ્રગતિમાં અમારું સુખ છે. તું અને વહુ બેટા ખુશીખુશી જાવ. અમે કોઈ કોઈ વાર આવીને થોડા દિવસ તમારી સાથે રહી જઈશું. રજામાં તમે બંને આવી જજો.

'ના, ના પપ્પા. તમને અને મમ્મીને એકલાં મૂકીને જતાં અમારું મન માને નહીં' પુત્ર-પુત્રવધૂ બન્ને કહેવા લાગ્યાં:

'તમે સાજાં-માંદાં થાવ કે કાંઈ પ્રોબ્લેમ થાય તો અમને આવતાં વાર લાગી જાય. જો તમે અમારી સાથે જ રહેતાં હો તો અમને ચિંતા ન રહે.'

'દીકરા-વહુ તમારે બંનેએ અમારી ચિંતા કરવાની જરૂર નથી. અમારા બંનેની જાત હજુ સારી ચાલે છે. વળી કામવાળાં બેન અને રસોઈવાળાં બહેન પણ સારાં છે. અહીં અમારું બહોળું સર્કલ છે. રોજ ક્યાંક ને ક્યાંક જતાં હોઈએ છીએ. તમે નચિંત થઈને જાઓ અને જરૂર પડ્યે અમે આવી જઈશું કે તમે પણ આવી શકો.

એ બન્ને ક-મને ગયાં. થોડો વખત તો અમે પણ એમની સાથે ગયાં. એ બંને બરાબર સેટ થયાં પછી અમે પરત ફર્યાં.

મુંબઈમાં અમારું જીવન સરસ રીતે વ્યતીત થતું હતું. દેવ-દર્શન અને સગાં-સંબંધી-મિત્રો સાથે મજા કરતાં હતાં. દીકરા-વહુ સાથે રોજ રાત્રે થોડી વાર વીડિયો કોલ કરી લેતા હતા. જીવનગાડું સરસ પાટે ચડી ગયું હતું, પણ કોણ જાણે કેમ આપણને એમ લાગે કે હવે આપણું જીવન સરસ ગોઠવાઈ ગયું છે, કોઈ પ્રોબ્લેમ નથી, સુખ જ સુખ છે ત્યાં જ કુદરત ફટકો મારે છે. સુખ કોઈનુંય લાંબું ટકતું નથી. સુખ પાછળ દુ:ખ લાઈનમાં ઊભું જ હોય છે. .....અમારા જીવનમાં પણ એવું જ બન્યું. તમારા કાકાની તબિયત બગડી. હૃદયરોગનો હુમલો આવ્યો. થોડા દિવસ હૉસ્પિટલમાં રહીને સાજા થયા અને ઘેર આવ્યા. દીકરા-વહુએ બહુ જ આગ્રહ કર્યો કે હવે તો અમારી સાથે બેંગલોર આવી જાઓ. પપ્પાની તબિયત સારી નથી. હવે તમને બંનેને એકલાં અહીં રાખતાં અમારો જીવ નથી ચાલતો, પણ તમારા કાકાની ઇચ્છા ન હતી તેથી મેં ના પાડી અને મુંબઈમાં જ રહ્યાં. ફરીથી જીવનચક્ર ચાલવા માંડ્યું. તમારા કાકા દવાને સહારે ટકી રહ્યા હતા. હું તેમનું બહું જ ધ્યાન રાખતી. યોગ્ય આહાર અને ચાલવા જવાની આદતને કારણે એમને ઠીક લાગતું હતું, પણ એક રાત્રે અચાનક તમારા કાકાને છાતીમાં દુખાવો ઊપડયો.... દવાની અસર ન થઈ એટલે મેં તરત ફૅમિલી ડૉક્ટરને ફોન કર્યો. એ આવ્યા... પણ તમારા કાકાએ અચાનક હંમેશને માટે વિદાય લીધી...

'હવે હું એકલી થઈ ગઈ. તરત તો થોડો સમય દીકરા સાથે બેંગલોર ગઈ, પણ કાંઈ ગમતું ન હતું. પાછી મુંબઈ આવી. દીકરા-વહુને બહુ ફિકર થતી હતી, પણ શું કરે? મને પણ ત્યાં ગમતું ન હતું તેથી હું પણ શું કરું? એકલી રહેવા લાગી. ધીમે ધીમે સેટ થઈ ગઈ.... પણ એક રાત્રે બાજુના જ મકાનમાં એકલા રહેતા મનુભાઈનું ખૂન થઈ ગયું. આખા એરિયામાં ભયનું સામ્રાજ્ય ફેલાઈ ગયું. એ પછી બાજુની ગલીમાં રહેતાં વૃદ્ધા કુસુમબહેનને ત્યાં લૂટની સાથે એમનું પણ મર્ડર થઈ ગયું. વૃદ્ધોની સલામતી જોખમમાં આવી ગઈ હતી. હવે દીકરો-વહુને આવા સમયમાં હું મુંબઈમાં એકલી રહું તેમંજૂર ન હતું. હું પણ અંદરખાને હચમચી ગઈ હતી...

'એવામાં એક દિવસ જૂની બહેનપણી મંજુલા મળી ગઈ. તે લોનાવલા વૃદ્ધાશ્રમમાં રહેતી હતી. એણે બહુ વખાણ કર્યા એટલે તેની અહીંની મુલાકાત લીધી. મને પણ ગમ્યું. હમઉમ્ર લોકોનો સંગાથ અને સલામતીની કોઈ ચિંતા નહીં. દીકરો-વહુ પણ આવીને બધું જોઈ-ચકાસી ગયાં એમને પણ બધું સારું લાગ્યું. આમ તો હું બેંગલોર જવાને બદલે અહીં રહું તે એ વાત દીકરા-વહુને પસંદ નથી, પણ મારી ઇચ્છાને માન આપીને એમણે પણ સંમતિ આપી. ત્યાર બાદ સલામતીના કારણસર હું અહીં રહું છું.' બાએ પોતાની વાત પર પૂર્ણવિરામ મૂકયું. ■

# ચૅમ્પિયન્સ ટ્રોફી પહેલાં જ ભારતીય ટીમને મોટો ઝટકો: મુખ્ય બોલર બુમરાહ નહીં રમે

## સ્ટાર ઓપનર યશસ્વીની બાદબાકી: હર્ષિત રાણા અને વરુણ ચક્રવર્તી ટીમમાં સામેલ

મુંબઈ: ૧૯મી ફેબ્રુઆરીએ શરૂ થનારી વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફીમાંથી જસપ્રીત બુમરાહની છેવટે બાદબાકી થઈ ગઈ છે અને યશસ્વી જયસ્વાલને પણ મુખ્ય ટીમની બહાર રાખવામાં આવ્યો છે.

બુમરાહ પીઠની ઈજાને કારણે આ સ્પર્ધામાં રમશે કે નહીં એ પ્રશ્ન હતો જ. તેના સ્કૅનના રિપોર્ટમાં કંઈ જ અજુગતું નથી આવ્યું, પરંતુ કહેવાય છે કે બુમરાહ પોતે જ હજી આંતરરાષ્ટ્રીય મૅચોમાં બોલિંગ કરવા માટે તૈયાર નથી એટલે ચૅમ્પિયન્સ ટ્રોફી માટેની ફાઈનલ ટીમમાં સામેલ નથી કરવામાં આવ્યો. ઉલ્લેખનીય છે કે આ સ્પર્ધા પછી માર્ચ મહિનામાં આઇપીએલ શરૂ થશે.

બુમરાહના સ્થાને હર્ષિત રાણાને મુખ્ય ટીમમાં સમાવવામાં આવ્યો છે. ઈજાને કારણે બુમરાહ ત્રણ વર્ષમાં બીજી વખત આઈસીસી ઇવેન્ટ ગુમાવશે. ૨૦૨૨માં તે ટી-૨૦ વર્લ્ડ કપમાં નહોતો રમી શક્યો. ત્યારે તેણે સર્જરી કરાવવી પડી હતી.



### ચૅમ્પિયન્સ ટ્રોફી માટેની ભારતની ટીમ

રોહિત શર્મા (કેપ્ટન), શુભમન ગિલ (વાઇસ-કેપ્ટન), વિરાટ કોહલી, શ્રેયસ ઐયર, કેએલ રાહુલ (વિકેટકીપર), રિષભ પંત (વિકેટકીપર), હાર્દિક પંડ્યા, અક્ષર પટેલ, રવીન્દ્ર જાડેજા, વૉશિંગ્ટન સુંદર, કુલદીપ યાદવ, હર્ષિત રાણા, અર્શદીપ સિંહ, મોહમ્મદ શમી અને વરુણ ચક્રવર્તી.

**નૉન-ટ્રાવેલિંગ સબસ્ટિટ્યૂટ્સ:** યશસ્વી જયસ્વાલ, મોહમ્મદ સિરાજ અને શિવમ દુબે.

ગયા મહિને બીસીસીઆઈએ કામચલાઉ ટીમ જાહેર કરી ત્યારે જ પત્રકારોને કહેવામાં આવ્યું હતું કે અંતિમ ૧૫ ખેલાડીઓમાં બુમરાહનો સમાવેશ તેની ફિટનેસને આધારે જ કરવામાં આવશે.

હર્ષિત રાણાએ તાજેતરમાં જ વન-ડેમાં ડેબ્યૂ કર્યું છે. ઇંગ્લૅન્ડ સામેની વર્તમાન વન-ડે સિરીઝની બે મૅચ તે રમ્યો છે જેમાં તેણે ચાર વિકેટ લીધી છે. એ પહેલાં ઇંગ્લૅન્ડ સામેની જ ટી-૨૦ મૅચમાં તેણે ત્રણ વિકેટ લીધી હતી.

તમામ દેશોએ આઈસીસીને અગાઉ જ કામચલાઉ ટીમ આપી દીધી હતી અને ફાઇનલ ટીમ આપવા માટે ૧૧મી ફેબ્રુઆરી નિયત કરવામાં આવી હતી. હવે પછી જો કોઈ દેશે પોતાની ટીમમાં કંઈ પણ ફેરફાર કરવાનો રહેશે તો એણે આઇસીસીની ટેક્નિકલ કમિટીની પરવાનગી લેવી પડશે. ચૅમ્પિયન્સ ટ્રોફી પાકિસ્તાનમાં રમાવાની છે. ભારત-પાકિસ્તાન વચ્ચેની હાઈ-વૉલ્ટેજ મૅચ રવિવાર, ૨૩મી ફેબ્રુઆરીએ (બપોરે ૨:૩૦ વાગ્યાથી દુબઈમાં રમાશે. ■

# જયપુરમાં સ્ટેડિયમ નજીકના બે બિલ્ડિંગની અગાશી પરથી પ્રેક્ષકો જોઈ શકશે આઈપીએલની મૅચ

જયપુર: આગામી ૨૧મી માર્ચે શરૂ થનારી આઇપીએલની વર્ષ ૨૦૨૫ની સીઝનમાં જયપુરમાં રમાનારી મૅચો એ સ્ટેડિયમની નજીકની (આશરે ૫૦ મીટર દૂર) બે ઇમારતની અગાશી પરથી પણ પ્રેક્ષકો જોઈ શકે એવી વ્યવસ્થા કરવામાં આવી રહી હોવાનું એક અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું.

જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમ (એસએમએસ)માં સ્પર્ધા દરમ્યાન મૅચો રમાશે. રાજસ્થાન રૉયલ્સની ટીમ આ સ્થળની યજમાન ટીમ કહેવાશે અને સંજુ સૅમસન એ ટીમનું નેતૃત્વ સંભાળશે. ટીમના બીજા મુખ્ય ખેલાડીઓમાં યશસ્વી જયસ્વાલ, શિમરૉન હેટમાયર, ધ્રુવ જુરેલ, રિયાન પરાગ, નીતીશ રાણા, વનિન્દુ હસરંગા, વૈભવ સૂર્યવંશી, જોફ્રા આર્ચર, ફઝલહક ફારુકી, તુષાર દેશપાંડે, આકાશ મઢવાલ, માહીશ થીકશાન વગેરેનો સમાવેશ છે.

જયપુરના એસએમએસમાં રાજસ્થાની થીમ પર મૅચોનું આયોજન કરાશે. ખાસ કરીને સંપૂર્ણ સ્ટેડિયમ પ્લાસ્ટિક-મુક્ત રાખવામાં આવશે.

સ્ટેડિયમની અંદર અને બહાર બાંધવામાં આવેલા રાજસ્થાન ક્રિકેટ ઍકૅડેમીના તેમ જ ક્રીડા ભવનના બિલ્ડિંગની અગાશી પર રખાનારી સીટ માટેની ટિકિટો આપવામાં આવશે એવું એક જાણીતી વેબસાઇટના અહેવાલમાં જણાવાયું હતું.

કહેવાય છે કે જયપુરના સ્ટેડિયમમાં પ્રેક્ષકોની સંખ્યા ૫૦,૦૦૦થી વધારી શકાય એમ નથી એટલે બને એટલા બીજા વધુ પ્રેક્ષકોને સમાવવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. ■

# કોહલી બન્યો એશિયાનો ફાસ્ટેસ્ટ રનકર્તા, સચિનનો વિક્રમ તોડ્યો





ગઈ કાલે અમદાવાદના મેદાન પરના બ્રેક દરમ્યાન વિરાટ કોહલી અને શુભમન ગિલ. એશિયામાં વન-ડે ક્રિકેટમાં સૌથી ઝડપે (સૌથી ઓછી ઇનિંગ્સમાં) ૧૬,૦૦૦ રન બનાવવામાં કોહલીએ સચિનનો વિશ્વવિક્રમ તોડ્યો છે. ઇંગ્લૅન્ડ સામે સચિનનો કુલ ૩,૯૯૦ આંતરરાષ્ટ્રીય રનનો જે ભારતીય વિક્રમ હતો એ પણ કોહલીએ ૪,૦૩૬ રન સાથે તોડી નાખ્યો છે. (પીટીઆઇ)

# ટૉરન્ટ ગ્રૂપે ગુજરાત ટાઇટન્સનો ૬૭ ટકા ઇક્વિટી હિસ્સો ખરીદી લીધો

અમદાવાદ: અહીં હેડ ક્વૉર્ટર ધરાવતા ટૉરન્ટ ગ્રૂપે આઇપીએલના ગુજરાત ટાઇટન્સ ફ્રૅન્ચાઇઝીનો ૬૭ ટકા ઇક્વિટી હિસ્સો ખરીદી લેવા માટેનો કરાર કર્યો છે અને હવે આ ગ્રૂપ બહુમત શૅરહોલ્ડર બની ગયું છે. ૨૦૨૨માં ગુજરાત ટાઇટન્સની ટીમ આઇપીએલમાં ચૅમ્પિયન બની હતી. સીવીસી કૅપિટલ પાર્ટનર્સે ૨૦૨૧માં ૫,૬૨૫ કરોડ રૂપિયામાં આ ટીમ ખરીદી હતી ત્યારે ટૉરન્ટ ગ્રૂપે પણ બિડ મૂક્યું હતું. જોકે હવે ટૉરન્ટ ગ્રૂપ એની પાસેથી ચે-તૃત્યાંશ હિસ્સો (બહુમત હિસ્સો) ખરીદી રહ્યું હોવાનું મનાય છે. અમદાવાદનું નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ગુજરાત ટાઇન્ટન્સનું હોમ-ગ્રાઉન્ડ છે જેમાં ૧,૦૦,૦૦૦થી વધુ લોકો બેસી શકે એટલી સીટ છે. ■

### કુંબલે મહાકુંભમાં



ગઈ કાલે પ્રયાગરાજના મહાકુંભ દરમ્યાન માઘી પૂર્ણિમાના અવસરે સંગમ ખાતે પત્ની ચેતના સાથે પવિત્ર સ્નાન વખતે ભૂતપૂર્વ ક્રિકેટ કૅપ્ટન અનિલ કુંબલે. (પીટીઆઇ)

# શ્રીલંકાના શનાકાને એક દિવસમાં બે દેશમાં મૅચ રમવાનું ભારે પડ્યું

કોલંબો: શ્રીલંકાનો ભૂતપૂર્વ કૅપ્ટન અને ઑલરાઉન્ડર દાસુન શનાકા બીજી ફેબ્રુઆરીએ એક જ દિવસમાં બે દેશમાં મૅચ રમ્યો એને પગલે તેની ખૂબ પ્રશંસા થતી હતી, પરંતુ કેટલાક કારણસર હવે તેના એ અભિગમની તપાસ થઈ રહી છે. કહેવાય છે કે એ દિવસે સાંજે દુબઈમાં મૅચ રમવા માટે કોલંબો ખાતેની ફર્સ્ટ-ક્લાસ મૅચ વહેલી છોડી ગયો હતો.

શ્રીલંકન ક્રિકેટ બોર્ડ દ્વારા શનાકા વિશે જે આરોપનામું ઘડવામાં આવ્યું છે એમાં મૅચ રેફરીએ તેની સામે કરેલા આક્ષેપનો ખાસ સમાવેશ છે. મૅચ રેફરીનું એમાં એવું કહેવું છે કે શનાકાને કોલંબોની મૅચ દરમ્યાન માથામાં ઈજા થઈ હતી. ક્રિકેટમાં આ ઈજા કંકશન તરીકે ઓળખાય છે અને તે ઈજા પામતાં સિંહાલીઝની ટીમને સબસ્ટિટ્યૂટ મંજૂર કરવામાં આવ્યો હતો. હવે વાત એવી છે કે ખુદ આ ટીમ (સિંહાલીઝ ક્લબ) પોતાના ખેલાડી વિરુદ્ધ તપાસ કરી રહી છે.

જોકે શનાકાનું એવું કહેવું છે કે તેણે સિંહાલીઝ ક્લબના સી.ઇ.ઓ. ઍશ્લી ડિસિલ્વાને તથા અન્યોને અગાઉથી કહ્યું હતું કે તે આ મૅચ વહેલી છોડીને જતો રહેશે. ■

# ઑસ્ટ્રેલિયન ટીમને માથે પનોતી બેઠી છે!: ફાસ્ટ બોલર્સની આખી ફોજ ચૅમ્પિયન્સ ટ્રોફીની બહાર!

પાકિસ્તાનની ટૂર્નામેન્ટમાં સ્ટાર્કને પણ નથી રમવું!: ખરેખર ઈજા સતાવે છે કે આતંકવાદી હુમલાનો ભય છે?

મેલબર્ન: વન-ડેના વર્લ્ડ ચૅમ્પિયન ઑસ્ટ્રેલિયાને ચૅમ્પિયન્સ ટ્રોફી પહેલાં એક પછી એક ઝટકા લાગી રહ્યા છે. ૧૯મી ફેબ્રુઆરીએ પાકિસ્તાનમાં શરૂ થઈ રહેલી વન-ડેની આ સ્પર્ધામાંથી સિલસિલાબંધ સ્ટાર ઑસ્ટ્રેલિયન ક્રિકેટરો ઈજા યા અન્ય કોઈ કારણસર નીકળી ગયા ત્યાર બાદ હવે ગઈ કાલે વધુ એક નામાંકિત ખેલાડીએ પોતાનું નામ પાછુ ખેંચી લીધું હતું. મુખ્ય ફાસ્ટ બોલર મિચલ સ્ટાર્ક ચૅમ્પિયન્સ ટ્રોફીમાં અંગત કારણસર નથી રમવાનો.

પીઢ ખેલાડી સ્ટીવ સ્મિથ ઑસ્ટ્રેલિયન ટીમનું સુકાન સંભાળશે.

આ પહેલાં પૅટ કમિન્સ, જૉશ હૅઝલવુડ તેમ જ મિચલ માર્શ ઈજાને લીધે આ સ્પર્ધામાંથી નીકળી ગયા હતા તેમ જ ઑલરાઉન્ડર માર્કસ સ્ટોઈનિસે અચાનક રિટાયરમેન્ટ લઈ લીધું એટલે તેની પણ બાદબાકી થઈ ગઈ.

### ચૅમ્પિયન્સ ટ્રોફી માટેની ઑસ્ટ્રેલિયન ટીમ

સ્ટીવ સ્મિથ (કેપ્ટન), ઍલેક્સ કૅરી (વિકેટકીપર), ટ્રેવિસ હેડ, માર્નસ લાબુશેન, ગ્લેન મેક્સવેલ, નૅથન એલિસ, આરૉન હાર્ડી, જૉશ ઈંગ્લિસ, મેથ્યૂ શોર્ટ, ઍડમ ઝૅમ્પા, શૉન અબૉટ, બેન ડ્વારશૂઇસ, જૅક ફ્રેઝર-મેકગર્ક, સ્પેન્સર જોન્સન અને તન્વીર સંઘા.

હવે મિચલ સ્ટાર્ક પણ નીકળી ગયો એને પગલે ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ઑસ્ટ્રેલિયાની ટીમ નબળી પડી ગઈ છે. વર્તમાન ટીમમાં ૨૦૨૩ની આ વર્લ્ડ ચૅમ્પિયન ટીમનો એકેય મુખ્ય ફાસ્ટ બોલર સામેલ નથી.

એક મહિના પછી આઇપીએલ રમાવાની હોવાથી આ ખેલાડીઓએ ફિટનેસના ડરને લીધે ચૅમ્પિયન્સ ટ્રોફીમાંથી રમવાનું માંડી વાળ્યું છે? કે પછી આતંકવાદીઓના હુમલાના ભય વચ્ચે પાકિસ્તાનમાં રમવું પડશે એવા ડરથી આ ઇવેન્ટમાંથી નીકળી ગયા છે? એવી ચર્ચા ક્રિકેટપ્રેમીઓમાં થઈ રહી છે.

મિચલ સ્ટાર્કે પોતાનો નિર્ણય જાહેર કરવાની સાથે એવું પણ કહ્યું છે કે મારો આ અંગત નિર્ણય છે અને એ વિશે મારી પાસેથી વિગતવાર જાણવાની કોશિશ કોઈ ન કરે એવી સૌને મારી નમ્ર વિનંતી છે.'

છેલ્લા થોડા દિવસમાં ચારથી પાંચ ઑસ્ટ્રેલિયન ખેલાડીઓ ચૅમ્પિયન્સ ટ્રોફીમાંથી નીકળી ગયા એને પગલે જે પ્લેયર્સને ૧૫ ખેલાડીઓની અંતિમ ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે એમાં શૉન અબૉટ, બેન ડ્વારશૂઇસ, જૅક ફ્રેઝર-મેકગર્ક, સ્પેન્સર જોન્સન અને તન્વીર સંઘાનો સમાવેશ છે.

ઑસ્ટ્રેલિયા બી' ગ્રૂપમાં છે અને એના ગ્રૂપમાં ઇંગ્લૅન્ડ, સાઉથ આફ્રિકા અને અફઘાનિસ્તાનનો પણ સમાવેશ છે. ગ્રૂપ 'એ'માં ભારત, પાકિસ્તાન, ન્યૂ ઝીલૅન્ડ અને બાંગ્લાદેશ છે.

વેસ્ટ ઈન્ડિઝ તથા શ્રીલંકાની ટીમ આ સ્પર્ધા માટે ક્વોલિફાઇ નથી થઈ. ■

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| चव | સળી |
| चंग | સ્વાદ |
| चिंच | મન |
| चिक | આમલી |
| चित | કમરપટ્ટો |

## ઓળખાણ પડી?

કુશળ લેખિકા, સામાજિક કાર્યકર્તા અને જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા મહિલાને ઓળખ્યાં? 'હજાર ચૌરાસી કી માં' અને 'રૂદાલી' તેમની ખ્યાતનામ રચના છે.

અ) હિમાની બેનરજી
બ) મહાશ્વેતા દેવી
ક) માહદેવી વર્મા
ડ) કૃષ્ણા સોબતી



## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ધ | મ | ૨ ધો | ૩ કા | ર | ■ | ૪ સ | મા | ૫ વિ | ષ્ટ |
| રો | ■ | ૬ ર | જૂ | ■ | ૭ ભા | ■ | ■ | કા | ■ |
| ૮ હ | ર | ણ | ■ | ■ | ૯ વા | ૧૦ જી | ૧૧ ક | ર | ણ |
| ર | ■ | સ | ■ | ૧૨ અ | નુ | ભ | વ | ■ | ■ |
| ■ | ૧૩ ભા | ર | ૧૪ ત | ■ | વા | ■ | ન | ■ | ૧૫ હુ |
| ૧૬ મ | રી | ■ | ર | ■ | ૧૭ દ | ૧૮ સ | ■ | ૧૯ પા | ની |
| ન | ■ | ૨૦ વિ | ખા | ણ | ■ | ૨૧ બ | જે | ટ | ■ |
| ૨૨ પ | ટા | પ | ટ | ■ | ૨૩ સં | ક | ટ | ■ | ૨૪ હે |
| સં | ■ | શ્ય | ■ | ૨૫ ભ | ગા | ■ | ■ | ૨૬ ખ | ર |
| ૨૭ દ | ઈ | ના | ક | ■ | ૨૮ થ | કા | વ | ટ | ■ |

## શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ■ | ૪ | | ૫ | ૬ |
| | ■ | ૭ | | ■ | ૮ | ■ | ■ | ૯ | |
| ૧૦ | ૧૧ | | ■ | ૧૨ | | | ૧૩ | ■ | |
| ૧૪ | | ■ | ૧૫ | ■ | | ■ | ૧૬ | ૧૭ | |
| ■ | ૧૮ | | | ■ | ૧૯ | ૨૦ | | | ■ |
| ૨૧ | | ■ | ■ | ૨૨ | ■ | ૨૩ | | ■ | ૨૪ |
| | ■ | ■ | ૨૫ | | ૨૬ | | ■ | ૨૭ | |
| ૨૮ | | ૨૯ | ■ | ૩૦ | | ■ | ૩૧ | | |
| | ■ | ૩૨ | ૩૩ | ■ | | ■ | | ■ | |
| ■ | ૩૪ | | | ■ | ૩૫ | | | | |

### આડી ચાવી

૧. ભરોસાપાત્ર (૫)
૪. જોરાવર (૪)
૭. રહસ્ય (૨)
૯. અવાજ (૨)
૧૦. પવન ફૂંકવાનું એક સાધન (૩)
૧૨. શક્તિશાળી (૪)
૧૪. પિતા (૨)
૧૬. ઓડકાર (૩)
૧૮. દર્દને શોધનાર (૩)
૧૯. નહિ તો (૪)
૨૧. હૃદય (૨)
૨૩. ભલે, હશે, જવા દે (૨)
૨૫. ---ના ત્રીજા યુદ્ધમાં મરાઠા હાર્યા (૪)
૨૭. રસ્તો (૨)
૨૮. થોડુંક (૩)
૩૦. કામ (૨)
૩૧. એક જાતના ચોખા (૩)
૩૨. --- દઈને એટલે ઝડપથી (૨)
૩૪. કદરૂપું, બેઢંગ (૩)
૩૫. લક્ષ્મીજીનું આસન (૫)

### ઊભી ચાવી

૧. વૈચિત્ર્ય, વિવિધ હોવાપણું (૪)
૨. ચાકુ-છરીને ધાર કાઢવાનો પથ્થર (૩)
૩. પોતાનું, (જો. છૂ.) (૨)
૫. ઘા (૨)
૬. એકદમ તાજું (૪)
૮. ફરવા જવું તે (૪)
૧૧. મત આપનાર (૪)
૧૩. વિઘ્ન (૪)
૧૫. બહાદુર (૨)
૧૭. ગાડી (અં.) (૨)
૨૦. બહાદુરી, હામ, ધૈર્યબળ (જો. છૂ.) (૩)
૨૧. પ્રાપ્તિ, લાભ, બોધ (૪)
૨૨. માળામાં પરોવો (૩)
૨૪. સલાહસૂચન, દિશા સૂચન (૫)
૨૬. પર્યટને જનાર (૪)
૨૭. મારી મમ્મીના પપ્પાનો દીકરો (૨)
૨૯. પેટીસ સાથે --- જોઈએ (૩)
૩૧. લક્ષ્મી (૩)
૩૩. સમયનું એક માપ (૨)

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. કોઈ પુરુષના સસરાના મોટાભાઈના એકમાત્ર સગા ભાભીની એકમાત્ર પુત્રીનો દીકરો પુરુષને શું સંબોધન કરે એ દિમાગ દોડાવો જણાવો જોઉં.

અ) કાકા બ) મામા ક) પિતા ડ) માસા

## જાણવા જેવું

સોવિયેત સંઘની વેલેન્ટિના ટેરેસ્કોવાએ ૧૬ જૂન, ૧૯૬૩ના રોજ અવકાશમાં જનારી પ્રથમ મહિલા તરીકે સિદ્ધિ મેળવી હતી. સોવિયેત અવકાશયાન વોસ્ટોકમાં એકલપંડે અવકાશયાત્રાએ નીકળવાનું સાહસ તેણે કર્યું ત્યારે તેની ઉંમર ૨૬ વર્ષ હતી. અવકાશયાનમાં બેસી તેણે ૪૮ વખત પૃથ્વીની પરિક્રમા કરી હતી.

## સુડોકુ-૮૦૧૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | ૮ | ૯ | | ૬ | ૨ | ૩ | |
| | | ૯ | | ૪ | | ૭ | | |
| | | | ૮ | ૭ | ૨ | | | |
| ૬ | ૩ | | | | | | ૭ | ૯ |
| | ૫ | ૪ | | | | ૩ | ૧ | |
| ૧ | ૯ | | | | | | ૮ | ૬ |
| | | | ૩ | ૮ | ૯ | | | |
| | | ૬ | | ૨ | | ૧ | | |
| | ૨ | ૫ | ૪ | | ૧ | ૮ | ૯ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૮૦૧૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૨ | ૭ | ૮ | ૫ | ૩ | ૪ | ૧ | ૬ |
| ૮ | ૫ | ૪ | ૬ | ૧ | ૭ | ૯ | ૩ | ૨ |
| ૩ | ૧ | ૬ | ૪ | ૯ | ૨ | ૫ | ૮ | ૭ |
| ૧ | ૭ | ૩ | ૨ | ૮ | ૫ | ૬ | ૯ | ૪ |
| ૨ | ૯ | ૮ | ૧ | ૬ | ૪ | ૩ | ૭ | ૫ |
| ૪ | ૬ | ૫ | ૭ | ૩ | ૯ | ૧ | ૨ | ૮ |
| ૬ | ૩ | ૧ | ૫ | ૨ | ૮ | ૭ | ૪ | ૯ |
| ૫ | ૪ | ૨ | ૯ | ૭ | ૧ | ૮ | ૬ | ૩ |
| ૭ | ૮ | ૯ | ૩ | ૪ | ૬ | ૨ | ૫ | ૧ |

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

આપેલા વાક્યમાં એક શહેર સંતાઈ બેઠું છે એ શોધી કાઢો

તમારે ત્યાં આવેલા મહારાજ કોટ પહેરીને આવ્યા હતા?

## નોંધી રાખો

સુખની અનેક વ્યાખ્યા થઈ છે, પણ નોંધી રાખજો કે સુખ સવાર જેવું હોય છે જે માગવાથી નહીં પણ જાગવાથી મળે છે.

## માઈન્ડ ગેમ

સફરજન ઉપરાંત દ્રાક્ષ અને ગાજરમાં સુદ્ધાં હાજર એસિડ કયા નામથી ઓળખાય છે એ વિકલ્પોમાંથી શોધી કાઢશો?

અ) બ્યુટ્રિક એસિડ બ) ફોલિક એસિડ
ક) સાઈટ્રિક એસિડ ડ) મેલિક એસિડ

## ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ठणका | વેદના |
| ठसका | ઉધરસ |
| ठळक | મહત્ત્વનું |
| ठाऊक | માહિતગાર |
| ठाम | દ્રઢ |

ગુજરાત મોરી મોરી રે
પત્ની

ઓળખાણ પડી?
કુમુદિની લાખિયા

માઈન્ડ ગેમ
કમળો

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
રાબ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ધીરેન્દ્ર ઉદેશી (૩) ગીતા ઉદેશી (૪) પ્રતીમા પમાણી (૫) સુરેખા દેસાઈ (૬) નીતા દેસાઈ (૭) ભારતી બુચ (૮) ખુશરૂ કાપડિયા (૯) મુલરાજ કપૂર (૧૦) શ્રદ્ધા આશર (૧૧) નંદકિશોર સંજાણવાળા (૧૨) લજિતા ખોના (૧૩) મીનળ કાપડિયા (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) નિખિલ બંગાળી (૧૬) અમીશી બંગાળી (૧૭) અશોક સંઘવી (૧૮) પુષ્પા પટેલ (૧૯) મનીષા શેઠ (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) મહેન્દ્ર લોઢાવિયા (૨૨) ડો. પ્રકાશ કટકિયા (૨૩) ભારતી પ્રકાશ કટકિયા (૨૪) મહેશ દોશી (૨૫) કલ્પના આશર (૨૬) સુભાષ મોમાયા (૨૭) નયના ગિરીશ મિસ્ત્રી (૨૮) જ્યોત્સના ગાંધી (૨૯) રમેશ દલાલ (૩૦) હિના દલાલ (૩૧) ઈનાક્ષી દલાલ (૩૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૩) વિણા સંપટ (૩૪) દેવેન્દ્ર સંપટ (૩૫) નિતિન બજરિયા (૩૬) તાહેર ઔરંગાબાદવાલા (૩૭) શીરીન ઔરંગાબાદવાલા (૩૮) અબ્દુલ્લા એફ. મુનીમ (૩૯) અંજુ ટોલિયા (૪૦) અરવિંદ કામદાર (૪૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૨) નયના ગિરીશ મિસ્ત્રી (૪૩) મહેશ સંઘવી (૪૪) ભાવના કર્વે (૪૫) નૂતન વિપીન (૪૬) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૭) જગદીશ ઠક્કર

## સંસ્થા સમાચાર

### ધીરગુરુદેવની ૪૪મી દીક્ષા જયંતી ઉજવણીનો શુભારંભ



શ્રી જશ-પ્રેમ-ધીર સંકુલ, વૈશાલીનગરમાં પૂ.શ્રી. ધીરગુરુદેવની ૪૪મી દીક્ષા જયંતીની ઉજવણી અંતર્ગત સંયમ સુવાસ પ્રવચન શ્રેણી, પ્રવ્રજ્યા પેલેસ -ક્વિઝનું આયોજન કરાયું છે. ટ્રસ્ટીમંડળનું પ્રતીક સંઘાણીએ સન્માન કરેલ. સંયમ સમોસરણમાં ગુરુદેવે જણાવેલ કે- જીવનમાં જીભ શાંતિ અને સુખ આપવામાં ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. જિંદગીભર જો શાંતિ અને સુખમય જીવન જીવવું હોય તો સ્વાદ અને સંવાદ પર સંયમ જરૂરી છે.

તા. ૧૪ ને શુક્રવારે સવારે ૮.૩૦થી ૧૧ કલાકે સમૂહ ૯૯૯ ભક્તામર સંકલ્પ જાપ, પ્રવચન મધ્યે શ્રી. સી.યુ. શાહના પુત્રી સ્વાધ્યાયપ્રેમી મીનળબેન શાહનું વકતવ્ય માલિનીબેન કે. સંઘવીની અધ્યક્ષતામાં યોજાશે. તા. ૧૫ ને શનિવારે સવારે ૯.૩૦ કલાકે હેમુ ગઢવી હોલમાં દીક્ષા જયંતી અભિવંદના સમારોહ યોજાશે. આ પ્રસંગે શ્રી ચંદ્રવદન દેસાઈ, શ્રી મુકેશ કામદાર, અરવિંદ દેસાઈ, હિરેન શાહ, દર્શના દોશી, દિનેશ ગાઠાણી, મહેન્દ્ર દોશી, પ્રણય દેસાઈ, પ્રફુલ મોદી, અતુલ દોશી, અનિલ મણિયાર, ધ્રુમન શાહ, અનિલ ઓમાનવાલા વગેરે ઉપસ્થિત રહેશે.

### જેજેસી નોર્થ ઈસ્ટ આયોજિત વ્યવસાય વિકાસ લોન માર્ગદર્શન પરિસંવાદ

જે.જે.સી.ના 'સુવર્ણજયંતી વર્ષ'ની ઉજવણીના ભાગરૂપે જેજેસી નોર્થ ઈસ્ટ દ્વારા આખા વર્ષ દરમ્યાન અનેક લોકોપયોગી કાર્યક્રમો (પ્રોજેક્ટસ) આયોજિત થવાના છે. જે અંતર્ગત હાલમાં જ 'રક્તદાન શિબિર'નું આયોજન ભારતભરમાં ફેલાયેલાં ૧૭૦ સેન્ટર્સ દ્વારા કરવામાં આવ્યું હતું. જેજેસી નોર્થ ઈસ્ટ દ્વારા આયોજિત શિબિરમાં રક્તદાતાઓએ ઉત્સાહભેર રક્તદાન કર્યું હતું.

અને હવે, જે.જે.સી.ના 'સુવર્ણજયંતી વર્ષ'ની ઉજવણી અંતર્ગત જેજેસી નોર્થ ઈસ્ટ દ્વારા શુક્રવાર, તા. ૨૧ ફેબ્રુઆરીના રોજ ઘાટકોપરમાં ઝવેરબેન સભાગૃહ ખાતે સવારે ૧૦.૦૦થી બપોરે ૦૧.૦૦ દરમ્યાન એક અતિ મહત્ત્વના 'પરિસંવાદ' (સેમિનાર)નું આયોજન કરવામાં આવ્યું છે. જેનો લાભ વિવિધ ક્ષેત્રના વ્યાવસાયિકો લઈ શકે છે.

જેઓ પોતાના વ્યવસાયનો વિકાસ કરવા ઈચ્છતા હોય કે જેઓ નવો ધંધો શરૂ કરવા ઈચ્છતા હોય તેઓ માટે ભારતીય કેન્દ્ર સરકાર તરફથી 'આત્મનિર્ભર ભારત યોજના' અંતર્ગત ૩૫ ટકા સબસિડી તથા એક લાખ રૂપિયાથી બે કરોડ રૂપિયા સુધી લોન ઉપલબ્ધ છે. આ યોજના બાબતે 'આત્મનિર્ભર બિઝનેસ લોન' પરિસંવાદમાં ભારત સરકાર દ્વારા નાના-મોટાં વ્યાવસાયિકોને પોતાના વ્યવસાયના વિકાસ માટે તથા નવો વ્યવસાય શરૂ કરવા માટે ઉપલબ્ધ આર્થિક સહાય યોજનાઓ બાબતે વિગતવાર છણાવટ કરીને સમજણ આપવામાં આવશે.

સરકારના વિવિધ વિભાગના અધિકારીઓ તથા બૅન્કના અધિકારીઓની ઉપસ્થિતિમાં આયોજિત આ પરિસંવાદ વ્યાવસાયિકોને નવી દિશા દાખવનાર સિદ્ધ થઈ શકશે. 'આત્મ નિર્ભર બિઝનેસ લોન' મેળવવા માટે ક્યા ક્યા માપદંડ છે?

કોણ કોણ એ લોન મેળવી શકે? અને કઈ રીતે એની પરત ભરપાઈ કરવાની હોય છે? એમ વિવિધ પાસાંઓની વિગતવાર છણાવટ થકી વ્યવસાયના વિકાસ માટે તથા નવો વ્યવસાય શરૂ કરવા માટે જરૂરી આર્થિક સહાય મેળવવામાં આ સેમિનાર સહાયક સિદ્ધ થઈ શકશે.

# સતત છઠ્ઠા દિવસે પીછેહઠ: આઇટી અને ઑઇલ શૅરની આગેવાનીમાં વધેલા વેચવાલીના દબાણ વચ્ચે સેન્સેક્સ ૯૦૦ પોઇન્ટ નીચે પટકાઇ પાછો ફર્યો

મુંબઇ: અમેરિકાએ શરૂ કરેલી ટેરિફ વોરમાં યુરોપિયન સંઘે ઝંપલાવ્યું હોવાથી વૈશ્વિક ઇક્વિટી બજારમાં મંદીવાળા હાવી થઇ ગયા છે. વિદેશી ભંડોળના સતત બહાર નીકળવા અને વેપાર યુદ્ધની ચિંતાઓને કારણે બુધવારે શેરબજાર સતત છઠ્ઠા દિવસે ઘટાડા સાથે બંધ થયું છે. ૩૦ શેરો ધરાવતો બીએસઈ સેન્સેક્સ, જે ઇન્ટ્રા-ડે ૯૦૦ પોઈન્ટથી વધુ ઘટ્યો હતો, તે નાણાકીય શેરોમાં રિકવરી પછી ૧૨૨.૫૨ પોઈન્ટ અથવા ૦.૧૬ ટકા ઘટીને ૭૬,૧૭૧.૦૮ના સ્તરે પર, જ્યારે નિફ્ટી ૨૬.૫૫ પોઈન્ટ અથવા ૦.૧૨ ટકા ઘટીને ૨૩,૦૪૫ પોઇન્ટ પર સ્થિર થયો છે.

ઇન્ટ્રા ડેમાં ઇન્ડેક્સ ૯૦૫.૨૧ પોઈન્ટ અથવા ૧.૧૮ ટકા ઘટીને ૭૬,૦૦૦ની સપાટી તોડતો ૭૫,૩૮૮.૩૯ની નીચે સરક્યો હતો, જોકે, ફાઇનાન્શિયલ અને મેટલ શેરોમાં રિકવરીથી તેને નુકસાનને ભરપાઈ કરવામાં અને બપોરના સત્રમાં સકારાત્મક ઝોનમાં ફાછાં ફરવામાં મદદ મળી, પરંતુ ઓઇલ અને આઇટી શેરોમાં વેચવાલીને કારણે બેન્ચમાર્ક પોઝિટિવ ઝોનમાં ટકી શક્યો નહોતો. મિડકેપ અને સ્મોલ-કેપ સેગમેન્ટ્સે તેમનું નબળું પ્રદર્શન ચાલુ રાખ્યું હતું, બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ બેન્ચમાર્ક અનુક્રમે ૦.૪૫ ટકા અને ૦.૪૯ ટકાના ઘટાડા સાથે બંધ થયા છે.

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, આઇટીસી, પાવરગ્રીડ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ઇન્ડસઇન્ડ બેન્ક, અદાણી પોર્ટ, ટાઇટન અને ઇન્ફોસિસ સૌથી વધુ ઘટનારા શેરોની યાદીમાં હતાં. જ્યારે બજાજ ફિનસર્વ, ટાટા સ્ટીલ, લાર્સન એન્ડ ટૂબ્રો, અલ્ટ્રાટેક સિમેન્ટ, કોટક મહિન્દ્રા બેન્ક અને ટાટા મોટર્સ ટોપ ગેઇનર્સની યાદીમાં હતા. સેન્સેક્સમાં ચોથી ફેબ્રુઆરીથી અત્યાર સુધીમાં ૨૪૧૨.૭૩ પોઇન્ટનો અથવા તો ૩.૦૭ ટકાનો જ્યારે નિફ્ટીમાં ઉક્ત સમયગાળામાં ૬૯૪ પોઇન્ટનો અથવા તો ૨.૯૨ ટકાનો કડાકો નોંધાયો છે. સિમેનનો ચોખ્ખો નફો ડિસેમ્બર ક્વાર્ટરમાં ૧૦ ટકા ઘટીને રૂ. ૩૭૨ કરોડ નોંધાયો છે. અશોક લેલેન્ડનો ત્રીજા ક્વાર્ટરમાં પરિણામમાં વાર્ષિક ધોરણે ચોખ્ખો નફો ૩૬ ટકા વધીને રૂ. ૭૬૨ કરોડ નોંધાયો છે, જ્યારે આવક આઠ ટકા વધી છે. પાવર ફાઇનાન્સ કોર્પોરેશને ત્રીજા ક્વાર્ટરના પરિણામમાં વાર્ષિક ધોરણે ૨૩ ટકાના વધારા સાથે રૂ. ૫,૮૨૯ કરોડ નો ચોખ્ખો નપો નોંધાવ્યો છે અને શેર દીઠ રૂ. ૩.૫૦ના ડિવિડન્ડની જાહેરાત કરી છે.

વોડાફોન આઇડિયાએ સહેજ ઘટાડા સાથે રૂ. ૬,૬૦૯ કરોડની ખોટ જાહેર કર્યા પછી તેના શેરમાં બે ટકા જેટલો ઘટાડો થયો હતો. બુલિયન આઇટમ્સ અને સોના, હીરા, કિંમતી રત્નોમાં વિશેષતા ધરાવતી જ્વેલરી કંપનીઓમાંની એક, ખઝાંચી જ્વેલર્સ લિમિટેડે ત્રીજા ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં ૮૯.૬૫ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૩૯૩.૮૮ કરોડની આવક, વાર્ષિક ધોરણે ૫૬.૭૩ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૬.૪૮ કરોડનો એબિટા અને ૧૧૩.૩૭ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૨.૩૮ કરોડનો ચોખ્ખો નપો નોંધાવ્યો છે.

સેઇલનો શેર નાણાકીય પરિણામોની જાહેરાત બાદ ત્રણ ટકાથી વધુ ઊછળ્યો હતો. ટીટી ગ્રુપ અને એફકોમ કાર્ગોએ ગ્લોબલ એર ફ્રેઇટ કામગીરીને વિસ્તૃત કરવા માટે વ્યૂહાત્મક ભાગીદારી કરાર કર્યા છે, જે મૂળ રૂપે ૨૦૨૨ માં સ્થાપિત થઈ હતી, જે હવે અનેક સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્થળોએ વિસ્તરી રહી છે. આ ભાગીદારી કરાર હેઠળ, ટીટી ગ્રુપ વૈશ્વિક સેલ્સ અને માર્કેટિંગનું નિરીક્ષણ કરશે, જ્યારે એફકોમ કાર્ગો મુખ્ય વેપાર માર્ગો પર સરળ કાર્ગોની હિલચાલ સુનિશ્ચિત કરીને ઓપરેશનલ પ્રવૃત્તિઓનું સંચાલન કરશે. ત્રીજા ક્વાર્ટરમાં ચોખ્ખો નફો ૬૫ ટકા ઘટ્યાના સમાચારે ઇરકોન ઇન્ટરનેશનલના શેરમાં લગભગ નવ ટકા સુધીનો કડાકો હતો.

# સોનાએ ₹ ૮૫,૦૦૦નું સ્તર છોડ્યું

મુંબઇ: વિશ્વબજારના નબળા સંકેત વચ્ચે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાચાંદીના ભાવ અથડાયા હતા. સત્રના પ્રારંભથી નિરસ હવામાન વચ્ચે પીછેહઠ જોવા મળી હતી. ૯૯૯ ટચના શુદ્ધ સોનાના ભાવ રૂ. ૮૫,૪૮૧ની પાછલી બંધ સપાટી સામે રૂ. ૮૫,૦૯૩ની સપાટીએ ખૂલ્યા બાદ અંતે દસ ગ્રામદીઠ રૂ. ૬૩૬ના ઘટાડા સાથે રૂ. ૮૪,૮૪૫ની સપાટીએ સ્થિર થયા હતા.

## સિટી ન્યૂઝ

# ઈન્ડિયાઝ ગૉટ લેટન્ટ વિવાદમાં પોલીસ ઍક્શનમાં અલાહાબાદિયા સહિત ૪૦ ડિજિટલ સેલિબ્રિટીઝને તેડું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લોકપ્રિય યુટ્યૂબર સમય રાઈનાના શો 'ઈન્ડિયાઝ ગૉટ લેટન્ટ'માં માતા-પિતાને ઉદ્દેશીને બીભત્સ પ્રશ્ન કરવાના મુદ્દે થયેલા વિવાદ બાદ એફઆઈઆર નોંધનારી મહારાષ્ટ્ર સાયબર પોલીસે રણવીર અલાહાબાદિયા, કોમેડિયન તન્મય ભટ્ટ, અભિનેત્રી રાખી સાવંત, સોશિયલ મીડિયા સેલિબ્રિટી દીપક કલાલ, અભિનેતા સિદ્ધાંત ચતુર્વેદી અને વિવાદને કારણે સતત ઈન્ટરનેટ પર છવાયેલી રહેતી ઉર્ફી જાવેદ સહિત ૪૦ જણને સમન્સ મોકલાવ્યા હતા.

વરિષ્ઠ પોલીસ અધિકારીએ ઈન્ડિયાઝ ગૉટ લેટન્ટમાં ભાગ લઈ ચૂકેલી સેલિબ્રિટીઓને સમન્સ મોકલવામાં આવ્યા હોવાના અહેવાલને સમર્થન આપ્યું હતું. જે ૪૦ જણને સમન્સ મોકલાયા છે તેમાં શોમાં જજ તરીકે ભાગ લેનારા યુટ્યૂબર્સ, કોમેડિયન્સ અને ઈન્ફ્લુએન્સર્સનો પણ સમાવેશ થાય છે, એમ અધિકારીએ ઉમેર્યું હતું. કોમેડિયન્સ અમિત ટંડન. નીતિ પલતા, મહીપ સિંહ, આશિષ સોલંકી, વિપુલ ગોયલ, નિશાંત તન્વર, સોનાલી ઠક્કર, ભારતી સિંહ, હર્ષ લિંબચિયા, પૂનમ પાંડે સહિતની જાણીતી વ્યક્તિઓ રાઈનાના શોમાં આવી ચૂકી છે.

રાઈનાના આ કોમેડી શોમાં જાણીતા પોડકાસ્ટર અને યુટ્યૂબર રણવીર અલાહાબાદિયાએ સ્પર્ધકને વડીલોને મુદ્દે બીભત્સ પ્રશ્ન કર્યો હતો, જેને પગલે વિવાદ થયો હતો. વિરોધનો વંટોળ ઊઠતાં મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો. આ એપિસોડની વાયરલ ક્લિપને પગલે ખાર પોલીસમાં લેખિત ફરિયાદ કરવામાં આવી હતી. ગુનો નોંધતાં પહેલાં ખાર પોલીસ પ્રાથમિક તપાસ કરી રહી હતી.

જોકે અલાહાબાદિયાની ટિપ્પણીને પગલે વિવાદ વકરતાં મહારાષ્ટ્ર સાયબર પોલીસે મંગળવારે અલાહાબાદિયા, કન્ટેન્ટ ક્રિયેટર આશિષ ચંચલાની, ઈન્ફ્લુએન્સર અપૂર્વા મખિજા, શો ક્રિયેટર (સમય રાઈના) સહિત અન્યો વિરુદ્ધ એફઆઈઆર નોંધ્યો હતો.

## પોલીસે અપૂર્વા મખિજાનું નિવેદન નોંધ્યું

મુંબઈ: પોડકાસ્ટર અને યુટ્યૂબર રણવીર અલાહાબાદિયાની માતા-પિતા સંબંધી અશ્લીલ ટિપ્પણીને મુદ્દે થયેલા વિવાદની તપાસ કરી રહેલી મુંબઈની ખાર પોલીસે બુધવારે સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર અપૂર્વા મખિજાનું નિવેદન નોંધ્યું હતું. આ મામલે અત્યાર સુધીમાં અલાહાબાદિયાના મૅનેજર સહિત ચાર જણનાં નિવેદન નોંધાયાં હોવાનું પોલીસનું કહેવું છે. પૂછપરછ માટે પોલીસ સ્ટેશને હાજર રહેવા સંબંધી સમન્સ મોકલવામાં આવ્યા પછી મખિજા બુધવારે ખાર પોલીસ સ્ટેશને પહોંચી હતી. નિવેદન નોંધ્યા પછી મખિજાને પોલીસે જવા દીધી હતી. માસ્ક પહેરીને આવેલી મખિજાએ કોઈ પણ ટિપ્પણી કરવાનું ટાળ્યું હતું. 'ધ રિબેલ કિડ' તરીકે ઓળખાતી મખિજા સહિત રાઈનાના શોના ચાર જજ અને જસપ્રીત સિંહને ખાર પોલીસે પૂછપરછ માટે હાજર રહેવાના સમન્સ મોકલાવ્યા હતા. મંગળવારે આશિષ ચંચલાની તેના વકીલ સાથે પોલીસ સ્ટેશને આવ્યો હતો.

## રોડ રેજમાં હત્યા: આરોપી પકડાયો

થાણે: નવી મુંબઈમાં રોડ રેજની ઘટનામાં માથા પર હેલ્મેટ ફટકારી બાઈકસવારને મોતને ઘાટ ઉતારવાના કેસમાં પોલીસે એક આરોપીની ધરપકડ કરી હતી. વાશીમાં રહેતો શિવકુમાર રોશનલાલ શર્મા (૪૫) એક સ્કૂટરને ઓવરટેક કર્યું હતું. આ વાતને લઈ સ્કૂટર સવાર બે યુવાન રોષે ભરાયા હતા. થોડે અંતરે આરોપીઓએ શર્માની બાઈકને આંતરી હતી અને તેને હેલ્મેટથી માર માર્યો હતો.

# સાગમટે કોપીવાળાં પરીક્ષા કેન્દ્રો પર કાયમી પ્રતિબંધ

મુંબઈ: દસમા અને બારમા ધોરણની બોર્ડની પરીક્ષા વખતે જે પરીક્ષા કેન્દ્રો પર વિદ્યાર્થીઓએ કોપી કરી હોવાની જાણકારી મળશે એ કેન્દ્રો પર કાયમી ધોરણે પ્રતિબંધ મૂકવામાં આવશે, એમ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું છે. મહારાષ્ટ્ર સ્ટેટ બોર્ડ ઓફ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી એજ્યુકેશન (એમએસબીએસએચએસઇ)ના જણાવ્યા અનુસાર મંગળવારે એચએસસી (બારમું ધોરણ) પરીક્ષાના પ્રથમ દિવસે કોપી કરવાના ૪૨ કેસ નોંધાયા હતા.

ફડણવીસે મંગળવારે અધિકારીઓને ડ્રોન અને વીડિયો કેમેરા દ્વારા સંવેદનશીલ પરીક્ષા કેન્દ્રો પર નજર રાખવા જણાવ્યું હતું.

### કુર્લા બસ દુર્ઘટના

# ડ્રાઈવર બસ ચલાવવા અનફિટ: પોલીસની ચાર્જશીટમાં આરોપ

મુંબઈ: કુર્લા વિસ્તારમાં સ્ટેશન નજીક રાહદારીઓથી ધમધમતા માર્ગ પર બેસ્ટની ઇલેક્ટ્રિક બસ પરથી કાબૂ ગુમાવીને નવ જણને કચડી નાખનાર અને ૪૯ લોકોને ઘાયલ કરનાર બસ દુર્ઘટનાની તપાસ કરનારી પોલીસે ડ્રાઇવર સંજય મોરે વિરુદ્ધ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટમાં મંગળવારે ૧,૦૦૦ પાનાંનું આરોપનામું દાખલ કર્યું હતું.

આરોપનામામાં પોલીસે જણાવ્યું હતું કે ડ્રાઇવર મોરે હાઇ બ્લડ પ્રેશરથી પીડાતો હતો. તેને નંબરના ચશ્મા હોવા છતાં એ વિના જ તે ઇલેક્ટ્રિક બસ ચલાવતો હતો અને તબીબી રીતે ફિટ નહોતો. આમ છતાં તેને બસ સોંપવામાં આવી હતી. ઉપરાંત તેને બસ ચલાવવા માટે પૂરતી તાલીમ અપાઇ નહોતી અને પુરાવા દર્શાવે છે કે ડ્રાઇવરના ભાગે આ માનવ ભૂલ હતી. કારણ કે તેણે બસના સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધો હતો.

આરોપનામામાં ડ્રાઇવર મોરે સાથે ડ્રાઇવરની ભરતી કરનાર વેટ લીઝ કંપનીના સીઇઓ અને બેસ્ટ (બૃહન્મુંબઈ ઇલેક્ટ્રિસિટી સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ)ને ઇલેક્ટ્રિક બસનો પુરવઠો કરનાર કંપનીના ડિરેક્ટરોનાં નામ પણ છે.

ઍવીટ્રાન્સ પ્રાઇવેટ લિમિટેડના ડિરેક્ટર અને મોરયા ટ્રાન્સ ઇન્ડિયા લિમિટેડના સીઇઓનાં નામ પણ આરોપનામામાં ઉમેરવામાં આવ્યાં છે, કારણ કે દુર્ઘટના સર્જનાર ડ્રાઇવરની ભરતી કરવામાં અને તેને તાલીમ આપવામાં બેદરકારી રખાઇ હતી, એવું પોલીસે જણાવ્યું હતું.

પોલીસે આરોપનામામાં ઘટનાના સીસીટીવી ફૂટેજ, ડ્રાઇવરના લોહીના નમૂના, અન્ય ફોરેન્સિક પરીક્ષણના અહેવાલો, ૪૦ સાક્ષીદારનાં નિવેદન, મૃતકોના મૃત્યુ દાખલા પણ જોડ્યા છે.

# દિવ્યાંગ મહિલાને મૃત્યુ બાદ ન્યાય: બળાત્કારીને ૧૦ વર્ષની જેલ

થાણા: ૨૦૨૧માં ૬૪ વર્ષની દિવ્યાંગ મહિલા પર બળાત્કાર કરવા બદલ એક સિક્યોરિટી ગાર્ડને ૧૦ વર્ષની સખત કેદની સજા બુધવારે મહારાષ્ટ્રના થાણે જિલ્લાની અદાલતે ફટકારી છે. આ મહિલા હવે જીવંત નથી. એડિશનલ સેશન્સ જજ ડી એસ દેશમુખે આરોપી મોહમ્મદ ગુડ્ડુ ઉર્ફે દિલકશ મોહમ્મદ હબીબુલ્લા શેખને ૬૫ હજાર રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. એડિશનલ પબ્લિક પ્રોસિક્યુટર સંધ્યા એચ મ્હાત્રેએ અદાલતને જણાવ્યું હતું કે પીડિતાની સમજણશક્તિ પૂરતી વિકસી નહોતી અને તે અપરિણીત હતી. થાણાના નૌપાડા વિસ્તારમાં ભાઈ સાથે રહેતી હતી. બળાત્કારનો કેસ નોંધવામાં આવ્યા બાદ ખટલો શરૂ થાય એ પહેલા પીડિતા અવસાન પામી હતી. (પીટીઆઈ)


## જાહેર સૂચના

આથી જાહેર જનતાને સૂચિત કરવામાં આવે છે કે અમારા ક્લાયન્ટ, પ્રોજેક્ટ 'ગુરુકૃપા વ્યોમ' એ સી.ટી.એસ. નં. ૧૯ (ભાગ)માં ફ્લેટ નં. ૯૦૨, ૯મો માળ ખરીદવા ઈચ્છે છે. સર્વે નં. ૨૮૭ (પી), ગુલમોહર ક્રોસ રોડ નં. ૧૦, જે.વી.પી.ડી. સ્કીમ, વિલેપાર્લે (વેસ્ટ), બિલ્ડિંગ નં. ૧૩, મુંબઈ- ૪૦૦૦૪૯ માં આવેલું છે, જે એમ/એસ ગુરુકૃપા રિયલકોન ઈન્ફ્રાબિલ્ડ એલએલપી (ડેવલપર) પાસેથી ખરીદવા માંગે છે.

આથી જણાવવામાં આવે છે કે અમારા ક્લાયન્ટ સદર મિલકતના કાયદેસર ખરીદનાર છે, અને કોઈપણ વ્યક્તિ(ઓ)ને સદર મિલકતના સંબંધમાં કોઈપણ દાવા, અધિકાર, માલિકી, હિત અથવા વાંધો હોય તો તેઓએ આ નોટિસના પ્રકાશનની તારીખથી ૧૪ (ચૌદ) દિવસની અંદર લેખિતમાં તેમના દાવા રજૂ કરવા જોઈએ, સાથે દસ્તાવેજો પણ રજૂ કરવા જોઈએ.

આમ કરવામાં નિષ્ફળતાને આવા કોઈપણ દાવાની માફી તરીકે ગણવામાં આવશે, અને અમારા ક્લાયન્ટના ભાગ પર કોઈ વધુ જવાબદારી વિના વ્યવહાર તે મુજબ આગળ વધશે.

Sd/-
Name: **S&K PARTNERS**
Address: 1610, 16th Floor, One Lodha Place, Senapati Bapat Marg, Lower Parel, Mumbai, Maharashtra-400013.
E-Mail I'd: **yogesh@skplaw.in**
Place: Mumbai Date:13/02/2025



BRIHANMUMBAI MAHANAGARPALIKA

**દેવનાર કતલખાનું**

વિભાગ: જનરલ મેનેજર, દેવનાર કતલખાનું

**"ઈ-ટેન્ડર નોટિસ"**

એમસીજીએમના મ્યુનિસિપલ કમિશનર નીચેના કામ માટે તા. ૧૭.૦૨.૨૦૨૫ ની પાકતી તારીખના પરત કરવા પાત્ર ટેન્ડર્સ મંગાવે છે.

| ક્ર. નં. | કામનું નામ | બિડ ક્ર. | બિડ પ્રારંભ તારીખ | બિડ અંતિમ તારીખ | ટેન્ડરની કિંમત | બાનાની રકમ ડિપોઝિટ (રૂપિયા) |
|---|---|---|---|---|---|---|
| ૧. | દેવનાર કતલખાના ખાતે AODA, AE(M) DA સેક્શનના ફર્નિચરની નવીનીકરણ અને ફેરબદલનું કામ. | ૨૦૨૫_MCGM_ ૧૧૪૮૭૬૫_૧ | ૧૧.૦૨.૨૦૨૫ | ૧૮.૦૨.૨૦૨૫ | રૂ. ૩૩૩૦/- +૧૮% જીએસટી | રૂ. ૩૬,૧૦૦/- |
| ૨. | દેવનાર કતલખાનાના વિવિધ વિભાગોને વાર્ષિક સામાન્ય જાળવણીના ઉપયોગ માટે વિવિધ સામગ્રી, સ્પેર્સ અને ટૂલ્સની સપ્લાય. | ૨૦૨૫_MCGM_ ૧૧૪૯૦૦૦_૧ | ૧૧.૦૨.૨૦૨૫ | ૧૮.૦૨.૨૦૨૫ | રૂ. ૧૩૨૦૦/- +૧૮% જીએસટી | રૂ. ૧,૨૫,૭૦૦/- |
| ૩. | દેવનાર કતલખાનામાં એફલુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટની સેકન્ડરી ક્લેરિફાયર સિસ્ટમ અને સંલગ્ન ફેબ્રિકેશન કામોનું ડિઝાઈનિંગ, જોગવાઈ, ઈન્સ્ટોલેશન, ટેસ્ટિંગ, કમિશનિંગનું કામ. | ૨૦૨૫_MCGM_ ૧૧૪૮૯૭૮_૧ | ૧૧.૦૨.૨૦૨૫ | ૧૮.૦૨.૨૦૨૫ | રૂ. ૬,૬૦૦/- +૧૮% જીએસટી | રૂ. ૫૧,૫૦૦/- |

રસ ધરાવતા લાયક કૉન્ટ્રેક્ટર્સ ઈ-ટેન્ડર અંગેની વધુ માહિતી એમસીજીએમની વેબસાઈટ https://portal.mcgm.gov.in/ માં (માટે પાર્ટનર્સ -->ટેન્ડર્સ - વ્યૂ -->સિલેક્ટ ડિપાર્ટમેન્ટ - દેવનાર કતલખાનું) અથવા જનરલ મેનેજરની ઓફિસ, દેવનાર કતલખાનું, ગોવંડી રેલવે સ્ટેશનની સામે, ગોવંડી, મુંબઈ-૪૩ ખાતેથી મેળવી શકશે.

સહી/-
જનરલ મેનેજર
દેવનાર કતલખાનું

PRO/2519/ADV./2024-25

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.



PUBLIC NOTICE | પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

(સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, K/પૂર્વ)

AE/SWM/૧૨૫૪૫/KE તા. ૧૨/૦૨/૨૦૨૫

**ટૂંકી ટેન્ડર નોટિસ**

| | |
|---|---|
| વિભાગ | આસીસ્ટન્ટ કમિશનર K/પૂર્વ વોર્ડ |
| પેટા-વિભાગ | આસીસ્ટન્ટ એન્જિનિયર (સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ) K/પૂર્વ વોર્ડ |
| ટેન્ડર દસ્તાવેજ નંબર | ઈ-ટેન્ડર નં.-૨૦૨૫_MCGM_૧૧૪૮૮૫૨_૧ |
| વિષય | H. બાળાસાહેબ ઠાકરે મ્યુનિસિપલ માર્કેટ, જોગેશ્વરી (પૂ) ખાતે સ્થિત સૂચિત K/નોર્થ વોર્ડના ૫માં માળ પર આનુષંગિક કામની જોગવાઈ. |
| ટેન્ડરની ઈશ્યૂ કરવાની અને વેચાણની તારીખ | ૧૨/૦૨/૨૦૨૫ના ૧૧.૦૦ કલાકથી |
| ટેન્ડરની સુપ્રતી માટે છેલ્લી તારીખ અને સમય | ૧૮/૦૨/૨૦૨૫ના ૧૬.૦૦ કલાક સુધી |
| વેબસાઈટ | https://mahatenders.gov.in |
| સંચાર માટેનું સરનામું | આસીસ્ટન્ટ એન્જિનિયર (SWM) K/પૂર્વની ઓફિસ, રૂમ નં.૧૦, ગ્રાઉન્ડ ફ્લોર, K/પૂર્વ વોર્ડ ઓફિસ, આઝાદ રોડ, ગુંદાવલી અંધેરી (પૂર્વ), મુંબઈ- ૪૦૦૦૬૯. |
| સંપર્ક વ્યક્તિ | શ્રી. જીતેન્દ્ર પાટીલ, આસીસ્ટન્ટ એન્જિનિયર (SWM) K/પૂર્વ શ્રી. વ્યંકટેશ અવલે, સબ એન્જિનિયર (SWM) K/પૂર્વ |
| ઈ-મેલ ID | ae01swm.ke@mcgm.gov.in |

સહી/-
આસી.એન્જિનિયર (SWM)K/પૂર્વ વોર્ડ

PRO/2526/ADV./2024-25

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.



**PUBLIC NOTICE**

Messers. M. M. Corporation, a partnership firm executed Agreement for Sale dated 24th November, 2012 in favor of Charu Mahendra Mehta **("Charu")** and Mahendra K. Mehta **("Mahendra")** and got the same registered on 27th November, 2012 bearing Document No.BDR15/12770/2012, who became owner of Flat No.301 admeasuring 484 sq.ft. carpet area on the 3rd Floor alongwith one car parking space in Building Known as Hemu Blossoms Co-operative Housing Society Limited **("Society")**, situated at Bajaj Road, Vile Parle West, Mumbai - 400 056 and standing on plot of land bearing CTS No.1040, 1040/1 to 10, 1041, 1041/1 to 9 of Village Vile Parle, F.P.No.105, 107 of TPS VI of Vile Parle, Taluka - Andheri in the Registration District and Sub District of Mumbai Suburban **("Flat")**.

Mahendra expired on 11th June, 2013.

The Society issued share certificate in the name of Charu and Mahendra on 7th July, 2019. On 5th March, 2020 Charu applied for transfer of share certificate in the name of Charu and on 18th October, 2022 the share certificate stood in the name of Charu.

Charu executed will dated 17th July, 2022 and expired on 9th October, 2022 at the said Flat. By filing Testamentary Petition No.946 of 2023 for Probate before the Hon'ble High Court, the Sole Executrix Darshana Amar Bhagat **("Darshana")** obtained Grant of Probate on 29th December, 2023.

Darshana executed Deed of Transfer dated 25th November, 2024 bearing Document No.BDR1-14557-2024 in favor of Gaurav Popatlal Gogri **("Gaurav")** on basis of Grant of Probate who was the sole beneficiary of the said Flat as per the WILL dated 17th July, 2022. Gaurav thereafter executed Agreement for sale dated 25th November, 2024 bearing Document No.BDR1-14558-2024 in favor of Manisha Kamlesh Mehta **("Manisha")** and Viraj Kamlesh Mehta **("Viraj")** who are presently the owners of the said Flat and member of the society.

In view of the above documents executed and copies of which was submitted to the society they transferred share certificate in the name of Darshana. The share certificate thereafter stands in the name of Gaurav and on 6th February, 2025 the share certificate stands in the name of Manisha and Viraj.

Notice is hereby given to all the concerned to lodge their claim if any by way of lien, mortgage, gift, attachment, encumbrances, any interest, title, hypothecation or surrender of rights in any manner on the said Property as mentioned above along with documentary evidence in support thereof within (14) Fourteen days in writing to the undersigned from the publication of this notice, failing which they shall be deemed to have given up such claim or claims if any.

**THE SCHEDULE OF THE PROPERTY**

Flat No.301 admeasuring 484 sq.ft. carpet area on the 3rd Floor alongwith one car parking space in Building Known as Hemu Blossoms Co-operative Housing Society Limited, situated at Bajaj Road, Vile Parle West, Mumbai - 400 056 and standing on plot of land bearing CTS No.1040, 1040/1 to 10, 1041, 1041/1 to 9 of Village Vile Parle, F.P.No.105, 107 of TPS VI of Vile Parle, Taluka - Andheri in the Registration District and Sub District of Mumbai Suburban.

**NUMBER OF SHARES**

Ten fully paid up shares of Rs. 50/- (Rupees Fifty Only) each bearing Distinctive Nos. from 51 to 60 (both inclusive), under the Share Certificate No.6 bearing Member Regn No.301 issued by the Society.

Sd/-
JASH B. VYAS
S.P.S Lawyer's Chambers, 24/B, Raja Bahadur Mansion, Ground Floor, 102, Ambalal Doshi Marg, Bombay stock exchange, Fort, Mumbai - 400001.
Place : Mumbai
Date :13/02/2025



BRIHANMUMBAI MAHANAGARPALIKA

હાઈડ્રોલિક એન્જિનિયરનો વિભાગ/O.C. ડિવિઝન

Dy. H.E./OPS/ ૬૮૭૦ તારીખ ૧૧/૨/૨૦૨૫

**ઈ-ટેન્ડર નોટીસ**

| | |
|---|---|
| વિભાગ | હાઈડ્રોલિક એન્જિનિયર |
| ડિવિઝન | Dy. H.E. (ઓપરેશન)/ O.C. ડિવિઝન |
| વિષય & બીડ નંબર | ૧) O.C. ડિવિઝનમાં મોડક સાગર ડેમના ૧૬૦ KVA D.G. સેટસનું ૨ નં. માટે વ્યાપક વાર્ષિક જાળવણી કોન્ટ્રાક્ટ. (બારડીની રકમ: રૂ. ૬,૫૪૦.૦૦) (ટેન્ડર નં. ૨૦૨૫_ MCGM_૧૧૪૮૨૨૭_૧) ૨) O.C. ડિવિઝનમાં A.E.W.W. કપૂરબાવડી હેઠળ કશેલી અને જાંબોલી સેક્શનમાં ઓન-લાઈન લીક સીલિંગ પદ્ધતિનો ઉપયોગ કરીને વિવિધ વોટર મેઈન્સના વિસ્તરણ સાંધાઓ દ્વારા ભારે લિકેજને રોકવું. (બારડીની રકમ: રૂ. ૪૪,૬૦૦.૦૦) (ટેન્ડર નં. ૨૦૨૫_ MCGM_૧૧૪૮૭૧૫_૧) |
| ઓનલાઈન ટેન્ડર વેચાણ | ૧૩.૨.૨૦૨૫, ૧૧.૦૦ ક.થી ૨૪.૦૨.૨૦૨૫, ૧૬.૦૦ ક. સુધી |
| પેકેટ A,B & પેકેટ Cની સુપ્રતિ (ઓનલાઈન) | ૨૪.૦૨.૨૦૨૫, ૧૬.૦૦ ક. સુધી |
| પેકેટ A ખૂલશે | ૨૮.૦૨.૨૦૨૫, ૧૩.૦૦ ક. પછી |
| પેકેટ B ખૂલશે | ૨૮.૦૨.૨૦૨૫, ૧૩.૦૫ ક. પછી |
| પેકેટ C ખૂલશે | ૦૭.૦૩.૨૦૨૫, ૧૧.૦૦ ક. પછી |
| વેબસાઈટ | http://mahatender.gov.in |
| A) સંપર્ક વ્યક્તિનું નામ | J.P. ખરાડે, એક્ઝિક્યૂટિવ એન્જિનિયર (ઓપરેશન્સ) ડી.એસ. ભાવરે, A.E. (મોડક સાગર) |
| B) ટેલિફોન | ૦૨૨-૨૫૪૨૧૦૯૪/ ૨૫૪૪૫૨૩૦ |
| C) મોબાઈલ નં. | ૯૧૬૭૨૦૩૭૨૭/ ૯૯૩૦૨૬૦૪૬૨ |
| D) ઈ-મેલ ID | ee01operations.he@mcgm.gov.in |

વિગતવાર ટેન્ડર નોટીસ મહાટેન્ડર પોર્ટલ http://mahatender.gov.in પર ઉપલબ્ધ છે.

**આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફરેબલ નથી.**

BMC કોઈપણ કારણ જણાવ્યા વિના ઉપરોક્ત વિષય માટે મળેલ કોઈપણ કે તમામ અરજી નકારવા કે કોઈપણ અરજી સ્વીકારવાના હક્કો અનામત રાખે છે.

સહી/-
(P.V. શેઠ)
Dy. H.E. (ઓપરેશન)

PRO/2513/ADV./2024-25

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.

# એકનાથ શિંદેનું સન્માન શરદ પવારે શું કામ કર્યું?: ઉદ્ધવ-સેના

## બધી વાતમાં રાજકારણ વચ્ચે ન લવાયઃ એનસીપી (એસપી)નો જવાબ



મુંબઈઃ શિવસેના (યુબીટી)એ બુધવારે પોતાના સહયોગી પક્ષ અને એનસીપી (એસપી)ના પ્રમુખ શરદ પવારે મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેનું દિલ્હીમાં એક કાર્યક્રમમાં સન્માન કર્યું એ બદલ સખત નારાજગી વ્યક્ત કરી હતી.

શિંદેએ જ અમિત શાહની મદદથી શિવસેનાને વિભાજિત કરી હતી અને તેમનું સન્માન કરવું એ ભાજપના નેતાનું સન્માન કરવા બરાબર હતું એમ શિવસેના (યુબીટી)ના પ્રવક્તા સંજય રાઉતે જણાવ્યું હતું.

મંગળવારે ૯૮મા અખિલ ભારતીય મરાઠી સાહિત્ય સંમેલનના પ્રસંગે પવારના હસ્તે અને કેન્દ્રીય પ્રધાન જ્યોતિરાદિત્ય સિંધિયાની હાજરીમાં મહાદજી શિંદે રાષ્ટ્ર ગૌરવ પુરસ્કારથી એકનાથ શિંદેને સન્માનિત કરવામાં આવ્યા હતા. આવતા અઠવાડિયે શરૂ થનારી સાહિત્યિક બેઠકની સ્વાગત સમિતિના પવાર અધ્યક્ષ છે.

રાઉતે કહ્યું હતું કે પવારે આ કાર્યક્રમમાં ભાગ લેવો જોઈતો ન હતો, કારણ કે શિંદેએ ૨૦૨૨ માં મહારાષ્ટ્રમાં શિવસેના-એનસીપી-કોંગ્રેસની ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની સરકાર (જુઓ પાનું ૪) ▶▶

## ઓપરેશન ટાઈગરે પહેલી વિકેટ ખેરવી

# વિધાનસભ્ય રાજન સાળવીએ ઉદ્ધવ-સેનાને કર્યા રામ-રામ



મુંબઈઃ મહારાષ્ટ્રના રાજકારણમાં 'ઓપરેશન લોટસ'થી લઈને 'ઓપરેશન ટાઈગર'ને કારણે પક્ષો નિરંતર ચર્ચામાં વચ્ચે આજે યુબીટી (ઉદ્ધવ ઠાકરે જૂથ)ના વિધાનસભ્યએ પક્ષમાંથી ઉપનેતાપદેથી રાજીનામું આપીને ઉદ્ધવ ઠાકરેને ઝટકો આપ્યો છે.

શિવસેના (યુબીટી) જૂથના વિધાનસભ્ય રાજન સાળવીએ પક્ષમાંથી રાજીનામું આપ્યું છે અને હવે તેઓ એકનાથ શિંદેની શિવસેનામાં સામેલ થવાના અહેવાલ છે. આવતીકાલે તેઓ શિંદે જૂથમાં જોડાઈ શકે છે. સાળવીના રાજીનામાને કારણે કોંકણમાંથી ફટકો પડી શકે છે, કારણ કે સાળવી કોંકણમાં લાંજા, રાજાપુર અને સાખરદા વિધાનસભા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું. જોકે, તેમના પ્રતિનિધિત્વને કારણે ઠાકરેની શિવસેનાનો મજબૂત ગઢ ગણાતો હતો. અહીંનો વિસ્તાર ખાસ કરીને રત્નાગિરીનો મોટો વિસ્તાર હતો, પણ હવે આ ગઢના પણ તૂટ્યો છે.

તાજેતરમાં એકનાથ શિંદે જૂથના નેતાએ દાવો કર્યો હતો કે ઉદ્ધવ ઠાકરે જૂથના નેતાઓ (જુઓ પાનું ૪) ▶▶

## એકનાથ શિંદેનો માસ્ટરસ્ટ્રોક

### ફડણવીસની નજીક જઈ રહેલા ઉદય સામંત સામે રાજન સાળવીનો ઉપયોગ કરશે



મુંબઈઃ ઉદય સામંતની દેવેન્દ્ર ફડણવીસ સાથેની વધતી નિકટતાને કારણે તેમને પ્રોત્સાહન આપવા માટે એકનાથ શિંદેએ રાજન સાળવીને સાથે લીધા હોવાનું ઠાકરે જૂથના નેતા વિનાયક રાઉતે જણાવ્યું હતું. તેમણે શિંદે જૂથ પર રાજન સાળવીનો ઉપયોગ કરવાનો પ્રયાસ કરવાનો પણ આરોપ લગાવ્યો. રાજાપુરના ભૂતપૂર્વ ધારાસભ્ય રાજન સાળવીએ ઠાકરે જૂથ છોડી દીધું છે અને હવે તેઓ શિંદે-સેનામાં જોડાશે.

પૂર્વ સાંસદ વિનાયક રાઉતે તેમની ટીકા કરતા કહ્યું કે, વિધાનસભામાં હાર બાદ, રાજન સાલ્વેએ ૧૦૦ સભાઓ કરી અને ભાજપમાં જોડાવાની જાહેરાત કરી. તેમણે કહ્યું કે દેવેન્દ્ર ફડણવીસ તેમને વિધાન (જુઓ પાનું ૪) ▶▶



કાંદિવલી મહાવીર નગરની ગણપતિ બાપ્પાની આ મૂર્તિનું વિસર્જન હજી નથી કરાયું

# 'અમારા બાપ્પાની મૂર્તિનું વિસર્જન તો દરિયામાં જ'

### અમુક માઘી ગણેશમંડળોએ જીદ પકડતા મામલો બીચક્યોઃ સરકાર કોર્ટમાં જવાનો વિચાર કરી રહી હોવાનો સંકેત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ માઘી ગણેશોત્સવ દરમ્યાન મંગળવારે મોટાભાગનાં મંડળોએ તેમના ગણપતિબાપ્પાની મૂર્તિઓનું વિસર્જન કરી નાંખ્યું હતું. કાંદિવલી અને બોરીવલીના અમુક મંડળોએ કૃત્રિમ વિસર્જન સ્થળોએ મૂર્તિના વિસર્જન નહીં કરતા કુદરતી વિસર્જન સ્થળે જ મૂર્તિના વિસર્જન કરવાનો આગ્રહ રાખ્યો હતો. વિસર્જન માટે ભક્તાએ નાચતા-ગાતા સરઘસ તો કાઢ્યું પણ પાલિકા અને પોલીસે કુદરતી વિસર્જન સ્થળે વિસર્જન કરવાની મંજૂરી નહી આપતા કાંદિવલીના બે અને (જુઓ પાનું ૪) ▶▶

# ડીજીજીઆઈની તપાસમાં ૧,૧૯૬ કરોડ રૂપિયાના જીએસટી કૌભાંડનો પર્દાફાશ

## ઈનપુટ ટેક્સ ક્રેડિટના ફ્રોડ વ્યવહારો શોધી કઢાયા

પુણેઃ ડિરક્ટોરેટ જનરલ ઓફ જીએસટી ઇન્ટેલિજન્સ (ડીજીજીઆઇ) દ્વારા બોગસ કંપનીઓના નેટવર્કનો પર્દાફાશ કરી ૧,૧૯૬ કરોડ રૂપિયાના ઇનપુટ ટેક્સ ક્રેડિટ (આઇટીસી)ના ફ્રોડ વ્યવહારો શોધી કાઢવામાં આવ્યા હતા. આ પ્રકરણે ખાનગી કંપનીના ડિરેક્ટરની ધરપકડ કરવામાં આવી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

ડીજીજીઆઇના પુણે યુનિટ દ્વારા પુણે, દિલ્હી, નોએડા અને મુઝફ્ફરનગરમાં અનેક સ્થળે સર્ચ હાથ ધરવામાં આવી હતી. તપાસમાં એવું સામે આવ્યું હતું કે આરોપીએ કાગળ પર કંપનીઓ ઊભી કરીને બોગસ ઇન્વોઇસીસ અને ઇ-વે બિલો ઊપજાવી આ કૌભાંડ આચર્યું હતું.

આ ઇ-વે બિલો સાથે સંકળાયેલી કોઇ આરએફઆઇડી હેરફેર નહોતી, જે માલોનો વાસ્તવિક પુરવઠો કરાયો નહોતો એ વાતને સમર્થન આપે છે. આ ફ્રોડ નેટવર્ક થકી ૧,૧૯૬ કરોડ રૂપિયાના બોગસ આઇટીસી મેળવવામાં અને (જુઓ પાનું ૪) ▶▶

## થાણેમાં જીએસટી ચોરીનું કરોડોનું રૅકેટ પકડાયુંઃ માસ્ટરમાઈન્ડની ધરપકડ

થાણેઃ થાણેમાં છેતરામણા ઇનપુટ ટેક્સ ક્રેડિટ (આઇટીસી)ના દાવા સાથે ૨૬.૯૨ કરોડ રૂપિયાના ગૂડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (જીએસટી) ચોરીના રૅકેટનો પર્દાફાશ કરીને તેના 'માસ્ટરમાઇન્ડ'ની ધરપકડ કરવામાં આવી હતી.

આરોપી કાપડિયા મહંમદ સુલતાને ૧૮ જેટલી બોગસ કંપનીઓ સ્થાપી હતી, જેનો ઉપયોગ નકલી ઇન્વોઇસીસ ઊપજાવવા અને માલો તથા સેવાઓનો વાસ્તવિક પુરવઠો કર્યા વિના આઇટીસીનો દાવો કરવા માટે કરવામાં આવ્યો હતો, એમ સીજીએસટીના જોઇન્ટ કમિશનર અમિતકુમાર સિંહે જણાવ્યું હતું.

મીરા રોડના રહેવાસી સુલતાનની સોમવારે ધરપકડ કરવામાં આવી હતી. તપાસમાં એવું જાણવા મળ્યું હતું કે તેણે વિવિધ લોકોને પૈસા આપીને તેમની અંગત માહિતી મેળવી હતી અને આધાર, પેન કાર્ડ તથા અન્ય કેવાયસી દસ્તાવેજોનો દુરુપયોગ કર્યો હતો.

દસ્તાવેજો થકી તેણે જીએસટી માટે બોગસ કંપનીઓ રજિસ્ટર કરાવવા, બેન્ક ખાતાં ખોલાવવા, પ્રોક્સી લેણદેણમાં સહભાગી ડમી કંપનીઓનું નેટવર્ક નિર્માણ કરવા માટે ઠગાઇથી ઉપયોગ કર્યો હતો. બાદમાં ઇનપુટ ટેક્સ ક્રેડિટ્સ અન્ય કંપનીઓને ઠગાઇથી પસાર કરાઇ હતી, જેનાથી સરકારી તિજોરીને મોટું નુકસાન થયું હતું, એમ તેમણે કહ્યું હતું. (પીટીઆઇ)■

# મુંબઈમાં જીબીએસથી થયું પહેલું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં ૫૩ વર્ષના દર્દીનું ગીઆન-બેરે સિન્ડ્રોમ (જીબીએસ)થી મૃત્યુ થયું છે. દુર્લભ ન્યુરોલોજિકલ ડિસઓર્ડરથી મુંબઈમાં આ પહેલું મૃત્યુ નોંધાયું છે. એ સાથે જ મહારાષ્ટ્રમાં જીબીએસથી અત્યાર સુધીનો મૃત્યુઆંક આઠ થઈ ગયો છે. આ અગાઉ મંગળવારે પુણેમાં ૩૭ વર્ષના ડ્રાઈવરનું જીબીએસને કારણે મૃત્યુ થયું હતું.

મુંબઈમાં ગયા શુક્રવારે જીબીએસનો પહેલો દર્દી નોંધાયો હતો, જેમાં ૬૭ વર્ષની મહિલામાં આ બીમારીનાં લક્ષણો જણાયા હતા. અંધેરીમાં રહેતી આ મહિલાને તાવ અને જુલાબ અને ત્યારબાદ લકવો થતા તેને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. આ દર્દી પર પાલિકાની (જુઓ પાનું ૪) ▶▶

April: 14 (Guaranteed) 21, 28
Azerbaijan 7D
BAKU | GABALA | SHAHDAG | SHEKI | SHAMAKHI
1,19,000/- p.p
(5% GST + 5% TCS extra)
5* Category with Breakfast
All meals (Jain / veg)
Airfare + Visa
ALL INCLUSIVE TOUR
SAARTHI HOLIDAYS
BHAVIK DOSHI bookings@saarthiholidays.com
+91 8425940611 www.saarthiholidays.com
+91 8850298079 New Wadala-Mumbai 400037

# બપોરે ગરમી, રાત્રે ઠંડીઃ મુંબઈના લોકો બબ્બે ઋતુથી પરેશાન

મુંબઈઃ છેલ્લા કેટલાક દિવસોથી મુંબઈના હવામાનમાં ભારે ઉતાર ચઢાવ જોવા મળી રહ્યા છે. લઘુત્તમ તાપમાનમાં અચાનક ઘટાડો થઈ જાય છે અને મહત્તમ તાપમાનમાં વધારો થઈ જાય છે, જેને કારણે મુંબઈગરાઓને રાત્રે ઠંડી અને બપોરે ગરમી જેવા હવામાન પરિવર્તનનો સામનો કરવો પડી રહ્યો છે.મુંબઈગરાઓ પણ મૂંઝવણમાં છે કે આવી ઋતુનો સામનો કેવી રીતે કરવો. દરમિયાન હવામાન વિભાગે એવી આગાહી કરી છે કે આગામી એક-બે દિવસ સુધી આ સ્થિતિ યથાવત રહેશે.

છેલ્લા કેટલાક દિવસોમાં મુંબઈમાં મહત્તમ તાપમાનમાં પણ વધારો થયો છે જે ફેબ્રુઆરીના સરેરાશ તાપમાન કરતા એક કે બે ડિગ્રી વધારે છે. સાન્તાક્રુઝ હવામાન સ્ટેશન પર મહત્તમ તાપમાન ૩૨.૮ ડિગ્રી અને લઘુતમ તાપમાનમાં ૧૮.૮ ડિગ્રી નોંધાયું હતું.

દિવસે ભલે કાળઝાળ ગરમી હોય, પરંતુ હજુ પણ રાત્રે અને વહેલી સવારે લોકો ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે આગામી એક-બે દિવસ સુધી મુંબઈમાં ઠંડી રહેશે. ઉત્તર તરફથી ઠંડા પવનો આવી રહ્યા હોવાથી મુંબઈગરાને ઠંડી અને ગરમી બંનેનો (જુઓ પાનું ૪) ▶▶

# ગેરકાયદે પત્ની, વફાદાર રખાત જેવા શબ્દો વાપરનાર બોમ્બે હાઈ કોર્ટને ઝાટકી સુપ્રીમ કોર્ટે

નવી દિલ્હીઃ મહિલાનું વર્ણન કરવા માટે ગેરકાયદે પત્ની અને વફાદાર રખાત જેવા શબ્દોનો ઉપયોગ કરનાર બોમ્બે હાઇ કોર્ટ પર સુપ્રીમ કોર્ટ ભડકી હતી અને કહ્યું હતું કે આ ટિપ્પણીઓ સ્ત્રીદ્વેષી છે અને મૂળભૂત અધિકારોનો ઉલ્લંઘન કરનારી છે.

જસ્ટિસ અભય એસ. ઓક, અહસાનુદ્દીન અમાનુલ્લાહ અને ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે બોમ્બે હાઇકોર્ટ દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી ''વાંધાજનક ભાષા'' ની નોંધ લઈને એવું અવલોકન કર્યું હતું કે, આવા શબ્દોનો ઉપયોગ બંધારણીય પોત અને આદર્શોની વિરુદ્ધ છે.

''દુર્ભાગ્યવશ, બોમ્બે હાઇકોર્ટ 'ગેરકાયદે પત્ની' જેવા શબ્દોનો ઉપયોગ કરવાની હદ (જુઓ પાનું ૪) ▶▶

# પીક અવર્સમાં દહિસર ટૉલ નાકા પર ભારે વાહનોને નો-ઍન્ટ્રી

મુંબઈઃ મુંબઈમાં ટ્રાફિકની સમસ્યા દિનપ્રતિદિન વધી રહી છે. પીક અવર્સ દરમ્યાન ભારે ટ્રાફિક જામ સર્જાય છે. આ સમસ્યા દૂર કરવાના પ્રયાસરૂપે સવારના પીક અવર્સ દરમિયાન દહિસર ટોલનાકા પરથી ભારે વાહનોને મુંબઈમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. મીરા ભાઈંદર-વસઈ વિરાર ટ્રાફિક પોલીસે મંગળવારે ટ્રક, ટ્રેલર, મલ્ટિ-એક્સલ વાહનો અને આંતર-રાજ્ય અને આંતર-જિલ્લા ખાનગી બસોને સવારે ૮:૦૦ થી ૧૧:૩૦ વચ્ચે પ્રવેશવા પર પ્રતિબંધ મૂક્યો હતો. આ પ્રતિબંધ મુંબઈ-અમદાવાદ હાઈવે અને થાણેથી આવતા વાહનોને લાગુ પડશે.

જૂન, ૨૦૨૨ માં પણ મુંબઈ ટ્રાફિક પોલીસે આ જ રીતે પીક અવર્સ દરમિયાન ભારે વાહનોને શહેરમાં ચલાવવા પર (જુઓ પાનું ૪) ▶▶


# પ્રતિબંધિત પ્લાસ્ટિકની વસ્તુઓની યાદીમાં પ્લાસ્ટિકના ફૂલ કેમ નથી સામેલ?: હાઈ કોર્ટનો કેન્દ્રને સવાલ

મુંબઈઃ કેન્દ્ર સરકાર દ્વારા પ્રતિબંધિત સિંગલ યુઝ પ્લાસ્ટિકની વસ્તુઓની યાદીમાં પ્લાસ્ટિકના ફૂલોનો સમાવેશ કેમ નથી કરવામાં આવ્યો એ જાણવાનો આગ્રહ બોમ્બે હાઈકોર્ટે બુધવારે વ્યક્ત કર્યો હતો. પ્લાસ્ટિકના ફૂલો રિસાઈકલ કરી શકાય છે અથવા એ બાયોડિગ્રેડેબલ હોવાનું કેન્દ્ર સરકાર માને છે એ જાણવાનો આગ્રહ મુખ્ય ન્યાયમૂર્તિ આલોક આરાધે અને ન્યાયમૂર્તિ ભારતી ડાંગરેની ખંડપીઠે રાખ્યો હતો.

ગ્રોવર્સ ફ્લાવર કાઉન્સિલ ઓફ ઇન્ડિયા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર હાઈકોર્ટ સુનાવણી કરી રહી હતી. આ અરજીમાં કેન્દ્રને પ્લાસ્ટિકના ફૂલના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાનો નિર્દેશ આપવાની માગ કરવામાં આવી હતી. કોર્ટે અરજદાર સંગઠનને બે અઠવાડિયામાં કેન્દ્રના વલણના જવાબમાં સોગંદનામું દાખલ કરવા નિર્દેશ આપ્યો હતો.

અરજીમાં દાવો કરવામાં આવ્યો છે કે સજાવટ માટે ઉપયોગમાં લેવાતા પ્લાસ્ટિકના ફૂલોની મહત્તમ જાડાઈ સામાન્ય રીતે ૩૦ માઇક્રોન હોય છે. કેન્દ્ર અને મહારાષ્ટ્ર બંને સરકારો દ્વારા બહાર પાડવામાં આવેલા વિવિધ નોટિફિકેશનમાં સિંગલ-યુઝ પ્લાસ્ટિકની વસ્તુઓના ઉત્પાદન, સંગ્રહ, વિતરણ અને વેચાણ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, જેમાં ૧૦૦ માઇક્રોનથી ઓછી જાડાઈ ધરાવતી વસ્તુઓનો સમાવેશ થાય છે એમ તેમાં જણાવાયું હતું.(પીટીઆઈ)■

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

Turkey
12 DAYS

ISTANBUL - ANKARA - CAPPADOCIA - ANTALYA - PAMUKKALE - KUSADASI
DEP DATES 02nd MAY | 08th MAY | 14th MAY | 20th MAY | 26th MAY | 07th JUN
PACKAGE INCLUSIONS
• Hot Air Balloon Ride, Quad Biking,Jeep Safari, Turkish Night Show, Bosphorus Cruise નો અદભુત અનુભવ.
• Luxurious Hotels • ઈકોનોમી ક્લાસ એરફેર.
• આપણા પોતાના જ રાજસ્થાની મહારાજ - શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
• ગુજરાતી, હિન્દી અને ઈંગલિશ જાણતા ટૂર મેનેજર ની સેવા.
• વીઝા અને એન્ટ્રન્સ ફી સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.
SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.